પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

દિવાળી વિશેષાંક
પેજ નં. 15થી 20 અને 23, 24

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 25 OCTOBER, 2024 Vol. 22, No. 44 Pages 36 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# ટ્રુડો મુશ્કેલીમાં : પાર્ટીના 20 સાંસદોની રાજીનામાની માંગ

## સાંસદોએ ટ્રુડોને ચોથી ટર્મ માટે ચૂંટણી નહીં લડવાની પણ સલાહ આપી, યોગ્ય નિર્ણય માટે 28મી સુધીની ડેડલાઇન

**ટોરોન્ટો**

ભારત સાથે ચાલી રહેલા રાજદ્વારી તણાવ વચ્ચે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની મુશ્કેલી ફરી વધી છે. બુધવારે તેમના જ પક્ષના 20 સાંસદોએ તેમને ચોથી ટર્મ માટે ચૂંટણી ન લડવા અને વડા પ્રધાન પદ પરથી રાજીનામું આપવા સૂચન કહ્યું હતુ. એટલું જ નહીં, લિબરલ પાર્ટીના સાંસદોએ ટ્રુડોને આ અંગે નિર્ણય લેવા માટે 28 ઓક્ટોબરની ડેડલાઈન આપી હતી. કેટલાક સાંસદોએ તો એમ પણ કહ્યું હતુ કે, જો ટ્રુડો આ ડેડલાઈન સુધીમાં રાજીનામું નહીં આપે તો તેમને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

બંધ બારણે યોજાયેલી બેઠકમાં અસંતુષ્ટ સાંસદોએ વડાપ્રધાન ટ્રુડો સમક્ષ તેમની ફરિયાદો રજૂ કરી હતી. જે પક્ષમાં વધતો અસંતોષ દર્શાવે છે. આ બેઠક હાઉસ ઓફ કોમન્સ સત્ર દરમિયાન યોજાતી સાપ્તાહિક કોકસ બેઠકનો એક ભાગ હતી. બુધવારની બેઠક એ સાંસદો માટે તેમની ચિંતાઓ અને હતાશાઓ સીધી પીએમ ટ્રુડો સમક્ષ વ્યક્ત કરવા માટેનું પ્લેટફોર્મ હતું. આ સાંસદોએ એક પત્ર દ્વારા ટ્રુડોને ચૂંટણી પહેલા રાજીનામું આપવાની માંગ કરી છે. આ પત્ર લિબરલ પાર્ટીની બેઠકમાં વાંચવામાં આવ્યો હતો, બેઠકમાં ત્રણ કલાક સુધી ચર્ચા ચાલી હતી. સાંસદોએ ટ્રુડોને આગામી ચૂંટણી



ન લડવા અને નવા નેતૃત્વ સાથે પાર્ટીને મેદાનમાં ઉતારવા વિનંતી કરી હતી.  મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેનેડા લિબરલ પાર્ટીના સાંસદ કેન મેકડોનાલ્ડ, જે 20 સાંસદોમાંના એક છે, તેમણે કહ્યું કે, 'ટ્રુડોએ લોકોની વાત સાંભળવી જોઈએ. તેમજ પાર્ટીની ઘટી રહેલી લોકપ્રિયતાને જોતા હું પણ આગામી ચૂંટણી લડવાનો નથી. ટ્રુડો છેલ્લાં ઘણા મહિનાઓથી ભારત વિરુદ્ધના નિવેદનોને કારણે વિવાદમાં ફસાઈ રહ્યા છે. તેઓ ભારતના રાજદ્વારીઓને ટાર્ગેટ કરી રહ્યા છે. જોકે હવે ટ્રુડો પોતાના ઘરમાં જ મુશ્કેલીમાં મુકાયા છે. તેમના જ પક્ષના અનેક સાંસદોએ ટ્રુડો સામે બળવો પોકાર્યો છે. તેમની જ પાર્ટીના સાંસદો તેમને પીએમ પદ પરથી હટાવવાની માંગ કરી રહ્યા છે. આ સાંસદોનો આરોપ છે કે જો ટ્રુડોના નામે ચૂંટણી લડવામાં આવશે તો તેઓ પાર્ટીને નુકસાન થશે.

છેલ્લાં પાંચેક મહિલાનામાં કેનેડામાં જસ્ટિન ટ્રુડો અને તેમની લિબરલ પાર્ટીની લોકપ્રિયતામાં ઘટાડો થઈ રહ્યાના અહેવાલો મીડિયામાં પ્રસારીત થઈ રહ્યા છે. જેના કારણે તેમના પર વડા પ્રધાન પદ છોડવાનું દબાણ વધી રહ્યું છે.

# ફિલિપાઈન્સમાં ટ્રામી વાવાઝોડાનો કહેર 26 મોત, 1.50 લાખ લોકોનું સ્થળાંતર

## પૂર-ભૂસ્ખલનને પગલે દોઢ લાખ લોકો પર મુસીબત

**મનિલા**

ફિલિપાઈન્સમાં ટ્રામી વાવાઝોડું ત્રાટકતા ભારે વિનાશ થયો છે. તોફાનના કારણે ઓછામાં ઓછા 26 લોકોના મોત અને દોઢ લાખ લોકોએ પોતાનું ઘર છોડવાની નોબત આવી છે. વાવાઝોડાના કારણે મુશળધાર વરસાદ પડ્યો છે, જેના કારણે પૂર અને ભૂસ્ખલનની અનેક ઘટનાઓ બની છે. પૂરના કારણે રસ્તાઓ પર કારો વહી છે, તો બીજી તરફ સરકારે તમામ શાળાઓ અને કૉલેજો બંધ કરવાની જાહેરાત કરી છે. પૂર્વોત્તર પ્રાંતમાં વાવાઝોડું ટ્રામી લેન્ડફોલ થયા બાદ ફિલિપાઈન્સમાં ભારે જાનહાની સર્જાઈ છે.



લાખો લોકોને બચાવવા માટે આજે બીજા દિવસે પણ પૂરજોશમાં અભિયાન ચાલી રહ્યું છે. ઘરની છત પર ભરાયેલા અનેક લોકોને બચાવવા માટે બોટનો સહારો લેવામાં આવ્યો છે. પૂર અને ભૂસ્ખલનની સૌથી વધુ અસર બિકોલ વિસ્તારમાં થઈ છે. અહીં અનેક સ્થળો જળમગ્ન થયા છે. મળતા અહેવાલો મુજબ અનેક સ્થળે પાણી ભરાવાથી અને તેમાં ડૂબી જવાના કારણે મોટાભાગના લોકોના મોત થયા છે. જે વિસ્તારોમાં સૌથી વધુ પાણી ભરાયા છે, ત્યાં 1500 પોલીસ કર્મચારીઓ પૂરજોશમાં રાહત અને બચાવની કામગીરી કરી રહ્યા છે. પ્રાદેશિક પોલીસ વડા બ્રિગેડિયર આન્દ્રે ડિઝોને કહ્યું કે, 'ફસાયેલા લોકોની સંખ્યા વધુ છે, તેથી એક વખતમાં તમામને બચાવી લેવા અસંભવ છે. અમને વધારાની બોટની જરૂર છે. પ્રભાવિત લોકોને તાત્કાલિક બહાર કાઢવા મુશ્કેલ છે. અમે અસરગ્રસ્ત લોકો સુધી ભોજન અને પાણી કેવી રીતે પહોંચાડવું, તે અંગે વિચાર કરી રહ્યા છીએ.' અધિકારીઓએ કહ્યું કે, હજુ પણ હવામાનની સ્થિતિ અત્યંત ખરાબ છે અને તેના કારણે રાહત અને બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યો છે.

























# વણિક સમાજ ઓફ ટોરન્ટો દ્વારા શરદ પુર્ણિમા નિમિત્તે રાસ-ગરબાની ધૂમ






## બેસ્ટ ગરબા પરફોર્મન્સમાં સીનિયર સિટીઝનને પણ ઇનામ અપાયા

વણિક સમાજ ઓફ ટોરન્ટો દ્વારા શરદ પુર્ણિમા નિમિત્તે રાસ-ગરબાનુ આયોજનને તેની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. આ અવસરે મધુર યાત્રી એન્ડ કોરસ ગ્રુપ દ્વારા ગરબા-રાસની રમઝટ બોલાવાતા ત્યાં હાજર સૌ ઝૂમી ઉઠ્યા હતા.

વીએસટી પ્રમુખ રાજેશ શાહ તથા તેઓની ટીમ, વાઈસ પ્રેસિડન્ટ કૃષ્ણકાંત શાહ, સેક્રેટરી સંજય શાહ, ટ્રેજરર કૃષાંગ રેવર તથા કમિટી મેમ્બર્સે ખુબ જ સુંદર રીતે કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. હિરલ ગાંધીએ માસ્તર ઓફ સેરેમની તરીકે સેવા આપી સફળ મંચ સંચાલન કર્યુ હતુ. સ્પોન્સર્સ ગ્વાલિયા સ્વીટ્સ એન્ડ રેસ્ટોરન્ટ, ઈશ્વર જવેલર્સ તથા સંસ્થાના અન્ય સભ્યોએ વિવિધ ગીફ્ટની જાહેરાત કરી હતી. આ વખતે પણ બે (2) શ્રેણીમાં ઈનામો રાખવામા આવ્યા હતા. બેસ્ટ ગરબા પરફોર્મન્સમાં સીનિયર સિટીઝનને પણ ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત લગભગ 10 જેટલા રાફેલ ડ્રો કરવામાં આવ્યા હતા. માસ્ટર આરવ ગાંધીએ લકી ટીકીટ ખેંચીને પ્રેસિડન્ટ રાજેશ શાહને સહયોગ આપ્યો હતો. ત્રણ જજ હેમાની શાહ, વૈશાલી પટેલ, લીલાબેન પટેલે નિસ્વાર્થભાવે સેવા આપી હોય, તેઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. સામાજીક કાર્યકર એવા ડોન પટેલ તથા પ્રજ્ઞેશ પટેલે હાજરી આપી હતી. રાજેશ શાહ તથા કૃષ્ણકાંત શાહનું સ્વાગત કર્યું હતુ. કાર્યક્રમ દરમિયાન આવનારા દિવાળી ગાલા ડિનર કે જે 24મી નવેમ્બરે શ્રીનગેરી બેંકવેટ હોલમાં યોજાનાર હોય, તેની જાહેરાત પણ કરવામા આવી હતી.

# ઑન્ટેરિયોની મદદ વિના ક્યૂબેકમાં સમયપત્રકમાં ફેરફાર કરવાની હિલચાલ

**ક્યૂબેક**

યુબેક સમય પરિવર્તન સાથે શું કરવું તે અંગે વિચારણા કરી રહ્યું છે. ન્યાયપ્રધાન સિમોન જોલિન-બેરેટે કહ્યું હતુ કે, લોકો ઘડિયાળોના બે-વાર્ષિક બદલાવને નાબૂદ કરવાની સંભાવના પર તેમના મંતવ્યો આપી શકે છે. અમે ક્યૂબેકમાં સમય પરિવર્તનના પ્રશ્ન પર તમારા અભિપ્રાયો જાણવા માંગીએ છીએ, જોલિન-બેરેટના જણાવ્યા મુજબ પ્રાંતને એ સાંભળવાની પણ આશા છે કે, જીવનના તમામ ક્ષેત્રના ક્યૂબેકર્સ હાલમાં બે વાર વાર્ષિક ધાર્મિક વિધિ સાથે કેવી રીતે વ્યવહાર કરે છે. મોટાભાગના કેનેડિયન પ્રાંતો મોસમી પરિવર્તનનું પાલન કરે છે, પરંતુ યુકોન અને મોટા ભાગના સાસ્કાચેવન તેમની ઘડિયાળો આખું વર્ષ એક જ રાખે છે. ક્યૂબેકના પ્રીમિયર ફ્રાન્કોઈસ લેગૉલ્ટે અગાઉ સૂચવ્યું હતું કે, તેઓ તેને રદ કરવાના વિચારનો વિરોધ કરતા નથી, પરંતુ તે પ્રાથમિકતા નથી. દરમિયાન ઓન્ટેરિયોના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો પડોશી ન્યુ યોર્ક અને ક્યૂબેક કરશે તો તેઓ ડેલાઈટ સેવિંગ ટાઈમ (ડ્ઢજી) ઉપર આગળ વધશે. જાહેર પરામર્શ મંગળવારથી ડિસેમ્બર સુધી ઑનલાઈન યોજવામાં આવશે. તેમાં ટૂંકી પ્રશ્નાવલીનો સમાવેશ થાય છે. નાગરિકો વિષય પર સંક્ષિપ્ત માહિતી પણ સબમિટ કરી શકે છે.















# ટ્રુડો સામે મોરચો માંડનારા પર ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે વરસ્યા

## જસ્ટિન ટ્રુડોને PM પદેથી દૂર કરવાના પ્રયાસોને કચરો ગણાવ્યા, પોતાની જાતને ઓળખવા અસંતુષ્ટોને સલાહ

**ટોરોન્ટો**

ઈમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે અસંતુષ્ટ લિબરલ સાંસદો દ્વારા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને હાંકી કાઢવાના પ્રયાસોને કચરો ગણાવ્યા હતા. મિલરે કેબિનેટની બેઠક પહેલા પત્રકારોને જણાવ્યું હતું કે, *આ કચરા પર ખર્ચવામાં આવેલી કોઈપણ મિનિટની ચર્ચા થવી જોઈએ નહીં. પિયર પોઈલીવરે દેશ માટે શું કરવા માંગે છે તે સૌએ જાણવું જોઈએ। અને મને લાગે છે કે તે ખૂબ જ જોખમી છે. મિલર કે જેઓ ટ્રુડોના નજીકના અંગત મિત્ર છે, તેમણે એમ પણ કહ્યું હતું કે કોકસ વિદ્રોહની યોજના બનાવી રહેલા સાંસદોએ પડછાયામાંથી બહાર આવવું જોઈએ અને વડા પ્રધાનને રૂબરૂમાં મળવું જોઈએ. મને લાગે છે કે તેઓએ પોતાની જાતને તેના ચહેરા પર વ્યક્ત કરવી પડશે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય મતદાન સૂચવે છે કે લિબરલ પાર્ટી આગામી ચૂંટણીમાં હાર તરફ આગળ વધી રહી છે, કેટલાક લિબરલ સાંસદાએ ટ્રુડો સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. નવ વર્ષ સરકારમાં રહ્યા બાદ ટ્રુડોની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. સીબીસી પોલ ટ્રેકર બતાવે છે કે કન્ઝર્વેટિવ્સ શાસન કરનારા લિબરલ્સ ઉપર ૧૯-પોઈન્ટની લીડ ધરાવે છે. એક માર્જિન જે સૂચવે છે કે ડઝનેક લિબરલ સાંસદો આગામી મતદાન પછી નોકરીમાંથી બહાર થઈ શકે છે. ચૂંટણીમાં વિસ્ફેટની સંભાવનાએ કેટલાક લિબરલ સાંસદોએ ટ્રુડોને હાંકી કાઢવાના આ પ્રયાસનું આયોજન કર્યું છે. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ૨૦થી વધુ સાંસદો ગુપ્ત રીતે મળ્યા હતા અને ટ્રુડોને પાર્ટીના નેતૃત્વમાંથી બહાર કરવાની ફરજ પાડવા માટે પોતાને પ્રતિબદ્ધ કરતા દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા.

# મારખામમાં ડ્રાઈવ વેમાં એક શખ્સની ગોળી મારી હત્યા, શકમંદોની શોધખોળ

### સફેદ કલરની એસયુવી કાર વિસ્તારમાં બેફામ ઝડપે દોડી રહ્યાના પુરાવા મળ્યા

યોર્ક : મારખામમાં એક શખ્સની ગોળી મારીને હત્યાની ઘટના બાદ યોર્ક પોલીસે શનિવારે સાંજે સ્થળ આસપાસમાં ખાસ તપાસ આદરી શંકાસ્પદોની શોધખોળ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ઘટના સમયે એક કાર વિસ્તારમાંથી બેફામ ઝડપે પસાર થઈ રહ્યાના પુરાવા મળ્યા હતા.

મળતી વિગતો મુજબ 14મી એવન્યુ અને મેકકોવાન રોડની નજીક સાંજે 6:30 વાગ્યાની આસપાસથી પોલીસને એક કોલ આવ્યો હતો. જેમાં સ્થાનિક નાગરિકે ગોળીબારની ઘટના અંગે જાણકારી આપી હતી. જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે તેમને એક માણસ મળ્યો, જેને અનેક ગોળી વાગી હતી. તપાસ કર્યા બાદ તે શખ્સને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે પીડિતની ઓળખ મરખામના 44 વર્ષીય પાર્થિપન પંચાલિંગમ્ તરીકે કરી હતી. ભોગ બનનાર પોલીસને ઓળખતો હોવાનું પોલીસ કોન્સ. લિસા મોસ્કલુકે જણાવ્યું છે. પોલીસનું કહેવું છે કે, ગોળીબારને લક્ષિત માનવામાં આવે છે અને હોમિસાઈડ યુનિટ તપાસ કરી રહ્યું છે. તપાસકર્તાઓ ઓછામાં ઓછા એક શંકાસ્પદ વ્યક્તિને શોધી રહ્યા છે જે તે સમયે તેણે ડાર્ક કપડાં પહેરેલા હતા અને એ વિસ્તારમાં જોવા મળ્યો હતો. મોસ્કલુકે જણાવ્યું હતું કે, ઘટના સમયે એક સફેદ એસયુવી પણ આ વિસ્તારમાંથી ભાગતી જોવા મળી હતી.

# ગુજરાતી સિનિયર્સ ક્લબ ઓફ બ્રામ્પ્ટનનો કાર્યક્રમ ભજનો, ગીતો સાથે ડાંડિયા રાસની રમઝટ જામી

### સભ્યોની બર્થ ડે તથા વેડિંગ એનિવર્સરીની ઉજવણી, ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રદ્ધાંજલી અપાઈ

**બ્રામ્પ્ટન**

બ્રામ્પટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો ઓકટોબર ૨૦૨૪ માસનો પ્રોગ્રામ ગત ૧૩મી તારીખ રવિવારના રોજ યોજાયો હતો. આદ્યશક્તિ મા અંબાની આરતીથી મિટિંગની શરૂઆત થયા બાદ સૌએ પ્રાર્થના કરી હતી.



હસમુખભાઈ પટેલે કલબના સભ્યોને જરૂરી સૂચનો કર્યા બાદ ભોજનના મનોરથી ઉષાબેન, ભાનુબેન, લક્ષ્મીબેન તથા જમનાબેનનો આભાર માન્યો હતો. જશભાઈ પટેલે બાળકી અને માતાના વચ્ચે સફરજનની વાત કરીને કોઈ પણ વિશે નિર્ણય આપતાં પહેલા વિચાર કરવો તેનો બોધ સમજાવ્યો હતો. આ સાથે સ્વ. રતન ટાટાનાં જીવનનાં પ્રસંગો પણ વર્ણવ્યા હતા. અશ્વિનભાઈ પાઠકે "આ અબ લૌટ ચલે" સુંદર ગીત ગાઈને સભ્યોને આનંદિત કર્યા હતા. જેલીબેને ધન્ય એકાદશી ભજન ગાઈને સૌને ભક્તિમય બનાવી દીધા હતા. કુસુમબેન પટેલે તેમના વક્તવ્ય પહેલા સ્વર્ગસ્થ રતન ટાટા માટે બે મિનીટ મૌન રાખવામાં આવ્યું હતુ. પદમાબેન કંસારાએ ગાંધી જયંતીની યાદમાં "સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ" ગીત ગાઈને સૌને દેશભક્તિમાં તરબોળ કરી દીધા હતા. ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે જણાવ્યું હતું કે, દાનવીર કર્ણનાં અગ્નિસંસ્કાર સુરતની કુવારી ધરતી અશ્વિનીકુમારના મંદિર પાસે તાપી નદીના કિનારે થયા હતા, અને સુરતની જાહોજલાલીનો ઈતિહાસ જણાવ્યો હતો. સજ્જનસિંહ પરમારે સભ્યોની બર્થ ડે તથા વેડિંગ એનિવર્સરીની ઉજવણી કરાવી ડોનેશનની જાહેરાત કરી હતી. ઈશ્વરભાઈ પટેલે અને કલબની બહેનોએ બે તાલી, ત્રણ તાલીના ગરબા તથા ડાંડીયા રાસ રમીને આનંદ માણ્યો હતો.

# એજેક્સ ખાતે પમ્પકિનવિલેની ઉજવણીમાં રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશને ભાગ લીધો

### લોકોને રાજયોગના નિયમિત અભ્યાસ દ્વારા થતા ફાયદાઓ વિષે સમજ અપાઈ



મેળામાં સ્ટેજ શો, બાળકો માટે રમત, ઘોડા અને વેગન સવારી, ઈન્ટરેક્ટિવ અનુભવોની રજૂઆત સહિતની પ્રવૃત્તિઓ યોજાઈ

**એજેક્સ**

ટાઉન ઓફ એજેક્સ અને ટીડી બેન્ક ગ્રુપ દ્વારા ૧૯મી ઓક્ટોબરે નયનરમ્ય ગ્રીનવુડ કન્ઝર્વેશન એરિયા (૨૨૯૦, ગ્રીનવુડ રોડ, એજેક્સ) ખાતે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધી પમ્પકિનવિલે આયોજિત કરવામાં આવ્યો હતો. આ મેળામાં લાઈવ સ્ટેજ, બાળકોની રમતો અને પ્રવૃત્તિઓ, ઘોડા અને વેગન સવારી, ઈન્ટરેક્ટિવ અનુભવો, સમુદાયના પ્રદર્શનો અને પ્રદર્શકો, સંવેદનાત્મક ક્ષેત્ર અને કુખ્યાત ભૂતિયા ઘર સહિત સમગ્ર પરિવાર માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતુ.

કોમ્યુનિટી ડિસ્પ્લે અને એક્ઝિબિટર બૂથ પર ટ્રિક-ઓર-ટ્રીટ અને પમ્પકિન પેચ ઉપર મફત કોળું ઉપાડવાની તક હતી. બાળકોને વિવિધ પોશાક પહેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ લોકમેળામાં ટાઉન ઓફ એજેક્સ દ્વારા વિવિધ ત્રણ સ્થળોથી કોઈપણ પ્રકારના ખર્ચ વગર શટલ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ મેળામાં આશરે ૧૮,૦૦૦ વ્યક્તિઓએ અને ૬૪ સમુદાય જૂથ, વ્યવસાયકર, વિક્રેતાઓએ ભાગ લીધો હતો, જેમાં રાજયોગ મેડિએશન ફાઉન્ડેશને બ્રહ્માકુમારીઝના સહયોગથી ચિત્રમાં દર્શાવ્યા મુજબ એક સમુદાય જૂથ તરીકે સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

રાજયોગ મેડિટેશન એક સૌમ્ય અને પ્રાચીન કર્મયોગની કળા છે કે જે આપણી શક્તિ (આત્મા) નું જોડાણ સર્વોચ્ચ શક્તિ (પરમાત્મા) સાથે કરીને આપણા વિચારો અને કર્મને શક્તિશાળી બનાવે છે. રાજયોગના અભ્યાસથી આપણું મન શાંત બને છે, આપણી એકાગ્રતા વધે છે, આપણો આત્મવિશ્વાસ વધે છે અને આપણું જીવન સુખી તેમ જ આનંદિત બને છે.

લોકોને રાજયોગના નિયમિત અભ્યાસ દ્વારા થતા ફાયદાઓ વિષે ભાઈબહેનોએ ચિત્રો, ફલાયર, પેમ્ફલેટ સાથે પોતાના અનુભવ દ્વારા સમજ આપી હતી. બાળકો માટે ટ્રીક-ઓર-ટ્રીટ પણ આયોજકો દ્વારા દરેક બૂથ ઉપર રાખવામાં આવી હતી. મેળાના અંતે ટાઉન ઓફ એજેક્સ દ્વારા રાજયોગ મેડિટેશનને વિના મુલ્યે બૂથની ફાળવણી કરવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.



તંત્રી સ્થાનેથી

# ભાજપને ઝારખંડમાં જીતની આશા મહારાષ્ટ્રમાં સંઘર્ષ કરવાની નોબત



તંત્રી - સ્વદેશ

મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે અને ઝારખંડનો કાર્યકાળ ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પૂરો થાય છે. આ સંજોગોમાં ઝારખંડમાં ચૂંટણી પંચ પાસે બે મહિના જેટલો સમય છે. પણ મહારાષ્ટ્રમાં રાહ જોઈ શકાય તેમ નથી. એટલે ચૂંટણી પંચે મંગળવારે આ બંને રાજ્યોમાં ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી દીધી. આ સાથે ચૂંટણી પંચે ૧૪ રાજ્યોની ૪૮ વિધાનસભા અને ૩ લોકસભા સીટો માટે પેટાચૂંટણીની તારીખોની પણ જાહેરાત કરી છે. આ જાહેરાત પ્રમાણે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે. જ્યારે ઝારખંડમાં બે તબક્કામાં ૧૩ અને ૨૦ નવેમ્બરે મતદાન થશે.

રાજકીય રીતે મહારાષ્ટ્ર અને ઝારખંડ એ બંનેમાં વિધાનસભા ચૂંટણી અત્યંત મહત્ત્વની અને ભાજપ તથા કૉંગ્રેસ માટે નિર્ણાયક છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધીનો પાંચ વર્ષનો કાળ મહારાષ્ટ્રના રાજકારણમાં અણધારી અને અનેક ઘટનાક્રમ સાથે પસાર થયો છે. 2024માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં કુલ ૪૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો ભાજપની મહાયુતિ અને ૩૦ બેઠકો મહાવિકાસ અઘાડીએ જીતી હતી. આ પહેલાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં આ જ પ્રદેશમાં ભાજપની મહાયુતિને 41 બેઠકો મળી હતી. પરંતુ આ વખતે તેને ભારે પછડાટ ખાવી પડી. જ્યારે 2024માં મહાવિકાસ અઘાડીએ જોરદાર પ્રદર્શન કર્યું અને ૩૦ સીટો જીતી હતી. હવે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. લોકમત ઉદ્ધવ ઠાકરે તેમજ શરદ પવારના પક્ષમાં વર્તાય રહ્યો છે. 288 પૈકી માટે કોંગ્રેસ, શિવસેના તથા એનસીપી વચ્ચે દરેક 85 બેઠક પર ચૂંટણી લડે તેવી સમજૂતિ થઈ ચૂકી છે. જો કે, અન્ય 15 બેઠકો પર વિવાદ ચાલી રહ્યો છે પરંતુ તેનો પણ ટૂંક સમયમાં જ નિવેડો આવી જશે. અહીં મહાવિકાસ અઘાડીએ લોકસભાની ફોર્મ્યુલા મુજબ 18 બેઠકો સપા, આપ સહિતના પક્ષો માટે છોડવામાં આવી છે. મહાવિકાસ અઘાડીની આ રણનીતિથી ભાજપને હવે સત્તા ટકાવી રાખવા નવનેજા પાણી ઉતરે તેમ છે. શિવસેના શિંદે જૂથના ૪૦ ધારાસભ્યો છે. ભાજપના ૧૦૩ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના અજિત પવાર જૂથ પાસે ૪૦ ધારાસભ્યો છે. બીજી તરફ મહાવિકાસ અઘાડીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવાર જૂથ પાસે ૧૩, શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ પાસે ૧૫ અને કોંગ્રેસ પાસે ૪૩ ધારાસભ્યો છે. એટલે ભાજપ સાથે જોડાયેલા પક્ષો કે સભ્યો અન્ય પાર્ટીમાંથી આવ્યા છે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી શિવસેના અને ભાજપના ગઠબંધન દ્વારા સંયુક્ત રીતે લડવામાં આવી હતી. બીજી તરફ કોંગ્રેસ અને એનસીપી ગઠબંધન હતુ. ભાજપ અને શિવસેનાના ગઠબંધનને બહુમતી મળી હતી, પરંતુ ઉદ્ધવ ઠાકરેના મુખ્ય મંત્રી પદને લઈને આગ્રહને કારણે ગઠબંધન તૂટી ગયું હતું. આ પછી મહારાષ્ટ્રમાં થોડા દિવસો સુધી રાજકીય પ્રયોગો શરૂ થયા. જેમાંથી એક દિવસ ૨૩ નવેમ્બર ૨૦૧૯ છે. તે દિવસે સવારે ભાજપે અજિત પવાર સાથે મળીને સરકાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર ૨૩ નવેમ્બર ૨૦૧૯ની સવારે રાજભવન પહોંચ્યા. તેઓએ અનુક્રમે મુખ્ય મંત્રી અને નાયબ મુખ્ય મંત્રી તરીકે શપથ લીધા. જો કે, પછીના થોડા કલાકોમાં સ્પષ્ટ થઈ ગયું કે, તે પ્રયોગ નિષ્ફળ ગયો હતો, કારણ કે એનસીપી પ્રમુખ શરદ પવાર અને પક્ષના ધારાસભ્યોએ પાછળથી સ્પષ્ટતા કરી હતી કે તેઓ ભાજપ સાથે નહીં જોડાય. આ પછી શિવસેના, કોંગ્રેસ અને એનસીપીએ સાથે મળીને મહાવિકાસ અઘાડીની રચના કરી. આ પક્ષોએ કોમન મિનિમમ પ્રોગ્રામ બનાવ્યો હતો. ૨૮ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ પછી લગભગ અઢી વર્ષ સુધી રાજ્યમાં મહાવિકાસ અઘાડીની સરકાર રહી.

૨૦ જૂન, ૨૦૨૨ના રોજ મહાવિકાસ અઘાડીમાં શહેરી વિકાસ મંત્રી રહેલા એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો અને શિવસેનાના ૪૦ ધારાસભ્યો તથા લગભગ ૧૦ અપક્ષ ધારાસભ્યોએ તેને સમર્થન આપ્યું તેથી ઠાકરેએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી બે મુખ્ય વિચારધારાઓ અથવા ગઠબંધન વચ્ચે મતદાન થતું રહ્યું છે. આમાં જ્ઞાતિનું ગણિત હંમેશા મહત્ત્વનું રહેતું હતું.

એક વિચારધારા ભાજપ-શિવસેનાની હિન્દુત્વવાદી રહી છે તો બીજી વિચારધારા કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસની બિનસાંપ્રદાયિક રહી છે. અત્યાર સુધીની ચૂંટણી બિનસાંપ્રદાયિકતા અને જમણેરી વિચારધારા વચ્ચે થતી હતી, પરંતુ હવે આ લડાઈ ભાજપના સમર્થકો અને તેના વિરોધી પક્ષો વચ્ચેની છે. અત્યાર સુધી મહારાષ્ટ્રમાં રાજકીય પક્ષો તેમની પરંપરાગત વોટબેંક ધરાવે છે. આ મતદારો વિચારધારાના કારણે સતત તેમની સાથે જોડાયેલા હતા. રાજકીય પરિવર્તન બાદ પક્ષમાં વિભાજનની જેમ વિચારોમાં પણ વિભાજન થવાની સંભાવના છે.

એટલે તેની અસર ચૂંટણીનાં પરિણામો પર વર્તાશે. ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પ્રગતિશીલ મતદારોએ પણ ભ્રષ્ટાચાર અને નરેન્દ્ર મોદીના કરિશ્મા જેવા મુદ્દાઓ પર મતદાન કર્યું હતું. મહાવિકાસ અઘાડીની રચના અને શિવસેના અને એનસીપી વચ્ચેના ભાગલા પછી રચાયેલા મહાગઠબંધનના કારણે હવે આગામી ચૂંટણીમાં મતદાન એટલું સ્થાયી નહીં થાય તેમ લાગે છે.

૨૦૧૯ અને ૨૦૨૪ દરમિયાન જે રીતે એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને દગો દઈને ભાજપ સાથે સરકાર બનાવી તેના કારણે શિવસેનાના પરંપરાગત મતદારો શિંદેથી નારાજ છે અને તેમને પાઠ ભણાવી દેવાના મૂડમાં છે. બીજી બાજુ ઉદ્ધવ ઠાકરે સાથે દગો કરીને તેમને જે રીતે મુખ્ય મંત્રીના પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા, તેને કારણે ભાજપ સામે નારાજગી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પ્રજાના આ મિજાજનો પરચો ભાજપને મળી ચૂક્યો છે. આ ઉપરાંત ભાજપ માટે મરાઠા આંદોલન સૌથી મોટો પડકાર છે. ઝારખંડમાં મહાગઠબંધન એટલે કે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ની આગેવાની હેઠળની સરકાર છે. જેમાં કૉંગ્રેસ, આરજેડી અને ડાબેરી પક્ષો છે પણ લોકસભા ચૂંટણીમાં ૧૪માંથી ૯ બેઠકો સાથે ભાજપનો હાથ ઉપર રહેલો તેથી ભાજપ જીતનો આશાવાદ ધરાવે છે. ઝારખંડમાં ભાજપે સંથાલ પરગણા અને કોલ્હાન વિભાગની ૩૨ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જાન્યુઆરીમાં હેમંત સોરેનને ભ્રષ્ટાચારના કેસમાં જેલભેગા કરાતાં રાજીનામું આપવું પડેલું અને ૧૫૬ દિવસ ચંપાઈ સોરેન મુખ્ય પ્રધાન બન્યા હતા. હવે ચંપાઈ ભાજપમાં જોડાયા તેથી ભાજપને ચંપાઈ ફળવાની પણ આશા છે.

manoj1968@yahoo. ca








BAPS Shri Swaminarayan Mandir
Toronto

Wishes you & your family

# Happy Diwali

## Diwali & Sharda Pujan
Thu, Oct 31 | 12:00 pm - 2:30 pm
Diwali Darshan | 7:30 am - 7:00 pm

## Diwali Fireworks & Maha Arti
Fri, Nov 1 | 8:00 pm - 8:30 pm
Darshan | 7:30 am - 7:00 pm

## Annakut Darshan & Abhishek
Sat, Nov 2 | 11:00 am - 7:00 pm

From a small mandir
in a basement in Flushing, NY...




...to Akshardham & 117 mandirs throughout North America.

Join our 50-year celebrations ...
NA.BAPS.ORG

BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Dr, Toronto ON M9W 5Z7

www.BAPS.org/Toronto

Brahmaswarup
Pramukh Swami Maharaj


Pragat Brahmaswarup
Mahant Swami Maharaj

BAPS Swaminarayan Sanstha® | www.BAPS.org


Happy Diwali &
Prosperous New Year
Imperial
PEST CONTROL
Serving
Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service. • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets
10% Off
on your first home service
Mention this offer
while booking
Free Estimates
& Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol ca • info@imperialpestcontrol.ca
(We speak English, Hindi, Gujarati)
Call: Ramesh Kanani 416-837-1820


Shreejibapa
|| Jay Shree Swaminarayan ||
Swamibapa
Maninagar Shree Swaminarayan Gadi Sansthan Temple
TORONTO CANADA
|| INVITATION ||
CELEBRATING
DIWALI ANNAKUT UTSAV
Cordially inviting your family and friends to attend this auspicious occasions.
Friday
1st Nov, 2024
5:00pm: Chopda Pujan, Kids Utsav & Dinner
Saturday
2nd Nov, 2024
7:00am: Mangla Arti.
9:00 to 12:30pm: Annakut Utsav, Kirtan Bhakti, Aartis, Speach, Maha Prasad
Contacts:
Haresh Patel (416) 722-4070
Vipul Patel (647) 671-8600
Dasbhai Patel (647) 828-9579
Inspirator: Acharya Swamiji Maharaj
MANINAGAR SHREE SWAMINARAYAN GADI SANSTHAN
SHREE SWAMINARAYAN TEMPLE TORONTO
6540 Kingston Rd, Scarborough, M1C 1L4
@SGadiToronto
SwaminarayanGadi.com/NorthAmerica

# કેનેડાના વોનમાં સ્મોલ બિઝનેસ વીકની ઉજવણી

## VCCના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવોએ હિલ્ટન ગાર્ડન ઇન ટોરોન્ટો-વોન ખાતેના કાર્યક્રમોમાં ભાગ લીધો







### કાર્યક્રમના આરંભે નાના વ્યવસાયના ભવિષ્યની તૈયારી વિશે પેનલ ચર્ચા બાદ દરરોજ વર્કશોપ સાથે વિવિધ વિષયોની છણાવટ : રાષ્ટ્રીય સ્તરે આયોજનની નોંધ લેવાઈ, 25મી ઓક્ટોબરે કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ 2022નો પરિચય અંગે પરિસંવાદ

વોગન: નાના ઉદ્યોગો વોનના અર્થતંત્રની કરોડરજ્જુ છે, અને શહેરના તમામ વ્યવસાયોમાં 87 ટકાથી વધુનો હિસ્સો ધરાવે છે. તેમની અવિશ્વસનીય અસરને ઓળખવા માટે 21 ઓક્ટોબરે, સિટી ઓફ વોનના વોન બિઝનેસ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ સેન્ટર (VBEC) દ્વારા બિઝનેસ વીકની ઉજવણી કરવામાં આવી હતી. સ્મોલ બિઝનેસ વીકની શરૂઆત વોગન ચેમ્બર ઓફ કોમર્સ (VCC) સાથે ભાગીદારીમાં અને બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડા (BDC) દ્વારા વાર્ષિક કિકઓફ ઈવેન્ટ સાથે થઈ હતી. VCCના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવોએ હિલ્ટન ગાર્ડન ઈન ટોરોન્ટો/વોન ખાતેના ઉત્સવોમાં ભાગ લીધો હતો. ઈવેન્ટમાં સૌ પ્રથમ નાના વ્યવસાયના ભવિષ્યની તૈયારી વિશે પેનલ ચર્ચા થઈ હતી. જે બાદ વિવિધ પ્રકારની વ્યક્તિગત અને વર્ચ્યુઅલ ઈવેન્ટ્સ તથા વિવિધતા અને સમાવેશની વિભાવનાઓની શોધ કરતી પ્રવૃત્તિઓને વર્કશોપ્સ સાથે ચાલુ રખાઈ હતી. સિટીનું પ્રોગ્રામિંગ સાંસ્કૃતિક વિવિધતા અને પ્રતિનિધિત્વ પર ભાર મૂકે છે અને વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોમાં નાના વ્યવસાયોને પૂરી પાડે છે. સોમવારે બજારની આંતરદૃષ્ટિને સરળ બનાવવા અંગે સિમ્પલી એનાલિટિક્સ-વર્ચ્યુઅલ રીતે ઝૂમ ઉપર યોજાયો હતો. જયારે મંગળવારે સસ્ટેનેબિલિટી બિઝનેસ ડેવલપમેન્ટ ગોલ્સ ફાયરસાઈડ ચેટ તથા બુધવારે બ્રેકિંગ બેરિયર્સ અશ્વેતની માલિકીના વ્યવસાયો માટે ભંડોળ વિશે વોન સિટી હોલ ખાતે ચર્ચા કરાઈ હતી. જે બાજ વોન બિઝનેસ કાફેનો પરિચય આપવામાં આવ્યો હતો. જયારે ગુરુવારે સ્ટાર્ટઅપ 101 - રેગ્યુલેશન્સ, રજિસ્ટરિંગ અને લાયસન્સ વિશે છણાવટ થઈ હતી. હવે શુક્રવારે 25મી ઓક્ટોબરે કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ 2022નો પરિચય આપવા માટે આયોજન કરાયું છે. સ્મોલ બિઝનેસ વીક એ સ્થાનિક અર્થતંત્રમાં નાના વ્યવસાયો દ્વારા આપવામાં આવતા યોગદાનની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. 2024 માટે શહેરનું પ્રોગ્રામિંગ VCC, BDC, TechConnex, YSpace, ફેડરેશન ઑફ આફ્રિકન કેનેડિયન ઈકોનોમિક્સ, વૉન પબ્લિક લાઈબ્રેરીઝ અને વધુ સહિત સ્થાનિક બિઝનેસ સપોર્ટ સંસ્થાઓ સાથે ભાગીદારીમાં વિતરિત કરવામાં આવી રહ્યું છે. વધુ માહિતી માટે અને સ્મોલ બિઝનેસ વીક ઈવેન્ટ્સ માટે નોંધણી કરવા માટે, vaughanbusiness.ca/SBW ની મુલાકાત લઈ શકાય છે તેમ આયોજકોએ જણાવ્યું હતુ.

#### કેનેડામાં સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં વોગનનો સમાવેશ

3,44,412થી વધુની વસ્તી ધરાવતા અને કેનેડામાં સૌથી ઝડપથી વિકસતા શહેરો પૈકીનું એક વોગન શહેર છે. 1991માં સ્થાપિત વોનમાં કોનકોર્ડ, ક્લીનબર્ગ, મેપલ, થોર્નહિલ અને વુડબ્રિજના સમુદાયોનો સમાવેશ થાય છે. આ સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર મ્યુનિસિપાલિટી યોર્ક પ્રદેશ અને ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના મધ્યમાં સ્થિત છે.





# સુરતમાં હિન્દુ નામ ધારણ કરી વેપાર કરનાર મુસ્લિમ શખ્સની ધરપકડ, ઠગાઈનો આરોપ

## જગદીશ કુમાવત અને કાપડ દલાલ અનિલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા

**સુરત**

સુરતમાં GST નંબર ભાડે લઈને છેતરપીંડી કર્યાનો કિસ્સો સામે આવ્યો છે. પોલીસે આબિદ હુસેન રિઝવાની નામના એક શખ્સની ધરપકડ કરી છે તેની સાથે સાથે મહેશ ભાલાણી નામના અન્ય 1 કાપડ દલાલની ધરપકડ કરી છે.

કાપડ વેપારી આબીદ હુસૈન રીઝવાનીએ ધંધો કરવા માટે એક જગદીશ કુમાવત નામની વ્યક્તિના નામે GST નંબર ભાડે લીધો હતો અને પોતાના નામની ઓળખ આબીદ હુસેન નહીં પરંતુ જગદીશ કુમાવત તરીકે આપી હતી. એટલું જ નહીં મહાવીર ક્રીએશન નામની દુકાન પણ તેણે શરૂ કરી હતી એટલે કે મુસ્લિમ વેપારી આબીદ હુસેન રીઝવાની એ પોતે હિન્દુ નામ ધારણ કરી હિન્દુ નામની દુકાન શરૂ કરી પોતાની ઓળખ હિન્દુ તરીકે પ્રસ્થાપિત કરી દીધી હતી અને વેપાર ધંધો કરતો હતો.

આ શખ્સે પાવરલૂમ સ્ટારક પાસેથી રૂપિયા 72 લાખથી વધુની રકમનું ગ્રે કાપડ ખરીદ્યું હતું. પરંતુ તેનું પેમેન્ટ કર્યું ન હતું જેને પગલે સમગ્ર મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઉધના પોલીસે ફરિયાદના આધારે આ શખ્સની ધરપકડ કરી હતી અને તપાસમાં આ સમગ્ર કૌભાંડ બાહર આવ્યું હતું. હાલમાં ઉધના પોલીસે આબિદ હુસેન રીઝવાની અને કાપડ દલાલ મહેશ ભાલાણીની ધરપકડ કરી છે જ્યારે આ કેસમાં GST નંબર ભાડે આપનાર જગદીશ કુમાવત અને કાપડ દલાલ અનિલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ઉધના પોલીસે સમગ્ર મામલામાં આરોપી આબીદ હુસેન રિઝવાની એ અન્ય કોઈની સાથે છેતરપિંડી કરી છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# સુરત પાલિકાને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ ટર્શરી ટ્રીટેડ વોટરથી 145 કરોડની આવક

**સુરત**

સુરત મહાનગરપાલિકા દ્વારા પાણી માટે વિવિધ કામગીરી કરી છે તેના કારણે ભારત સરકાર દ્વારા સુરત પાલિકાને પાંચમાં નેશનલ વોટર એવોર્ડ 2023ની જાહેરાત કરી છે. આજે દિલ્હી ખાતે સુરતની પાણી માટેની પાણીદાર કામગીરીને ધ્યાને રાખીને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ મ્યુનિ.કમિશનર, મેયર અને સ્થાયી અધ્યક્ષે એવોર્ડ સ્વીકાર્યો હતો.

ભારત સરકાર ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ જળશક્તિ, ડિપાર્ટમેન્ટ ઓફ વોટર રિસોર્સ, રીવર ડેવલપમેન્ટ અને ગંગા રિજુવિનેશન દ્વારા પાણી માટેની કામગીરી માટે દર વર્ષે એવોડ જાહેર કરવામાં આવે છે. એવોર્ડ પહેલા દેશના વિવિધ શહેરો દ્વારા એપ્લિકેશન કરવામાં આવી હતી. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાએ બેસ્ટ અર્બન લોકલ બોડી કેટેગરીમાં ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (કન્ઝર્વેશન ઓફ નેચરલ રિસોર્સ એન્ડ મેકીંગ સીસ્ટમ સેલ્ફ સસ્ટેનેબલ થ્રુ સેલ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર) વિષયથી એપ્લીકેશન કરી હતી. હાલમાં સુરત પાલિકા ટર્શરી ટ્રીટેડ વોટરથી 145 કરોડની આવક મેળવી રહી છે. અને ટર્શરી ટ્રીટ પાણી ઉદ્યોગોને પાણી આપીને મીઠા પાણીની બચત પણ કરી રહી છે.

# સુરત પાલિકાની સ્કૂલમાં AI, કોડીંગ, રોબોટિક્સ ટેક.નું શિક્ષણ આપવા કવાયત

**સુરત**

સુરત પાલિકા સંચાલિત સુમન સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), કોર્ડિંગ, રોબોટિક્સ, ડ્રોન ટેકનોલોજી આધારિત શિક્ષણ આપવા માટે પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. સુરત પાલિકાની 12 જેટલી સુમન સ્કૂલમાં પાયલોટ પ્રોજેક્ટ આવા પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવા માટેના ટેન્ડરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે સાડા ત્રણ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જે દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરાઈ છે તેના પર નિર્ણય કરાશે. શહેર સહિત રાજ્યમાં ખાનગી શાળાઓમાં તાલીમ આપનારી કેટલીક સંસ્થાઓ તરફથી તાજેતરમાં મ્યુનિ. કમિશનર સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજૂ કરાયું હતું.

# સુરતમાં 'ડ્રગ્સ પાર્ટી', નવ વિદેશી સ્પા ગર્લ સહિત કુલ 14ની ધરપકડ

## પકડાયેલા શખ્સોમાં જમીન દલાલ, એન્જિયર પણ સામેલ

**સુરત**

સુરત સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે બાતમી આધારે મગદલ્લા વિસ્તારમાં આવેલા અમિતકુમાર યાદવ નામના યુવકના મકાનમાં રેડ પાડી હતી. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આ મકાનમાં દારૂ અને ડ્રગ્સ પાર્ટી ચાલી રહી છે. આ રેડમાં 9 વિદેશી યુવતીઓ અને 5 યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં જમીન દલાલ, એન્જિયર સહિતના નોકરિયાત લોકો પાર્ટીમાં જોડાયા હતા. આ પાર્ટીમાં નવ ગ્રામ જેટલું એમડી ડ્રગ્સ, 20 ગ્રામથી વધુ ગાંજો અને સાત જેટલી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી છે. આ તમામને મેડિકલ ટેસ્ટ માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. સુરત સીઆઈડી ક્રાઈમે ડ્રગ્સનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મેડિકલ ટેસ્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. કોના દ્વારા આ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું. વિદેશી યુવતિઓને કોણે બોલાવી હતી વગેરેને પ્રશ્નોના જવાબ મેળવવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરાશે.

# ઋત્વી ચૌહાણે મિસિસ યુનિવર્સ 2024માં છટ્ઠો ક્રમાંક મેળવ્યો

**ભરૂચ**

ગુજરાતના મૂળ ભરૂચની વતની અને હાલ અમેરિકામાં રહેતી ઋત્વી ચૌહાણે હાલમાં જ સાઉથ કોરિયામાં યોજાયેલી 47મી મિસિસ યુનિવર્સ 2024માં 100 દેશમાંથી છટ્ઠો ક્રમાંક મેળવ્યો છે. આ અગાઉ ઋત્વી ચૌહાણે મિસિસ યુનિવર્સ USA 2024માં ક્રાઉન જીત્યો હતો. ઋત્વીએ સતત બીજી વખત ગુજરાત અને ભારત સહિત અમેરિકાનું પણ ગૌરવ વધાર્યું છે. હાલ તેના માતા-પિતા ભરૂચમાં રહે છે અને તેઓ પણ ગર્વ અનુભવી રહ્યા છે. ઋત્વી ચૌહાણે વીડિયો દ્વારા આભાર વ્યક્ત કરતા કહ્યું છે કે, 'હું મિસિસ યુનિવર્સ 2024માં ટોપ 6માં પહોંચી છું. તે બદલ વલસાડનો આભાર. મીડિયા-ન્યૂઝ પેપર અને સંબંધીઓનો પણ આભાર જેમણે મારી વાત ઘરે ઘરે પહોંચાડી છે. મને ગર્વ થાય છે અને મારો પરિવાર ખુબ ખુશ છે.


દિવાળી તથા નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Diwali Menu**

28TH OCTOBER VAGH BARAS:
Puron Poli, Seero, Khandvi, Kachori
29TH OCTOBER DHANTERAS:
Lapsi, Makai vada
30TH OCTOBER KALI CHAUDASH:
Doodhpak, Bajri Vada, Springroll
31ST OCTOBER DIWALI:
Fruit Salad, Batata Vada, Samosa
1ST NOVEMBER DIWALI:
Doodhi Halvo, Khandvi, Sev Khamani, Khaman
2ND NOVEMBER NEW YEAR:
Shrikhand, Patra
3RD NOVEMBER BHAI BEEJ:
Rabdi Basundi, Aam Ras, Malpua, Sandwich Dhokla

**Diwali Specials**

SWEETS
KAJUR ROLLS $12.00/LB
GUGHRA $12.00/LB
MAGAS $8.50/LB
MOHANTHAL $8.50/LB
CHURMA LADOO $8.50/LB
BOONDI LADOO $8.50/LB
KALAKAND $12.00/LB
KOPRA PAK $12.00/LB

FARSHAN
FARSI PURI $5.00/BOX
MATHIYA $5.00/BOX
CHORA FARI $5.00/BOX
LILVA KACHORI $0.75/EACH

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

# કેનેડા મોકલવાના બહાને કલોલના પરિવાર પાસેથી ૨૫ લાખ ખંખેર્યા

## કડાસણમાં ઉમિયા ઓવરસીઝનું વધુ એક કૌભાંડ, બે સંચાલકો સામે સીઆઈડી ક્રાઈમમાં ગુનો દાખલ કરવામાં આવ્યો

**ગાંધીનગર**

હાલમાં લોકોને વિદેશ મોકલવા માટે નવી નવી એજન્સીઓ ખુલી રહી છે ત્યારે ગાંધીનગરના કુડાસણમાં આવેલી ઉમિયા ઓવરસિઝના સંચાલકોએ ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારના ૨૩થી વધુ લોકોને અલગ અલગ દેશના વિઝા અપાવાના બહાને ૭.૨૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થઈ હતી ત્યારે હવે કલોલના પરિવારને પણ ૨૫ લાખનો ચૂનો ચોપડવામાં આવ્યો છે.

હાલમાં લોકો વિદેશ જવા માટે લાખો રૂપિયા ખર્ચી રહ્યા છે અને એજન્ટો દ્વારા તેમની પાસેથી રૂપિયા પડાવીને છેતરપિંડી કરવામાં આવતી હોય છે ત્યારે ગાંધીનગર શહેર નજીક આવેલા કુડાસણમાં ઉમિયા ઓવરસીઝ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની વિગતો બહાર આવી હતી. જેમાં દંપતી અને અન્ય સંચાલક દ્વારા કરોડો રૂપિયા ઉઘરાવીને ૨૩થી વધુ લોકોને વિદેશ મોકલવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હતી ત્યારે આ વખતે કલોલ ખાતે આવેલી સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા મુકેશકુમાર અમૃતલાલ પટેલે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમની પુત્રીને કેનેડા અભ્યાસ અર્થે જવાનું હોવાથી ઉમિયા ઓવરસીઝના સંચાલક અંકિત શૈલેષભાઈ પટેલ અને તેમના ભાગીદાર વિશાલ મહેશભાઈ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જો કે આ સમયે અંકિતભાઈના પત્ની ઓફિસમાં હાજર હતા અને ૬૫ લાખ રૂપિયામાં કેનેડા મોકલવાનું નક્કી થયું હતું. જે પેટે ૨૫ લાખ રૂપિયા આપી દેવામાં આવ્યા હતા પરંતુ તેમની દીકરીને કેનેડા મોકલવા માટે કોઈ જ પ્રોસેસ કરવામાં આવી ન હતી. જેથી આ બંને જણાએ ભેગા મળીને તેમની સાથે ૨૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી ગુનાહિત ષડયંત્ર રચ્યું હોવા અંગે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા વિદેશ ભાગી ગયેલા અંકિત પટેલની શોધખોળ કરવામાં આવી રહી છે અગાઉ પણ તેની સામે સંખ્યાબંધ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

# પાટણ શાળાના આચાર્યે માફી માંગી બાળકીઓ સાથે કરતો હતો અડપલાં

**પાટણ**

પાટણ જિલ્લામાં આવેલી દુનાવાડા પ્રાથમિક શાળાના આચાર્યએ ધોરણ 6માં અભ્યાસ કરતી બાળકી શારીરિક અડપલાં કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા છે. દુનાવાડા શાળાના આચાર્યે એક બે નહીં અનેક બાળકીઓની છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે દલિત સમાજની દીકરીઓએ ઘરે જઈને પોતાના પરિવારજનો આ અંગે જાણ કરતાં સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો.

ઘટનાને ગંભીરતાથી લેતાં વિદ્યાર્થીનીઓના પરિવારજનોએ હારીજ પોલીસ મથકે આચાર્ય પ્રવીણ ભલાભાઈ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. લંપટ આચાર્ય વિદ્યાર્થીઓના શરીર પર હાથ ફેરવતો હતો અને ગંદી હરકતો કરતો હતો, આ અંગે કોઈને જાણ કરી તો પરીક્ષામાં નાપાસ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાનો પણ ખુલાસો થયો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે આ અંગે આચાર્યએ પોતાની ભૂલ સ્વિકારી માફી માંગી લીધી છે. પરંતુ વાલીઓએ આ લંપટ આચાર્ય વિરૂદ્ધ તપાસ કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

# તારાપુરના તલાટીની હત્યા, બેને આજીવન કેદ

**આણંદ**

તારાપુર તાલુકામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા ઈન્દ્રજીતસિંહ મફતસિંહ પઢિયાર તા. ૬ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ બપોરે બેંકમાં ગયા હતા. જોકે, સાંજ સુધી ઘરે પરત ન ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન મોડી સાંજે તારાપુરના ઈલા પાર્કની પાછળ આવેલા કોમ્પ્લેક્સની એક દુકાનમાંથી ઈન્દ્રજીતસિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના ગળા અને કપાળમાં ઈજા પહોંચેલી હતી. આ અંગે તેમના પિતા મફતસિંહ દાઝીભાઈ પઢિયારે તારાપુર પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે, તારાપુરના કસ્બારા-ચીતરવાડા રોડ પર રહેતા મોહીનખાન ઉર્ફે ભોલો ઉમરખાન પઠાણ (ઉ.વ.૨૧)ને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. આ યુવતીને તલાટી ઈન્દ્રજીતસિંહ સાથે આડા સંબંધ હોવાનો વહેમ તેને ગયો હતો. જેથી મોહીનખાન અને કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સાથે થેલામાં છરી લઈ બાઈક પર તારાપુર નાની ચોકડીએ પહોંચ્યા હતા. જ્યાંથી શાહીદ મહંમદ સાબીરમિંયા મલેક (રહે. બુધેજ, તારાપુર) અને જાવેદમિંયા યુસુફમિંયા શેખ (રહે. તારાપુર) પણ તેમની સાથે જોડાયા હતા અને બપોરે ઈન્દ્રજીતસિંહને ખંભાત રોડ પર આવેલી ઈલાપાર્ક વાડીની ખંડેર દુકાનના રસ્તા પર લઈ ગયા હતા. જ્યાં શાહીદ મહંમદ અને કિશોરે તલાટીના હાથ પકડી રાખ્યા હતા, જ્યારે મોહીનખાને છરીના ઘા મારી ગળુ કાપી નાખ્યું હતું. બાદમાં માથાના ભાગે આરસીસીનો પથ્થર મારી તલાટીની હત્યા કરી હતી.

બંને મોબાઈલને ગલિયાણા બ્રિજ ઉપરથી સાબરમતી નદીમાં નાખી દીધા હતા અને બાઈકની નંબરપ્લેટ તોડી નાખી પુરાવાનો નાશ કર્યો હતો. આ અંગે તારાપુર પોલીસે કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે કેસ તાજેતરમાં ચાલી જતાં બીજા એડીશનલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ, આણંદની કોર્ટ-ખંભાત દ્વારા મોહીનખાન ઉર્ફે ભોલો ઉમરખાન પઠાણ અને શાહીદ મહંમદ સાબીરમિંયા મલેકને આજીવન કેદની સજા અને કુલ રૂ.૬૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# વાવ બેઠક પર જામશે રસાકસીભર્યો જંગ ગેનીબેના કાકાએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

## કોંગ્રેસ સમક્ષ 8 લોકોની દાવેદારી, ભાજપમાં હજી અનેક મૂરતિયા

**બનાસકાંઠા**

વાવ વિધાનસભાની બેઠક પોતાના નામ કરવા માટે ભાજપ અને કોંગ્રેસ બંને એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કોંગ્રેસે ઉમેદવારી માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. ભાજપમાંથી 50 જેટલા લોકોએ પોતાની દાવેદારી નોંધાવી છે, જ્યારે કોંગ્રેસમાંથી 8 લોકો દાવો કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ અપક્ષ ઉમેદવારો પણ મેદાને ઉતર્યા છે, હાલમાં 3 ઉમેદવારોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. જેમાં ગેનીબેનના પરિવારમાંથી તેમના કૌટુંબિક કાકા ભુરાજી ઠાકોરે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કારણ કે વાવ બેઠક કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો સવાલ છે, જ્યારે ભાજપ માટે અસ્તિત્વની જંગ છે.



ભુરાજી ઠાકોર ભાજપ સાથે જોડાયેલા છે, પરંતુ ભાજપમાં ઉમેદવારોની સંખ્યાને જોતાં તેમને લાગી રહ્યું છે તેમને ટિકિટ મળી શકે એમ નથી. આ કારણસર તેમણે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. ભુરાજી ઠાકોર પૂર્વ ડેલિગેટ રહી ચૂક્યા છે. રસપ્રદ વાત એ છે કે, ભુરાજી ઠાકોરના પત્ની કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. કોંગ્રેસમાંથી તે જિલ્લા પંચાયતના સદસ્ય પણ રહી ચૂક્યા છે.

# ભાયલી ગેંગ રેપમાં પોલીસે 6000 પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી, 5ની ધરપકડ

## માત્ર 5 દિવસમાં વડોદરા પોલીસે 100થી વધુ લોકોના નિવેદનો લીધા

**વડોદરા**

બીજા નોરતાની રાત્રે ભાયલી વિસ્તારની સીમમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)એ માત્ર 11 દિવસના ગાળામાં જ પાંચ આરોપીઓ સામે 6,000 પાનાની ચાર્જશીટ કોર્ટમાં મુકી છે. આ કેસમાં પોલીસે કુલ 5 વિધર્મી આરોપીઓની ધરપકડ કરી છે.

વડોદરા માટે કલંકરૂપ આ ઘટનામાં પ્રારંભમાં તાલુકા પોલીસે તપાસ કરી હતી. જે બાદ એસ.પી.રોહન આનંદની અધ્યક્ષતામાં સીટની રચના કરાઈ હતી. સીટમાં તપાસ અધિકારી તરીકે ડીવાયએસપી બળવંતસિંહ ચાવડાએ ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાઓની ઝીણવટભરી તપાસ કરીને આરોપીઓને ઘટનાના ચાર દિવસમાં જ શોધી કાઢીને ધરપકડ કરીને કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. આ સમયે પોલીસે 14 દિવસના રિમાન્ડની માગ કરી હતી જેની સામે કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ પૂરા થતા પોલીસે ફરીથી રિમાન્ડની અરજી કરતા કોર્ટે વધુ 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

6 દિવસની પોલીસ કસ્ટડીમાં રહેલા પાંચ આરોપીઓ પાસેથી સીટે તમામ માહિતીઓ મેળવીને આરોપનામુ ઘડી કાઢ્યુ છે. કુલ 6000 પાનાના આરોપનામા (ચાર્જશીટ)માં 100થી વધુ સાહેદોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. મેડિકલ અને ફોરેન્સીક પુરાવાઓ સાથે ટેકનિકલ પુરાવાઓને પણ સંલગ્ન કરવામાં આવ્યા છે.

# ભાઈની ચિંતામાં નાના ભાઈએ નદીમાં ઝંપલાવ્યું, પ્રાણીઓ અડધા અંગ ખાઈ ગયા

**ઠાસરા**

વડોદરા નજીક પોર ગામ પાસે ઢાઢર નદીના જુના બ્રિજ પરથી તા.18 ના રોજ રાત્રે એક યુવાને નદીમાં ભૂસ્કો માર્યો હતો. આ અજાણ્યા યુવાનની શોધખોળ દરમિયાન એક દિવસ પછી તેની લાશ નદીમાંથી મળી હતી. જળચર પ્રાણીઓએ છાતી તથા પેટનો ભાગ ખાઈ જતા શરીરના અમુક અંગો જ મળ્યા હતા. આ અજાણ્યા યુવાનની તપાસ કરતા તેનું નામ કમલેશ કાંતિભાઈ રાવળ ઉંમર વર્ષ 28 તેમજ હાલ મધુબેન પટેલના ખેતરમાં રહેતો હતો તે મૂળ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં કુશકલ ગામનો રહીશ હતો. કમલેશ રાવળના માતા પિતા મૃત્યુ પામ્યા હતા અને તેનો મોટો ભાઈ માનસિક રીતે અસ્વસ્થ હતો, જે તેના ગામમાં રહેતો હતો અને તેની દેખરેખ માટે પરિવારમાં બીજી કોઈ વ્યક્તિ નહીં હોવાના કારણે તે સતત ચિંતામાં રહેતો હતો.

# યુકેના વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહીને વડોદરાની મહિલા દ્વારા બોરસદના યુવક સાથે 22 લાખની ઠગાઈ

## કામ નહીં થાય તો પૈસા પરતનો વાયદો થયો હતો, સુરતની કન્સલ્ટન્સીના બે શખ્સ સામે ફરિયાદ

**આણંદ**

બોરસદના વાસણા ગામે રહેતા અકરમરઝા મહંમદમિયા મલેકને હેલ્થકેર વિઝા ઉપર યુકે જવાનું હોવાથી તેમણે જાન્યુઆરી મહિનામાં વડોદરામાં રહેતા મોનાબેન રજનીગમનો સંપર્ક કર્યો હતો. વડોદરામાં તેમની મુલાકાત થતાં યુવકના પિતાએ વિદેશ જવાની વાત કરી હતી. જેથી મોનાબેને હાલમાં કેનેડાના એગ્રીકલ્ચર વર્ક વિઝાનું કામ ચાલુ હોવાનું જણાવ્યું હતું. જેથી અકરમરઝાએ કેનેડાના વર્ક વિઝાનું કામ તેમને સોપ્યું હતું. જો કે, બે માસ બાદ મહિલાએ તમારુ કેનેડાનું વિઝાનું કામ નહી થાય, તમે યુકેના વિઝા માટે પ્રયત્ન કરો, તેમ કહેતા માર્ચ-૨૦૨૩માં મોનાબેનને મળી યુકેના વિઝા બાબતે વાતચીત કરી હતી. જેમાં મહિલાએ બેચલર ડીગ્રી અથવા અંગ્રેજીની પરીક્ષા આપવી પડશે પરંતુ તમે લંડનમાં ડીપ્લોમા કરેલું હોવાથી તેની જરૂર નહી પડે અને પત્ની અને બાળકોને પણ લઈ જઈ શકશો તેમ કહેતા અકરમરઝાએ પત્ની તથા પુત્રોના પાસપોર્ટ કઢાવ્યા હતા. બાદમાં મોનાબેને લંડન વર્ક વિઝાના રૂ.૨૪ લાખ ખર્ચ થશે અને જો કામ નહી થાય તો પૈસા પરત મળશે તેમ કહેતા આખરે રૂ.૨૨ લાખમાં કામ નક્કી થયું હતું. બાદમાં યુકેની પીસીસી આવતા મહિલાને મોકલી આપી હતી. ત્યારબાદ મે-૨૦૨૪માં મોનાબેનને કુલ રૂ.૨૨ લાખ ચૂકવ્યા હતા. જોકે, બે માસ સુધી વિઝાનું કોઈ કામ ન થતાં પુછપરછ કરતા મોનાબેને તમારું કામ સુરત ખાતે શીવસ્વસ્તિક કન્સલટન્સી ધરાવતા રોનક વ્યાસ અને મિલાપ જોષીને સોંપ્યું છે અને કામ એડમીનીસ્ટ્રેટીવ રીવ્યુમાં છે, ચારેક માસ લાગશે તેમ જણાવ્યું હતું. તેમજ જો તમે પ્રોસેસ કેન્સલ કરશો તો ૫૦ ટકા ફી કપાઈ જશે. જેથી તેમણે વધુ ચારેક માસ સુધી રાહ જોઈ હતી પરંતુ કામ ન થતા તેમણે મહિલાની પુછપરછ કરી હતી. જેથી મહિલાએ ઉશ્કેરાઈ જઈ ચૂકવેલા નાણાં પરત આપ્યા ન હતા. આ અંગે બોરસદ શહેર પોલીસે મોનાબેન રજનીગમ, રોનક વ્યાસ અને મિલાપ જોષી વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

# PSIના નામે વાપીના જ્વેલર્સ પાસે રૂપિયા ટ્રાન્સફર કરાવનાર ખેલાડી વડોદરાથી ઝબ્બે

## એક મહિલાએ ચોરીની ચેઈન તમારી દુકાનમાં વેચી હોવાનું કહીને જવેલર્સને ધમકાવાયો હતો

**વાપી**

વાપી જીઆઈડીસી ગુંજન સુર્યા હોસ્પિટલ રોડ ઉપર આવલી ટીન્કુભાઈ જ્વેલર્સ નામની દુકાનના સંચાલકને બરોડાથી પી.એસ.આઈ. ઝાલા બોલુ છું, એમ કહી તમારી દુકાનમાં એક સ્ત્રીએ ડીસેમ્બર મહિનામાં ચોરીની ચેઈન વેચી હોવાનું જણાવી ૨૯,૫૦૦ ગુગલ પે કરો નહિ તો તમારી દુકાન પર મારી ટીમ મોકલુ છુ કહીને ધમકાવ્યા હતા. જે બાદ તે શખ્સે વાપીના જ્વેલર્સ પાસે રૂા.૨૯,૫૦૦ ગુગલ પે થકી ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરી હતી. આ મામલે વાપી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.



મળતી વિગતો પ્રમાણે વાપી ટાઉનના કબ્રસ્તાન રોડ ઉપર રહેતા અને વાપી ગુંજનમાં જ્વેલર્સની દુકાન ચલાવતા સરીકુલ ઉર્ફે ટીન્કુભાઈ જહાંગીર ચૌધરીના ફોન ઉપર કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ નંબર ૯૦૫૪૭૬૯૯૯૦થી ફોન કરીને પોતાનું નામ પી.એસ.આઈ. અર્જુનસિંહ ઝાલા હોવાનું જણાવ્યું હતુ. જે બાદ તેણે પોતે બરોડાથી બોલુ છુ એમ જણાવી કહ્યું હતુ કે, એક સ્ત્રીને અમોએ પકડી છે. જે નાની મોટી ચોરી કરે છે અને તેણીએ તમારી દુકાને સાડા પાંચ ગ્રામની સોનાની ચેઈન વેચી છે. જો તમે રૂા. ૨૯,૫૦૦ ગુગલ પે કરી દો તો અમે કેસ ક્લોઝ કરી દઈશું. જો તમે રૂપિયા નહિ આપો તો હું તમારી દુકાન ઉપર મારી ટીમ મોકલુ છું.

કથિત પોસઈએ આમ કહેતાં દુકાનદાર ગભરાઈ ગયા બકા અને રૂપિયા ગુગલ પેથી રૂા. ૨૯૫૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. જે બાદ પી.એસ.આઈ. ઝાલા નામના ઈસમને ફોન કરવા જતા મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી દુકાનદારને છેતરપીંડી થયાનો અહેસાસ થતા તેમણે વાપી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં વાપી ઉદ્યોગનગરના પીઆઈ એમ.પી. પટેલ અને તેમની ટીમે ટેકનીકલ સર્વેલન્સનાં આધારે અને વડોદરા શહેર ક્રાઈમબ્રાન્ચની મદદથી અભિષેક ઉર્ફે અંકુર કાંતિભાઈ સાવલિયા (રહે. શ્રીકુંજ રેસીડેન્સી, આમલગીરીસ તા. વરણામા જિ. વડોદરા)ની ધરપકડ કરી હતી અને તેની પાસેથી રૂા. ૨૯,૫૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૨ જપ્ત કર્યા હતાં.

# સોનગઢ તા.પં.ની મહિલા સભ્ય પર હુમલો કરનાર પત્ની-પુત્ર સામે ગુનો

## આડાસંબંધના વહેમમાં કપડા ફાડી નાખ્યા, વાળ કાપી નાખ્યા હતા : ચાર સામે ફોજદારી, એકની અટકાયત

**સોનગઢ**

સોનગઢના ચાપલધારા ગામની રહેવાસી ઉર્મિલાબેન રાકેશભાઈ ગામીત સોનગઢ તાલુકા પંચાયતમાં ટોકરવા બેઠક પરથી કોંગ્રેસના બેનર પર ચૂંટાયા હતા. ગત તા.૧૯-૧૦-૨૦૨૪ ના રોજ તેણી તેની ૦૯ વર્ષીય પુત્રી રેઝીલા સાથે સોનગઢ તાલુકા પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલી સામાન્ય સભામાં હાજરી આપવા માટે આવી હતી.

જે બાદ તેઓ મોપેડ પર પોતાના પુત્રી સાથે ઘરે જઈ રહી હતી.ત્યારે રાણીઆંબા ફટક પાસે તેની મોપેડને એક મોટર સાયકલે આંતરી હતી. મોટર સાયકલ પાછળ બેસેલ શોભનાબેન લાલસિંહભાઈ ગામીત (રહે કોસંબીયા, તા.વાલોડ, જી.તાપી) ઉર્મિલાબેન પાસે આવી 'તું મારા પતિ સાથે કેમ સંબંધ રાખે છે 'કહી ગાળો આપી બોલાચાલી કરી હાથ વડે ઉર્મિલાબેનને મારવા લાગી હતી. તે સમયે ત્યાં એક ફેર વ્હીલ કાર પણ આવી પહોંચી હતી. તેમાંથી શોભનાબેનનો પુત્ર અને અન્ય બે સ્ત્રીઓએ આવી ઉર્મિલાબેનને મારવાનું શરૂ કર્યું હતું. તે દરમિયાન શોભનાબેનના પુત્રએ તેની પાસે લાવેલા લાકડાના દંડાથી આંખના પાપણના ભાગે, કમરના ભાગે અને હાથમાં સપાટા મારતા ઉર્મિલાબેન જમીન પર ફસડાઈ પડી હતી. આ સમયે બે સ્ત્રીઓ ઉર્મીલાબેનને પકડી રાખતા શોભનાબેને કાતરથી ઉર્મિલાબેન ગામીતના વાળ કાપી કપડા ફડી નાખ્યાં હતા.આ દરમિયાન ઉર્મીલાબેનના ગળામાંથી સોનાના પેન્ડલ સાથેની ચેઈન શોભનાબેને આંચકી લીધી હત તથા મોબાઈલ ફેનના શોભનાબેનના પુત્રએ ખેંચી લઈ લીધો હતો. બેરહેમીથી મરાયેલા મારથી ઊર્મિલાબેન બેભાન થઈ જતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ ઘટના પોલીસે ચાર સામે ગુનો નોંધી 1ની અટક કરી છે.

# ડ્રગ્સનો કારોબાર યથાવત, અંકલેશ્વર GIDCમાંથી 250 કરોડનું ડ્રગ્સ ઝડપાયું

## આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાંથી 518 કિલો કોકેન જપ્ત કરાયું

**અંકલેશ્વર**

અંકલેશ્વરીમાં અવસર એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં 250 કરોડના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો.

અંકલેશ્વર જીઆઈડીસીની અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. પોલીસે 14.10 લાખનું 141 ગ્રામ એ.ડી.ડ્રગ્સ કબ્જે કર્યું હતું. અન્ય 427 કિલો ડ્રગ્સનો જથ્થો હાલ ચકાસણી માટે FSLમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસે કંપની સંચાલક વિશાલ પટેલ સહીત અન્ય બે આરોપીઓની પણ ધરપકડ કરી હતી. જ્યારે કંપનીનો માલિક વિદેશમાં હોવાની પ્રાથમિક જાણકારી મળી હતી. આ અગાઉ પણ અંકલેશ્વર માંથી અનેકવાર ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ ઝડપાઈ ચૂકી છે. ત્યારે ફરી એકવાર અંકલેશ્વરમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. આ પહેલાં 1લી ઓક્ટોબર 2024ના રોજ દિલ્હીની સ્પેશિયલ સેલે મહિપાલપુરમાં તુષાર ગોયલ નામના વ્યક્તિના વેરહાઉસ પર દરોડા પાડ્યા હતા અને 562 કિલો કોકેઈન અને 40 કિલો હાઈડ્રોપોનિક ગાંજાના મોટા કન્સાઈનમેન્ટ જપ્ત કર્યા હતા. આ પછી, 10મી ઓક્ટોબર 2024ના રોજ તપાસ દરમિયાન આ જ કેસમાં દિલ્હીના રમેશ નગરમાં એક દુકાનમાંથી લગભગ 208 કિલો કોકેઈન મળી આવ્યું હતું.

આ તમામ માદક દ્રવ્ય ફાર્મા સોલ્યુશન સર્વિસ નામની કંપનીનું છે અને આ નશીલા પદાર્થ ગુજરાતના અંકલેશ્વર GIDC વિસ્તારની આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાંથી આવ્યો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ આ સમગ્ર કેસમાં અત્યાર સુધીમાં કુલ 1289 કિલો કોકેન અને 40 કિલો હાઈડ્રોપોનિક થાઈ ગાંજો મળી આવ્યો છે, જેની કુલ કિંમત રૂપિયા 13000 કરોડ આંકવામાં આવી રહી છે.

# સરકારે ક્ષત્રિય સમાજની માંગ સ્વીકારી લીધી કેવડીયામાં બનશે 562 રાજવીઓનું મ્યુઝિયમ

**નર્મદા**

કેવડિયા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' બન્યા બાદ આ જ સ્થળે દેશી રાજવીઓનું મ્યુઝિયમ બનાવવામાં આવે તેવી છેલ્લા ઘણા વર્ષોથી ક્ષત્રિય સમાજ દ્વારા માંગ કરવામાં આવતી હતી. આ માંગને કેંદ્ર સરકારે સ્વીકારી લીધી છે. હવે કેવડિયામાં 562 રજવાડાઓનું 260 કરોડના ખર્ચે મ્યુઝિયમ બનશે. વડાપ્રધાન મોદી આ મ્યુઝિયમનું લોકાર્પણ કરી શકે છે. હવે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની નજીક દેશી રજવાડાઓને સમર્પિત એક મ્યુઝિયમ બનવા જઈ રહ્યું છે. અંદાજે 260 કરોડના ખર્ચથી આકાર લેનારા મ્યુઝિયમનું 31મી ઓક્ટોબરે સરદાર જયંતી 'એકતા દિવસ'એ જ નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવી શકે છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ઈકો ઝોન : સરપંચથી માંડીને સાંસદ ભાજપ સરકારના વિરોધમાં

## કિસાન સંઘના નેજા હેઠળ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના સરપંચથી સાંસદ સુધી ચુંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓનું સંમેલન

તાલાલા

તાલાલા પંથક સહિત ત્રણ જીલ્લાના 196 ગામોની પ્રજા અને ખેડૂતો માટે સરકાર દ્વારા ઈકો સેન્સિટીવ ઝોન લગાવવામાં આવી રહ્યો છે. આ કાળો કાયદો રદ કરવા શરૂ થયેલી લોક લડત વધુ મજબૂત કરવા અને લોકોનો અવાજ સરકાર સુધી પહોંચાડવા તાલાલા તાલુકા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના સરપંચ થી સાંસદ સુધી ચુંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓનું સંમેલન તાલાલા માર્કેટીંગ યાર્ડમાં યોજાયું હતું. આ સંમેલનમાં સોરઠના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠિયા,પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં આક્રોશિત ખેડૂત નેતાઓએ કહ્યું



હતું કે લોકશાહી લોકો માટે છે, માગ સિંહો માટે નથી. સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે 2016માં આ વિસ્તાર કોંગ્રેસ બહુમતી વાળો હતો, ત્યારે પણ હું ખેડૂતોની સાથે રહી ઈકો ઝોન સામે સરકારમાં રજૂઆતો કરી હતી. આજે પણ પહેલા ખેડૂત અને પછી પદ.. વધુમાં તેઓએ કહ્યું હતું કે 2016 માં સરકારે ઈકો ઝોનની જે દરખાસ્ત મોકલી હતી તે રદ થયા પછી 2024માં ફરી જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામામાં અગાઉ કરતાં વધુ કડક જોગવાઈ કરવામાં આવી છે. જાહેરનામું હિન્દીમાં લોકોને સમજાય તેમ નથી. ઈકો સેન્સિટીવ ઝોન માટે આ વિસ્તારનું પ્રતિનિધિ મંડળ બનાવી ઈકો ઝોન સામે સરકારમાં રજુઆત કરવા ગાંધીનગર જશે તો આ પ્રતિનિધિ મંડળમાં હું પણ સામેલ થઈ ખેડૂતો માટે રજુઆત કરીશ.

જાહેરનામાં સામે 60 દિવસમાં વાંધા રજૂ કરવા સમય આપ્યો છે. ઈ-મેઈલ દ્વારા હું મારો વાંધો રજૂ કરીશ. તાલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અમિતભાઈ ઉનાકટે જાહેરનામું સંપૂર્ણ રદ કરી સ્થાનિક પ્રજા તથા ખેડૂતો સાથે પરામર્શ કર્યા બાદ જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરી હતી. માજી ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાએ જણાવ્યું હતું કે ગીર અમારું ગૌરવ છે, સિંહ અમારી શાન છે. પ્રજા અને ખેડૂતો સિંહોનું વધુ રખોપું કરે છે.

### હજારો ઈ-મેઈલથી વિરોધ કરાશે

તાલાલા તાલુકા ભારતીય કિસાન સંઘના પ્રમુખ પ્રવીણભાઈ છોડવડીયા એ જણાવ્યું હતું હતું કે ઈકો ઝોન લગાવવા માટે પ્રસિદ્ધ થયેલા જાહેરનામાં સામે ઈમેઈલ દ્વારા વાંધા રજૂ કરવા સમય મર્યાદામાં ઠેરઠેરથી ઈ-મેલ થઈ રહ્યાં છે. આગામી દિવસોમાં નોંધપાત્ર વધારો થાય માટે ઈ-મેઈલ ડે ઉજવાશે. આ માટે ભારતીય કિસાન સંઘના કાર્યકરો ગામડે ગામડે જશે, હજારોની સંખ્યામાં ઈકો ઝોન રદ કરવાની માંગણી સાથે ઈ-મેઈલ કરાવશે. આ માટે આયોજન કરવામાં આવ્યું છે.

# વીજ પોલ પર સમારકામ કરી રહેલા ચાર કરંટ લાગતાં દાઝ્યા, 1નું મોત

ધ્રોલ

લૈયારા ગામ પાસે પખવાડિયા પહેલાં પીજીવીસીએલ દ્વારા ખાનગી કોન્ટ્રાક્ટર કંપની મારફતે થાંભલા પર નવી વીજલાઈન ઉભી કરવા અને સમારકામનું કામ કરાવવામાં આવી રહ્યું હતું. દરમિયાન થાંભલા પર ચડેલા ચાર પરપ્રાંતિય શ્રમીકોને વીજ આંચકો લાગ્યો હતો અને નીચે પટકાયા હતા. તેઓને સૌપ્રથમ ધ્રોલની હોસ્પિટલમાં અને ત્યારબાદ જામનગરની હોસ્પિટલમાં ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યા હતા. જે ચારેય શ્રમિકો પૈકી બે શ્રમિકોની હાલત સારી હોવાથી રજા આપી દેવામાં આવી છે. ઉપરાંત અન્ય બે શ્રમિકો પૈકીના દશરથ મગનભાઈ પટેલ (૪૫)નું સારવાર દરમિયાન જામનગરની જી.જી. હોસ્પિટલના બીછાને મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય એક શ્રમિક સારવાર હેઠળ છે. જે સમગ્ર બનાવ અંગે ની તપાસમાં જ્યોતિરગ્રામ વીજ જોડાણમાંથી ધ્રોળ તાલુકાના જયવા ગામના એક ખેડૂતે પાવર ચોરી કરી હોવાનું અને તેમાંથી પાવર રિટર્ન થયો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી ધ્રોળ પીજીવીસીએલના વીજ અધિકારી તેજસભાઈ અનિલભાઈ સોનીએ ધ્રોળ પોલીસમાં ગેરકાયદેવી માનવીના જિંદગીના જીવ સાથે ચેડા કરવા અંગે જાયવા ગામના ખેડૂત ધર્મેન્દ્રસિંહ ગંભીર સિંહ જાડેજા સામે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં સિંહણે જડબામાં પકડી બાળકનો શિકાર કર્યો, ત્રણ કલાક બાદ અવશેષો મળ્યા

અમરેલી

જાફરાબાદના નવી જીકાદરી ગામે સિંહણે એક પાંચ વર્ષના બાળકનો શિકાર કર્યો હતો. કપાસના વણમાંથી સિંહણ પાંચ વર્ષના બાળકને ઢસડીને લઈ ગઈ હતી. જિકાદ્રી ગામે લોકો કપાસ વીણતાં હતાં, ત્યાં આસપાસ બે બાળકો રમતા હતાં. તે સમયે એકાએક ત્રણ-ચાર વાગ્યાની આસપાસ સિંહણ આવીને ત્યાંથી પાંચ વર્ષના એક બાળકને બે ખેતર દૂર ઢસડીને લઈ ગઈ અને તેનું મારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં ગામના લોકોએ આવીને શોધખોળ કરી ત્યારે નાના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો.



વનવિભાગને આ વાતની જાણ થતાં આર.એફ.ઓ સહિતના અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. ત્યારબાદ વનવિભાગ દ્વારા બાળકના મૃતદેહના અવશેષોને એકત્રિત કરી જાફરાબાદની હોસ્પિટલ મોકલાયા છે. આ સિવાય વન વિભાગે સિંહણની તપાસ હાથ ધરી તાત્કાલિક ધોરણે તેને શોધી પાંજરામાં પૂરવાની સૂચના આપવામાં આવી છે.

સરપંચ લાલભાઈ બોરીયાએ આ વિશે આક્રોશ દર્શાવી વનવિભાગ પાસે સુરક્ષાની માગ કરી હતી. સરપંચે કહ્યું કે, 'અહીં જાણે ગામો સિંહ અને દીપડાનું ઘર બની ગયું છે. જેટલાં જંગલમાં નથી તેટલાં અહીં છે. આવામાં અમારે કામ કરવું કે ન કરવુ? સ્થાનિકના જણાવ્યા અનુસાર, સિંહ અને જંગલી પશુઓના ગામમા આવી જવાને લઈને વન વિભાગને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, તેમ છતાં વન વિભાગના પેટનું પાણીય નથી હલતું.

# ખેડૂત પરિવારને છેતરી 11 કરોડ ચૂંટણી બોન્ડમાં જમા કરાવી દીધા : કોર્ટ દ્વારા તપાસનો આદેશ

ભુજ

વરસામેડીના 61 વર્ષિય ખેડૂત સવા મણવર અને તેમના ભાઈના વારસદારને નામે ગામમાં આવેલાં બે ખેતરોની જમીન વેલસ્પન કંપનીના ઔદ્યોગિક હિત માટે અંજારના નાયબ કલેક્ટરે સંપાદિત કરીને 6 વારસોના ખાતામાં 16 કરોડ વળતર જમા કરાવ્યું હતું. રકમ જમા થાય એ પહેલાં વેલસ્પનના મહેન્દ્રસિંહ ફતેસિંહ સોઢા નામના અધિકારીએ લાભાર્થીઓ સાથે બેઠક યોજીને આ નાણાં ચૂંટણી બોન્ડમાં રોકવાથી દોઢી રકમ પરત મળશે એવું પ્રલોભન આપ્યું હતું.

અભણ ખેતમજૂર પરિવારનો વિશ્વાસ કેળવ્યાં બાદ મહેન્દ્રએ સવાભાઈના ભત્રીજા દેવા મણવરની તરફેણમાં અન્ય સદસ્યોનું પાવરનામું કરાવી આ અસલ પાવરનામું મહેન્દ્રએ પોતાની પાસે રાખી દીધું હતું અને મણવર પરિવાર નિર્ણય પરથી બદલી ના જાય તે હેતુ બેન્કમાં લઈ જઈને સહીઓ કરાવીને કુલ 11 કરોડ 14 હજાર રૂપિયાની માતબર રકમ ગાંધીનગરની સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયાના ખાતામાં જમા કરાવી દીધી હતી. નાણાં જમા થયાના થોડાંક સમય બાદ સવાભાઈએ પોતાના રૂપિયા ક્યારે પરત મળશે તેવું પૂછતાં મહેન્દ્રએ જવાબ આપ્યો હતો કે 'એ તો જમા થઈ ગયાં, હવે પરત ના મળે'! છેતરાઈ ગયેલા સવાભાઈએ અંજાર પોલીસને પણ ફરિયાદ અરજી આપી હતી પરંતુ પોલીસે આરોપીઓ સામે કાર્યવાહી કરવાની તસ્દી ન લેતાં સવાભાઈએ અંજારના એટ્રોસીટી સ્પેશિયલ જજની કોર્ટમાં મહેન્દ્ર સોઢા, ગાંધીનગર સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા અને તેના મહિલા અધિકારી પ્રિયંકા વર્મા વિરુધ્ધ અદાલતે અંજાર પોલીસને તપાસ કરવા હુકમ કર્યો છે.

# જામજોધપુરમાં ડુબી જવાની બે ઘટના બે યુવાનોના ચેકડેમમાં ડૂબતાં મોત

## ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી મૃતદેહો બહાર કાઢ્યા

જામજોધપુર

જામનગર જિલ્લામાં આવેલા જામજોધપુર તાલુકામાં ડુબી જવાની બે ઘટના બની છે. ગીંગણી તેમજ ખોડિયાર મંદિર પાછળ ચેકડેમમાં ડુબી જવાથી બે યુવાનના મોત નિપજ્યા છે. આ બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહોને બહાર કાઢી પોલીસને હવાલે કર્યા હતા. જામજોધપુર તાલુકામાં ડુબી જવાથી બે યુવાનના મોત નિપજ્યા છે. જેમાં પ્રથમ બનાવમાં મુળ બગોદરા જિલ્લાના બાસવાડા ગામના હાલ ગીંગણી ગામે ધીરૃ ફળદુના ડેલામાં રહેતો અને ખેતમજૂરી કામ કરતો રાજેશ ભૈરાભાઈ ડોડિયા (ઉ.વ. ૧૯)નો યુવાન મજૂરીકામ પૂર્ણ કરીને વેણુ નદીના પુલ પાસે પાણીમાં ન્હાવા પડયો હતો. જેમાં વહેતા પાણીમાં અકસ્માતે ડૂબી જતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ મનોહર ભૈરાભાઈ ડોડિયાએ પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં શામેલ ધોળાવીરામાં હડપ્પન થીમ ઉપર બોલિવૂડ સેટનું ટેન્ટ સિટી તૈયાર

ભુજ

સિંધુ ખીણની સભ્યતા એ ભારતનો પ્રાચીન વારસો છે. વિશ્વની સૌથી જૂની નગરીય સંસ્કૃતિ ધરાવતાં ધોળાવીરામાં આ દિવાળીથી પ્રવાસીઓને રહેવાની સુવિધા મળી રહેશે. કચ્છમાં રણ ઉત્સવ અંતર્ગત જ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં શામેલ ધોળાવીરામાં હડપ્પન થીમ પર બોલિવૂડ સેટ સાથેનું ટેન્ટ સિટી તૈયાર થઈ ગયું છે.



યુનેસ્કોએ જુલાઈ 2021માં કચ્છ જિલ્લામાં હડપ્પા સભ્યતાના સ્થળ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ તરીકે ઘોષિત કર્યું હતું.

ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુશી વ્યક્ત કરી હતી. ધોળાવીરામાં પ્રવાસીઓને સુવિધા વધારવા માટે 1લી નવેમ્બરથી ટેન્ટ સિટી શરૂ કરવામાં આવી રહી છે. ધોળાવીરા ટેન્ટ સિટીના મેનેજર અમિત ગુપ્તાએ જણાવ્યું હતું કે ધોળાવીરા નજીક નવી ટેન્ટ સિટીનું નિર્માણ થઈ ચૂક્યું છે. જેનાથી પ્રવાસીઓ વર્લ્ડ હેરિટેજ સાઈટની એક રોમાંચક મુલાકાત બની રહેશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ટેન્ટ સિટીને હેરિટેજ લુક આપવામાં આવ્યો છે, જે પ્રથમ દ્રષ્ટિએ તો બોલીવુડ અભિનેતા રિતિક રોશનની ફિલ્મનો સેટ જ લાગશે. આ ટેન્ટ સિટીનું નિર્માણ સિંધુ ખીણ સંસ્કૃતિના શહેર લોથલ અને મોહેં જો દડોની થીમ પર કરવામાં આવ્યું છે.

# રાજકોટમાં વિદ્યાર્થી આપઘાત કેસમાં ત્રણ શિક્ષક વિરુદ્ધ ગુનો

રાજકોટ

રાજકોટ જિલ્લાના લોધીકામાં વિધાર્થી દ્વારા આપઘાત કરવામાં આવ્યો હતો. જેમાં તેણે શાળાના શિક્ષકો વિરુદ્ધ ફરિયાદ કરતા એક વીડિયો બનાવીને પોતાની આપવીતિ જણાવી હતી. ત્યારે પોલીસે સ્યુસાઈડ નોટ અને વીડિયોના આધારે ત્રણ શિક્ષકો સામે ગુનો નોંધ્યો હતો. બીજી તરફ પરિવારજનોએ શિક્ષકોને કાયમ માટે સસ્પેન્ડ કરવાની માગ કરી છે. દરમિયાન આ કેસમાં બે શિક્ષિકા અને એક શિક્ષક સામે ફરિયાદ નોંધાઈ છે. માધ્યમિક સ્કૂલના ત્રણ શિક્ષકોના ત્રાસ અને ધમકીના કારણે વિધાર્થીએ સ્યુસાઈડ કર્યુ હોવાની વાત સામે આવી હતી જેને પગલે શિક્ષણ વિભાગ દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને શાળામાં તપાસ શરૂ કરવામાં આવી છે, શાળામાં અન્ય વિધાર્થીઓના નિવેદન પણ નોંધવામાં આવશે.

# અમદાવાદમાં નકલી કોર્ટ અને જજ પણ નકલી

**અમદાવાદ**

ગુજરાતમાં કરોડોની જમીન પચાવી પાડવા ઊભી કરાઈ નકલી કોર્ટ અને બની બેઠેલા જજ મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિનનો કેસ હાલ ચર્ચામાં છે, ત્યારે સમગ્ર મામલે નકલી લવાદ મોરિસને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે નકલી જજના 11 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપી કથિત એડવોકેટ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયને અમદાવાદમાં બોગસ આર્બિટ્રેશન ઉભુ કરીને બાકાયદા કોર્ટ, જજ અને વકીલ, ક્લાર્ક, બેલીફ રાખી પાલડી ખાતેની સરકારી જમીનનો હુકમ કરતો હતો. આ કેસમાં અમદાવાદમાંથી પકડાયેલા નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના, કોર્ટે આગામી 3 નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ દરમિયાન નકલી જજ મોરિસ ક્રિશ્ચિયન હજુ પણ સેશન્સ જજની સમકક્ષ હોવાનો દાવો કરી રહ્યો છે. પાલડીમાં આવેલ રેવન્યુ સર્વે નં 306ની ટીપી 6ના ફાઈનલ પ્લોટ 32ની સરકારી જમીન હોવા છતા મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનએ ઠાકોર બાબુજી છનાજીને ઉભા કર્યા હતા અને આર્બીટેશનમાં તે મિલકત તેમની હોવાનો એવોર્ડ કર્યો હતો. તે એવોર્ડનું પાલન કરાવવા માટે બાબુજી ઠાકોરે દીવાની દરખાસ્ત સેશન્સ કોર્ટમાં દાખલ કરી હતી. જેમાં સામેવાળા પક્ષકાર તરીકે કલેક્ટરને દર્શાવવામાં આવ્યા હતા. જેથી સરકાર તરફે એડવોકેટ હરેશ શાહ અને વિજય બી. શેઠ હાજર રહ્યાં હતાં. તેમણે મિલકત અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ મામલે લવાદની નિમણૂંક કરવામાં આવી છે. પરંતુ લવાદની નિમણૂંક બન્ને પક્ષની સમંતીથી નિમવી પડે. આ કેસમાં સરકારે કોઈ જ સમંતિ આપી ન હતી. ઉપરાંત સરકાર ક્યારેય લવાદ નિમતી જ નથી. જેથી મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિયને ખોટા આદેશ કરી જાતે જ લવાદ નિમ્યા હોવાનો ખુલાસો થયો હતો અને પછી આખુંય કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું.

### સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં વકીલ બની જામીન પણ મેળવ્યા હતા!

અમદાવાદ: આરોપી મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનની સામે હાઇકોર્ટની અવમાનના, નકલી જજ બનીને લોકો પાસેથી નાણાં પડાવવા, સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં નકલી વકીલ બનીને કામ કરવા સહિતના ગંભીર આરોપો છે. સોહરાબુદ્દીન કેસમાં વકીલ બનીને તેણે જામીન મેળવવાની પ્રક્રિયા પણ કરી હતી.


CLASSIFIED
ક્લાસીફાઈડ

REQUIRED NANNY
Looking for a live in Nanny for house work in Nobleton, King City
Contact : 905-781-2645


## વડોદરા : સફાઈ સેવકોને નોકરી નહીં મળતા ભાજપના જ કાર્યકર આમરણાંત ઉપવાસ પર ઉતર્યા

વડોદરા : વડોદરા શહેરમાં પૂર અને કોરોના સમયમાં સફાઈ સેવકોએ શહેરને સ્વચ્છ બનાવવા મહેનત કરી હતી એવા 170 જેટલા સફાઈ સેવકોની ભરતી કરવામાં નહીં આવતા મંગળવાર ભાજપના કાર્યકર્તા ચંદુભાઈ સોલંકીએ આમરણાંત ઉપવાસ તેમના ટેકેદારો સાથે શરૂ કર્યા હતા.

વડોદરા કોર્પોરેશનમાં સફાઈ કામદારો તેમજ કોન્ટ્રાક્ટના કામદારો અંગે તાજેતરમાં સફાઈ કામદાર યુનિયન દ્વારા સતત 15 દિવસ સુધી આંદોલન ચાલ્યું હતું. તે બાદ હવે ભાજપના જ કાર્યકર્તા ચંદુભાઈ સોલંકીએ આમરણાંત ઉપવાસની શરૂઆત કરી હતી. તેઓએ બાબાસાહેબ આંબેડકરના બંધારણને સાથે રાખી માંગણી કરી છે કે પ્રધાનમંત્રી એક બાજુ દલિત સમાજના મહિલાના પગ ધોતા હોય તો બીજી બાજુ વડોદરાના ભાજપના જ આગેવાનો સફાઈ સેવકોને અન્યાય કરી રહ્યા છે.

સફાઈ સેવકોએ પૂરની પરિસ્થિતિ દરમિયાન કામગીરી કરી છે તે સમયે એક કોન્ટ્રાક્ટરે અમદાવાદથી સફાઈ સેવકો આવ્યા છે તેવા દેખાડા કરી કર્મચારીઓને ગેરમાર્ગે દોર્યા હતા અને પૂરતો પગાર પણ આપ્યો ન હતો. હવે આવા 170 સફાઈ સેવકોને કોર્પોરેશનમાં નોકરી નહીં આપતા આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે.

## નકલી કોર્ટ ચલાવતા નકલી જજની ડિગ્રી પણ નકલી

અમદાવાદ : નકલી જજ બનેલા મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનનો મામલો વિદેશ સુધી પહોંચ્યો છે. નકલી જજના નકલી ડિગ્રી સર્ટિફિકેટને લઈને વેસ્ટ આફ્રિકાના ઘાનાની કોમનવેલ્થ વોકેશનલ યુનિવર્સિટીએ નોટિસ ફટકારી છે. આ યુનિવર્સીટીની તસવીરો વાયરલ થઈ હતી. જેના આધારે પોલીસે તપાસ કરતા યુનિવર્સિટીનો સંપર્ક સાધ્યો હતો. આ દરમિયાન કોમનવેલ્થ વોકેશનલ યુનિવર્સિટીએ કહ્યું હતું કે, 'જો કોઈપણ છેતરપિંડી થાય છે તો યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.' આ સિવાય આરોપીની ઈન્ટરનેશનલ લો ડિગ્રી સામે પણ સવાલ ઉભો થયો છે. આરોપી કથિત એડવોકેટ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયને અમદાવાદમાં બોગસ આર્બિટ્રેશન ઉભુ કરીને બાકાયદા કોર્ટ, જજ અને વકીલ, ક્લાર્ક, બેલીફ રાખી પાલડી ખાતેની સરકારી જમીનનો હુકમ કરતો હતો. મોરિસ ક્રિશ્ચિયન હજુ પણ સેશન્સ જજની સમકક્ષ હોવાનો દાવો કરી રહ્યો છે.

## ચીફ જસ્ટિસના નામે વૃદ્ધને કર્યા ડિજિટલ અરેસ્ટ, રૂા. 1.26 કરોડનો ચૂનો લગાવ્યો

અમદાવાદ : અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા એક સિનિયર સિટીઝનને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નામે બે કરોડ રૂપિયાનું ગેરકાયદેસર ટ્રાન્જેક્શન થયાનું કહીને ડીજીટલ અરેસ્ટ કર્યા બાદ રૂપિયા 1.26 કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં સાયબર ક્રાઈમ સેલના અધિકારીઓએ અમદાવાદમાં રહેતા ચાર યુવકોની ધરપકડ કરી છે. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા નિવૃત અધિકારીને 25 દિવસ પહેલા અજાણ્યા મોબાઈલ નંબર પરથી સીબીઆઈ અને સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જસ્ટિસના નામે કોલ આવ્યો હતો. જેમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમના નામે બે કરોડ જેટલી રકમના ગેરકાયદેસર વ્યવહાર થયા છે. આ નાણાં આતંકી ફંડના હોવાની શક્યતા છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટમાં રિક્વેસ્ટ કરીને ડીજીટલ અરેસ્ટ કરીને પુછપરછ થશે. જેથી સિનિયર સિટીઝન ડરી ગયા હતા. બાદમાં તેમને વિડીયો કોલથી ડીજીટલ એરેસ્ટ થયાનું કહીને તેમના બેંક એકાઉન્ટ, ફિક્સ ડીપોઝીટ અને અન્ય રોકાણોની વિગતો મેળવીને આશરે 1.26 કરોડ જેટલી રકમ ચકાસવાનું કહીને અલગ અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી હતી. વેરીફીકેશન બાદ 48 કલાકમાં નાણાં પરત આપી દેવાનું કહીને ફોન કટ કરી દીધો હતો. આ કેસની તપાસ સાયબર ક્રાઈમ સેલ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

## મારું એનકાઉન્ટર કે હત્યા થાય તો IPS પાંડિયન જવાબદાર : જિજ્ઞેશ મેવાણી

ગાંધીનગર : ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં દલિતોના પ્રશ્નો અંગે રજૂઆત કરવા ગયેલાં વડગામના ધારાસભ્ય અને કોંગ્રેસના નેતા જિજ્ઞેશ મેવાણી અને આઈપીએસ રાજકુમાર પાંડિયન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ પ્રકરણમાં બને વચ્ચે વિખવાદ વકર્યો છે. ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ એવો ભય વ્યક્ત કર્યો છે કે, 'જો મારું કે મારા પરિવારના સભ્યનું એન્કાઉન્ટર કે હત્યા થાય તો આઈપીએસ પાંડિયન જવાબદાર રહેશે.'

કચ્છ, સુરેન્દ્રનગર સહિત જુદા જુદા જિલ્લામાં દલિતોની જમીનો અસામાજીક તત્ત્વોએ પચાવી પાડી છે. ત્યારે આ મામલે સ્થાનિક જિલ્લા તંત્રના અધિકારીઓને વારંવાર રજૂઆત કર્યા પછી નિરાકરણ આવી શક્યું નથી. આ પ્રકરણ મુદ્દે અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવનમાં પત્રકાર પરિષદ સંબોધતા જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, 'દલિતોના પ્રશ્નો માટે ગુજરાત સીઆઈડી, એસસી-એસટી, માનવ અધિકારના અધિક પોલીસ મહાનિર્દેશક રાજકુમાર પાંડિયને રજૂઆત કરવા પહોંચ્યા હતા. ત્યારે તેમણે પ્રોટોકોલનું ઉલ્લંઘન કરી મારી સાથે અણછાજતુ વર્તન કર્યુ હતું.

## ટેક્સની આવકમાંથી ગુજરાતને મળતો હિસ્સો 50 ટકા કરવા દરખાસ્ત, બજેટ કરતાં દેવું વધુ

### નાણાં પંચની ટીમ રાજ્યની મુલાકાતે : કેન્દ્રમાંથી રાજ્યોને મળતા હિસ્સામાં વધારો કરવા માંગ

અમદાવાદ : ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં ખર્ચની પ્રાથમિક જવાબદારી છે. જેને લઈને રાજ્ય સરકારે વિભાજ્ય પુલમાંથી રાજ્યોને વહેંચવાનો હિસ્સો પ્રવર્તમાન 41 ટકાથી વધારીને 50 ટકા કરવામાં આવે તેવો પ્રસ્તાવ કેન્દ્રીય નાણા પંચ સમક્ષ રજૂ કર્યો છે. તો બીજી તરફ ગુજરાતમાં જાહેર દેવાની રકમમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આઠ વર્ષ પછી રાજ્યનું જાહેર દેવું લગભગ બમણું થઈ રહ્યું છે. કેન્દ્રીય 16માં નાણા પંચના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયા તેમજ અન્ય ચાર સભ્યો બે દિવસના ગુજરાત પ્રવાસે છે. તેમની સમક્ષ રાજ્યના મુખ્યમંત્રી, ચીફ સેક્રેટરી અને મુખ્યમંત્રીના અગ્ર સલાહકારે આ મેમોરેન્ડમ રજૂ કર્યું હતું, જેમાં મુખ્ય માગણી વિભાજ્ય પુલ એટલે કે કેન્દ્રમાંથી રાજ્યોને મળતા હિસ્સામાં વધારો કરવાની છે. આ અંગે પંચના અધ્યક્ષે મીડિયા સાથેના વાર્તાલાપમાં કહ્યું હતું કે, 'અમારી સમક્ષ જે દરખાસ્ત આવી છે તેમાં વ્યાપક વિચારણાના અંતે 43થી 45 ટકા સુધીની ભલામણ કરી શકાય તેમ છે, જો કે આખરી નિર્ણય ભારત સરકાર પર છોડવામાં આવશે.'

ડો. પનગઢિયાએ જણાવ્યું હતું કે, 'છેલ્લા 10 વર્ષમાં દેશના એવરેજ રીયલ ડીજીપી ગ્રોથ રેટ છ ટકા સામે ગુજરાતનો ગ્રોથ રેટ 8.5 ટકા છે. મેન્યુફેક્ચરિંગ સ્ટેટ તરીકે ડેવલોપમેન્ટ સ્ટ્રેટેજીથી ગુજરાત ભારતનું પ્રથમ સાઉથ કોરિયા, તાઈવાન બનવા માટે તૈયાર થઈ રહ્યું છે.

## અતિવૃષ્ટિ માટે 1418 કરોડની સહાય જાહેર

### 20 જિલ્લાના ખેડૂતોને રાહત પેકેજનો મળશે લાભ

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્ત્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે 1419.62 કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી 362 કરોડની સહાય આપવામાં આવશે. કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, 6 હજારથી વધુ ગામોના આશરે 7લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે.





### 'સિંગના દાણા સમાન જાહેરાત', કોંગ્રેસ પ્રમુખની પ્રતિક્રિયા

કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, 'ગુજરાત સરકારે આજે ખેડૂતો માટે નાની જાહેરાત કરી છે અને બૂબળાંગ એવી ફેલાવી છે કે, જાણે ખેડૂતોને માલામાલ કરી દીધા હોય. ગત ઑગસ્ટ મહિનામાં 350 કરોડની સહાયની જાહેરાત કરી, એમાં પણ ખેડૂતોની બનાવટ કરી. જેમાં એકપણ ખેડૂતનું પિયત ના સ્વીકાર્યું. જ્યારે આજે જે જાહેરાત કરી છે એ માત્રને માત્ર સિંગના દાણા સમાન છે. ખરેખરે ખેડૂતોને એક લાખ કરોડ કરતા પણ વધુ નુકસાન થયું છે.

## અમેરિકાના વિઝા અપાવવાના નામે અમદાવાદમાં 42 લાખની છેતરપિંડી

**અમદાવાદ**

ગુજરાત CIDએ અમદાવાદના વેપારી સાવન પટેલ અને અન્ય પાંચ-છ લોકો સાથે કુલ રૂ. 41.75 લાખની છેતરપિંડી થઈ હોવાનો કેસ નોંધ્યો છે. સાવન પટેલ માર્ચ 2023માં એક મિત્ર મારફતે ચિતન મિશનને મળ્યો હતો. ચિતન બાપુનગર વિસ્તારમાં કોમ્પ્યુટર રીપેરીંગની દુકાન ચલાવતો હતો. પોતાને વિઝા કન્સલ્ટન્ટ ગણાવતા, તેણે પટેલને 4 લાખ રૂપિયામાં બે બાળકો માટે વિઝા એપોઈન્ટમેન્ટ અપાવવાની ખાતરી આપી. ચિતને દાવો કર્યો હતો કે તેનો પિતરાઈ ભાઈ સાગર હેદરાબાદમાં ઈમિગ્રેશન વિભાગમાં કામ કરે છે અને તેને યુએસ વિઝા અપાવી શકે છે. આ પછી સાવન પટેલે ચિતન સાથે વધુ ચાર લોકોનો સંપર્ક કરાવ્યો, તેમણે ચિતનને રૂ.3 લાખ એડવાન્સ આપ્યા. ચિતન અને તેના પિતરાઈ ભાઈએ અમેરિકન ટૂરિસ્ટ વિઝાના નામે લોકો પાસેથી વ્યક્તિદીઠ 4 લાખ રૂપિયા વસૂલવાની યોજના બનાવી હતી. સાવન પટેલ અને તેના મિત્રોએ ચિતનને કુલ 19 લાખ રૂપિયા આપ્યા હતા. આ પછી ડિસેમ્બરમાં ચિતને વધુ ત્રણ લોકોને શિકાર બનાવ્યા અને તેમની પાસેથી 14 લાખ રૂપિયા પડાવી લીધા. ફેબ્રુઆરી 2024 માં, ચિતન સાવન પટેલને હૈદરાબાદ લઈ ગયો અને વિઝા પ્રોસેસના નામે 6.75 લાખ રૂપિયાની ઉચાપત કરી હતી.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### એક સમયના વિશ્વના સમુદ્ધ શહેરમાં હવે સંભળાઈ છે શરણાર્થીઓની વ્યથાઓ

# લેબનોનના બૈરુતની જાહોજહાલી આતંકવાદમાં હોમાઈ

એક સમયે વિશ્વના સૌથી સુંદર અને સમૃદ્ધ શહેરો પૈકીનું બૈરુત આતંકવાદનો ભોગ બનતા આજે ખંડેરોમાં ફેરવાઈ ગયું છે. વર્ષ ૧૯૭૫થી બૈરુતનું વાતાવરણ બદલાવા લાગ્યું અને ત્યાં ગૃહયુદ્ધ શરૂ થઈ ગયું. ત્યાર પછીનાં ૧૫ વર્ષોમાં બૈરુતમાં હિંસાનો દોર ચાલ્યો જેને કારણે દોઢ લાખ લોકોએ જીવ ગુમાવ્યા અને લગભગ દસ લાખ લોકોએ હિજરત કરી. લેબનોનનું આ શહેર એક સમયે ભારતનાં લોકોનું માનીતું પર્યટન સ્થળ હતું. હોલિવૂડ તેમજ બોલિવૂડની અનેક ફિલ્મોના શૂટીંગ પણ થતાં હતાં. મધ્યમાંથી પસાર થતી ગ્રીન લાઈનને કારણે તે બે ભાગમાં વહેંચાયેલું છે.



૧૯૫૫થી ૧૯૭૫ સુધી બૈરુતનો સુવર્ણકાળ હતો. આ સમયે આ શહેર, મધ્ય પૂર્વનું સાંસ્કૃતિક અને નાણાંકીય કેન્દ્ર બની ગયું. આ તે સમય હતો જ્યારે આઈન-અલ-માસીંહના દરિયાકિનારે વૈભવી ફાઈવ-સ્ટાર હોટેલો શરૂ થઈ હતી. ૧૯૮૨માં ઈઝરાયેલના હુમલા પછી અરામકો વર્લ્ડ મેગેઝિનમાં યુરોપિયન લેખકોના ઘણા લેખો પ્રકાશિત થયા હતા, જેમાં તેઓએ યુદ્ધ પહેલાંના લેબનોનનું વર્ણન કર્યું હતું. આ સાથે જ તેની સમૃદ્ધિ અને માતબર અર્થવ્યવસ્થાના વિનાશ અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું. આ બધું હોવા છતાં ઘણા વિખ્યાત લોકોએ મુશ્કેલ દિવસોમાં પણ બૈરુતમાં આશરો લીધો હતો. તેમાંથી એક મહાન ઉર્દૂ કવિ ફૈઝ અહેમદ ફૈઝ હતા. જનરલ ઝિયાઉલ હકના શાસન દરમિયાન જ્યારે ફૈઝ માટે પાકિસ્તાનમાં રહેવું મુશ્કેલ બન્યું ત્યારે તેમણે બૈરુતમાં અશાંતિ હતી તો પણ થોડાં વર્ષો વિતાવ્યાં હતાં. ત્યાં રહીને તેમણે લોટસ મેગેઝીનનું સંપાદન કર્યું હતું.

અહીં એક સમયે પૂર્વીય પ્રદેશમાં ખ્રિસ્તી લડવૈયાઓનું વર્ચસ્વ હતું, જ્યારે પશ્ચિમ ક્ષેત્ર પેલેસ્ટિનિયન અને સુન્ની લડવૈયાઓનો ગઢ હતો. ૧૯૭૮માં સીરિયન સૈનિકો બૈરુતમાં પ્રવેશ્યા હતા, જેઓ પોતાની તોપો વડે પૂર્વ વિસ્તારને નિશાન બનાવતા હતા. ૧૯૮૨ના લેબનોન યુદ્ધ દરમિયાન પશ્ચિમ બૈરુતનો મોટો હિસ્સો ઈઝરાયેલના નિયંત્રણ આવી ગયો હતો. બૈરુતના સુવર્ણ યુગના સેન્ટ જ્યોર્જ હોટેલ જેવાં ઘણાં સીમાચિહ્નો પણ આ ગૃહ યુદ્ધને કારણે જ નાશ પામ્યાં હતાં. બૈરુતનું સૌથી પ્રસિદ્ધ સીમાચિહ્ન સેન્ટ જ્યોર્જ હોટેલ હતી, વર્ષ ૧૯૩૪માં બનેલી આ હોટલની ડિઝાઈન ફ્રેન્ચ આર્કિટેક્ટ ઓગસ્ટ પેરે દ્વારા તૈયાર કરાઈ હતી. જે વિશ્વનાં પ્રખ્યાત લોકોની માનીતી હતી. નજીકના રુ ડી ફિનિસીમાં રાતોરાત નવી નાઈટ ક્લબો ખુલી ગઈ હતી, જ્યાં હોલીવુડના સ્ટાર્સ અને તેલના કૂવાઓના માલિકો મજા માણવા આવતા હતા. અમેરિકન યુનિવર્સિટી નજીકમાં હતી, જે આખા શહેરનું એક પ્રકારનું બૌદ્ધિક કેન્દ્ર હતું. પ્રસિદ્ધ ફ્રેન્ચ અભિનેત્રીઓ બ્રિજેટ બાર્ડોટ, પીટર ઓ'ટૂલ, માર્લોન બ્રાન્ડો, લિઝ ટેલર અને રિચર્ડ બર્ટન, જોર્ડનના રાજા હુસૈન અને ઈરાનના શાહ રેઝા પહલવી જેવા શાહી પરિવારનાં લોકો સાથે લટાર મારતી હતી.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ઈરાનના શાહ ઘણી વખત તેમની પત્ની સુરૈયા સાથે ત્યાં રજાઓ ગાળતા હતા. તે સમયના બૈરુતની તુલના કોઈ પણ આધુનિક યુરોપિયન શહેર સાથે કરી શકાય તેમ હતું. બૈરુતની હમરા સ્ટ્રીટની સરખામણી પેરિસના પ્રખ્યાત ચેમ્પ્સ-એલિસીસ સાથે કરવામાં આવી હતી. અહીં સુંદર ફેશન સ્ટોર્સ, થિયેટર, બુટીક, રેસ્ટોરાં, કાફે અને હોટેલોની હારમાળા હતી, જ્યાં વિશ્વભરનાં કલાકારો, કવિઓ, બૌદ્ધિકો અને લેખકો ભેગાં થતાં હતાં. એકલા હમરા સ્ટ્રીટ પર એક ડઝનથી વધુ સિનેમાઘરો હતાં, જેમાંથી એલ્ડોરાડો, પિકાડિલી અને વર્સેલ્સ ખાસ કરીને પ્રખ્યાત હતાં. બૈરુતની મધ્યમાં જૂનાં બજારો પણ હતાં, જ્યાં સ્થાનિક લોકો ખરીદી કરતાં હતાં.

બૈરુત પર ફ્રાન્સનો પ્રભાવ પહેલેથી રહ્યો હતો. કારણ કે, તે પ્રથમ વિશ્વયુદ્ધથી ફ્રેન્ચ સરકારના કબજા હેઠળ હતું અને તેને ૧૯૪૩માં જ સ્વતંત્રતા મળી હતી. ૧૯૫૨માં સ્પોર્ટિંગ ક્લબ ડાઉનટાઉન બૈરુતની બહાર ખોલવામાં આવી હતી, જ્યાં બેરુતના સફળ ઉદ્યોગપતિઓ સવારે તરવા અને બપોરે કોકટેલ માટે જતા હતા. બીચની નજીક આવેલી કેસિનો ડુ લુબાન, વિશ્વભરના જુગારીઓ માટે માત્ર આશ્રયસ્થાન હતું. ડ્યુક એલિંગ્ટન જેવા પિયાનોવાદક અને જેક બ્રેલ જેવા ગાયકો ત્યાં પરફોર્મ કરતા હતા. ભૂમધ્ય સમુદ્રના પૂર્વમાં કાર્યરત કંપનીઓ બૈરુતમાં તેમનું મુખ્ય મથક સ્થાપતી હતી. કારણ કે, ત્યાં સારી શાળાઓ અને યુનિવર્સિટીઓ હતી. લેબનોન તેની ઉદાર આર્થિક નીતિને કારણે ૧૯૫૦ના દાયકામાં એક સમૃદ્ધ દેશ હતો.

૧૯૬૫ની ફિલ્મ 24 અવર્સ ટુ કિલમાં બૈરુત અને તેની આસપાસનાં દ્શ્યોને બતાવાયા હતા. આ ફિલ્મમાં માત્ર મિકી રૂનીનો અભિનય જ અદ્ભુત હતો એટલું જ નહીં, આધુનિક બૈરુત અને તેના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, સેન્ટ જ્યોર્જ હોટેલ અને કેસિનો ડુ લિબાનના મનોહર દ્શ્યોએ સમગ્ર વિશ્વનાં પ્રેક્ષકોને મોહિત કર્યાં હતાં. આ સિવાય સિક્રેટ એજન્ટ 777, વ્હેર ધ સ્પાઈઝ આર, એજન્ટ 505 જેવી બીજી ઘણી ફિલ્મોમાં બૈરુતની ઝાકમઝોળ દુનિયાએ જોઈ હતી. લેબનોનની એક તરફ બરફથી ભરેલા પહાડો અને બીજી બાજુ સુંદર દરિયાકિનારા હતા. તે સમયે મોટા થયેલા ઘણા લેબનીઝ લોકો હજુ પણ ઉનાળાની ઋતુને યાદ કરે છે. જ્યારે પ્રવાસીઓ બૈરુત જતા હતા. દેશભરમાં હરિયાળી હતી અને ઘણી જગ્યાએ લોકો પિકનિક કરતાં જોવા મળતાં હતાં. સાઠના દાયકામાં સિનેમાએ મૂવી સ્ટાર્સ અને જાસૂસો વચ્ચે બૈરુતની એક આકર્ષક રમતના મેદાન તરીકેની છબી બનાવવામાં ખૂબ મોટો ફાળો આપ્યો હતો. સિનેમા પ્રોડક્શન કંપનીઓ માટે બૈરુતનું આકર્ષણ તેની ઉદાર કર પ્રણાલીને કારણે પણ હતું.

૧૯૯૦માં યુદ્ધના અંત પછી બૈરુતના પુન:નિર્માણના પ્રયાસો શરૂ થયા અને શહેરે તેની જૂની સ્થિતિ પાછી મેળવવાની દિશામાં પગલાં લીધાં હતાં. એશિયન ક્લબ બાસ્કેટબોલ અને એશિયન ફૂટબોલ સ્પર્ધાઓ ત્યાં યોજાઈ હતી. આટલું જ નહીં છેલ્લાં ૨૫ વર્ષમાં ત્રણ વખત બૈરુતમાં મિસ યુરોપ સ્પર્ધાનું પણ આયોજન થયું. આજથી સાત વર્ષ પહેલાં એટલે કે, ૨૦૧૭માં એક્ઝિક્યુટિવ મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં લેબનોન ફરી પ્રવાસીઓ માટે પસંદગી બની રહ્યું હોવાનો ઉલ્લેખ હતો. કારણ કે, અહીંની ડિઝાઈનો અને કલા મેળા ઘણા સર્જનાત્મક લોકોને આકર્ષવામાં સક્ષમ છે.

આર્ટનેટ પોસ્ટમાં પ્રકાશિત થયેલા એક લેખમાં નોંધ હતી કે, બૈરુત ભલે શરણાર્થીઓની સમસ્યાઓ, નબળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજકીય અસ્થિરતા સાથે સંઘર્ષ કરી રહ્યું હોય, પરંતુ ત્યાંનું કલા દ્શ્ય હજુ પણ અજોડ છે. પરંતુ આ બધું હોવા છતાં બૈરુતના ભૂતકાળે તેનો પીછો છોડ્યો નહીં. દાયકાઓ સુધી શહેર એક પછી એક સંકટમાંથી પસાર થતું રહ્યું છે. મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. ત્યાંની અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ છે. ૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ બૈરુત બંદર પર એક પ્રચંડ વિસ્ફોટ થયો અને તેને કારણે ૧૮૦ લોકો મોતને ભેટ્યા હતા. આ જ ઘટનામાં ૬,૦૦૦ લોકો ઘાયલ થયાં હતાં. આ વિસ્ફોટથી શહેરનો મોટો હિસ્સો નાશ પામ્યો અને લગભગ ૩ લાખ લોકો બેઘર બન્યાં હતાં.

હવે બૈરુત પરના તાજેતરના ઈઝરાયેલ હુમલા દર્શાવે છે કે શહેર હજુ સુધી વિનાશથી બચ્યું નથી. બૈરુતનું ઐતિહાસિક શહીદ સ્મારક, જે એક સમયે શહેરનું પ્રતીક હતું, ત્યાં હવે શરણાર્થીઓની વ્યથાઓ સંભળાઈ રહી છે. હિઝબુલ્લાહ સમર્થકો અને દક્ષિણ લેબનોનના શિયા પ્રભાવિત વિસ્તારોનાં નાગરિકો બૈરુત શહેરમાં આશરો લઈને તેમના જીવન માટે ઉત્તર તરફ ભાગી રહ્યાં છે. દક્ષિણ બૈરુત પર ચાલી રહેલા હુમલાઓ હવે બૈરુત શહેરના કેન્દ્ર સુધી પહોંચી જતા એક સમયનું સમુદ્ધ શહેર હવે ખંડેર બની ચૂક્યું છે.

**1955થી 1975 સુધી બૈરુતનો સુવર્ણકાળ હતો. આ સમયે શહેર મધ્ય પૂર્વનું સાંસ્કૃતિક અને નાણાંકીય કેન્દ્ર હતું. સુંદર ફેશન સ્ટોર્સ, થિયેટર, બુટીક, રેસ્ટોરાં અને હોટેલોની હારમાળાને કારણે અહીં ફિલ્મોના શુટીંગ થતા હતા, પરંતુ 1982થી શરૂ થયેલા હુમલા હજી અટક્યા નથી**

# મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન એટલે રમા એકાદશી

ભગવાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે, `હે રાજન! રમા એટલે સ્ત્રી', `યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા:' નારી તું નારાયણી. જેની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ ને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની શક્તિ છે તેનું નામ સ્ત્રી.

સ્ત્રીની સર્વોત્તમ પરિભાષા છે સ્નેહ, સમર્પણ અને સહનશીલતા. સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત્ મૂર્તિ, સ્ત્રી થકી જ પુરુષની અવનતિ કે ઉન્નતિ સર્જાય છે. સ્ત્રીની સાચી શોભા અલંકારમાં નહીં, સદ્ગુણોમાં છે. સ્ત્રીની અંતરંગ ધારાનો સહજ સ્વર છે સમર્પણ, પ્રતીક્ષા અને પ્રીતિ. આ ત્રણેયના સંગમથી સ્ત્રી તીર્થ બને છે. સ્ત્રીની વ્યવસ્થાશક્તિ, દીર્ઘદૃષ્ટિ, ઉત્સાહ, આવડત અને કરકસર પર આદર્શ ગૃહનું નિર્માણ થાય છે, માટે કહ્યું છે કે, `ગૃહિણી ગૃહં ઉચ્યેત' સ્ત્રી વગર ગૃહસ્થાશ્રમ અધૂરો જ રહે છે. સ્ત્રી સંસારની શોભા છે. સુંદર અને સુશીલ નારી સર્જનહારની સૃષ્ટિની સર્વોત્તમ કૃતિ છે. સ્ત્રી એ આ અવની પરનું જીવતું કાવ્ય છે. સ્ત્રીનું સમગ્ર અસ્તિત્વ જ પ્રેમ છે. સ્ત્રીની જિંદગીમાંથી પ્રેમ લઈ લેવામાં આવે તો પછી કશું જ બાકી રહેતું નથી. વર્ષો પૂર્વે મુચુકુંદ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઈન્દ્રનો પરમ મિત્ર હતો. આ વિષ્ણુભક્ત કુબેર, યમ, વિભીષણ વગેરેનો પણ મિત્ર હતો. તેની પુત્રી ચંદ્રભાગા રાજકુમાર શોભનને પરણી હતી. એક વખત શોભન શ્વસુરગૃહે આવ્યો. રાજાએ સૌને ઢોલ પિટાવીને આસો વદ દસમના દિવસે આદેશ આપ્યો હતો કે એકાદશીનું વ્રત દરેકે કરવું. શોભને પણ ઉપવાસ કર્યો, પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઈ, પરંતુ પિતાએ તેમ કરવાની ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મૃત્યુ બાદ મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઈન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી.

> કામધેનુતુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. રમા એકાદશીનું વ્રત આબાલવૃદ્ધ એમ સૌ કોઈ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે.

મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું. વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું અને દિવ્ય દેહે શોભનનું સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું. કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથા ચિંતામણીતુલ્ય છે. જે લોકો આ કથાનું શ્રવણ-પઠન કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે. રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીના કહેવાથી આસો વદ એકાદશીનું વ્રત મુચુકુંદ રાજાએ વિધિપૂર્વક કર્યું હતું અને આ રાજા તથા તેમની રાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે. કામધેનુતુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. રમા એકાદશીનું વ્રત આબાલવૃદ્ધ એમ સૌ કોઈ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે.

# સ્વસ્થ રહેવા માટે દિવાળીના તહેવારમાં આ ઉપાયો જરૂરી

જ્યોતિષશાસ્ત્ર અનુસાર પોતાના જીવનને નિરોગી બનાવી આ તહેવારોનો આનંદ માણી શકે છે. સૂર્યની પૂર્ણ શક્તિને પ્રાપ્ત કરવા માટે દિવાળીમાં સૂર્યોદય પહેલાં ઊઠીને સ્નાનકર્મથી પરવારીને સૂર્યને અર્ઘ્ય આપવો. ત્રાંબાના કળશમાં શુદ્ધ જળ+ લાલ પુષ્પ + કંકુ મિશ્રિત કરીને સૂર્યને અર્ઘ્ય આપવો. અર્ઘ્ય આપતા સમયે ગાયત્રી મંત્ર અથવા `ૐ ઘૃણિ સૂર્યાય નમ:' મંત્રના 21 વાર જાપ કરવાથી શરીરનાં હાડકાંના રોગમાં રાહત મળે છે.

હૃદયરોગની તકલીફવાળી વ્યક્તિઓએ કાળીચૌદશના દિવસે 1008 મહામૃત્યુંજયના રુદ્રાક્ષની માળા પર જાપ કરી તે રુદ્રાક્ષને ધારણ કરવાથી રાહત મળી શકે.



ડાયાબિટીસના દર્દીઓએ ધનતેરસના દિવસે સંધ્યાકાળે શ્રી મહાલક્ષ્મીજીનું પૂજન કરી ચોખ્ખા ગાયના ઘીમાંથી બનાવેલી સફેદ રંગની મીઠાઈ ધરાવવાથી રાહત મળી શકે.

શ્વાસની તકલીફ હોય તેઓ કાળીચૌદશના દિવસે ભૈરવ મંદિરે જઈને ખીર ધરાવે તો રાહત મળે છે. પગમાં દુખાવો અસહ્ય રહેતો હોય, ચાલવાની તકલીફ હોય તેમણે કાળીચૌદશે હનુમાનજીના મંદિરે જઈ ચોલો તથા ધ્વજા ચઢાવવાથી પગમાં રાહત જણાય છે.

ત્વચા રોગથી પીડિત હોય તેમણે દિવાળીના દિવસે એક ગોમતીચક્ર શુદ્ધ જળમાં ઓછામાં ઓછું ત્રણ કલાક રાખવું ત્યારબાદ તે ગોમતીચક્રને બહાર કાઢી લઈ તે જળથી સ્નાન કરવું. ચોક્કસ લાભ થશે. યાદશક્તિ ઓછી હોય તેમણે કાળીચૌદશે સવારે શિવલિંગ પર 1 કિલો મગ સ્પર્શ કરાવી જરૂરિયાતમંદોને દાન કરવું. લાભ થશે.

શરીરમાં કાયમ અશક્તિ રહેતી હોય તેમણે કાળીચૌદશે પંચમુખી હનુમંત કવચ (પુરુષ) ધારણ કરે તો શક્તિ પ્રદાન થાય છે.

પેટસંબંધી,પાચનસંબંધી કોઈ પણ પ્રકારની તકલીફ હોય તેમણે કાળીચૌદશે મહાકાળી માતાને 21 લીંબુનો હાર ચઢાવી, એક શ્રીફળ ચઢાવવાથી તકલીફ દૂર થાય છે.

લોહી સંબંધી કોઈ પણ પ્રકારની તકલીફ હોય તેમણે શ્રી મહાલક્ષ્મીજીને દિવાળીએ 21 કમળ ચઢાવી, શ્રી સુક્તમનો પાઠ કરવો જોઈએ. આંખ સંબંધી કોઈ પણ તકલીફ હોય તો કાળીચૌદશે બટુક ભૈરવ મંત્ર `ૐ બં બટુક ભૈરવાય નમ:'ના 1008 વાર જાપ કરવા. મુખના કોઈ પણ પ્રકારના રોગ હોય તેમણે ધનતેરસે દક્ષિણાવર્તી શંખથી માતા મહાલક્ષ્મી પર ગુલાબજળનો અભિષેક કરવો.

ધમની (નસ) સંબંધિત કોઈ રોગ હોય તો કાળીચૌદશે ત્રિમુખી રુદ્રાક્ષ સિદ્ધ કરીને લાલ દોરામાં ધારણ કરવાથી રાહત મળી શકે.

ફેફસાં સંબંધિત કોઈ રોગ હોય તેવી વ્યક્તિઓએ ધનતેરસે મહાલક્ષ્મીજીને 8 આમળા ધરાવીને તે આમળાનો રસ બનાવીને તે રસને ગ્રહણ કરે તો ફેફસાં સંબંધિત રોગમાં રાહત જોવા મળે છે.

જે કોઈ વ્યક્તિઓને શરીરમાં વિટામિનની અછત હોય તો કાળીચૌદશના દિવસે હનુમાનજીને 1 દાડમ ધરાવી તે દાડમનો રસ કાઢી પીવડાવવો જોઈએ. માથામાં દુખાવો, માઈગ્રેન જેવા રોગથી પીડાતી વ્યક્તિઓએ કાળીચૌદશે કાળા કૂતરાને દૂધ, બિસ્કિટ ખવડાવવાથી આ રોગમાં રાહત મળે છે.

નાક સંબંધિત રોગ થયા હોય તેમણે કાળીચૌદશે હનુમાનજીને આકડાનો હાર ચઢાવવો જોઈએ.

# વાક બારસ : માં સરસ્વતી અને ગાય પૂજનનું મહત્વ

વાઘ બારસએ દીપાવલી દરમિયાન ઉજવવામાં આવતો એક શુભ દિવસ છે. તે ભારત અને સમગ્ર વિશ્વમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ તહેવાર અનિષ્ટ પર સારાની જીત, અંધકાર પર પ્રકાશની જીત અને અજ્ઞાન પર જ્ઞાનની જીતનો પણ સંકેત આપે છે.

ગુજરાતી પંચાંગ મુજબ આસો વદ બારસ એટલે વાઘ બારસ. વાઘ શબ્દ સાંભળતા જ વાઘની વાત હોય તેમ લાગે છે. પણ વિષયના મુખ્ય કેન્દ્રમાં વાઘ નથી. વાક્નું અપભ્રંશ કરીને લોકોએ વાઘ કરી નાંખ્યુ છે. વાક્ શબ્દનો અર્થ વાણી, વાચા કે ભાષા થાય છે. પરંતુ વાઘના સંદર્ભે આખો તહેવાર વાઘ બારસ તરીકે ઓળખવામાં માંડ્યો. વાક્ એટલે કે વાણી. વાણી અને સંગીતની દેવી સરસ્વતી છે. તેથી તેનું આ દિવસે પૂજન કરવાનું વિશેષ મહત્વ રહેલું છે.

આ દિવસે લોકો સંપૂર્ણ ભક્તિ સાથે વાઘ બારસ અથવા ગોવત્સ દ્વાદશીની ઉજવણી કરે છે. આ દિવસે પરિણીત મહિલાઓ પોતાના બાળકોની રક્ષા માટે એક દિવસનું વ્રત રાખે છે. મહિલાઓ દિવસમાં એક જ ભોજન લેવાના કડક નિયમનું પાલન કરે છે. આ દિવસે ઘઉ અને દૂધની વસ્તુઓથી દૂર રહેવું જોઈએ એટલે કે, તેનું સેવન ન કરવું જોઈએ તેવી માન્યતા પણ ચાલી આવી છે.

આ તહેવાર દ્વાદશી પર આવે છે, એટલે કે એકાદશીના એક દિવસ પછી અને ધનતેરસના એક દિવસ પહેલા. આ તહેવાર મુખ્યત્વે સાંજના સમયે ઉજવવામાં આવે છે. વાઘ બારસ એ ગાયના રૂપમાં ભગવાનની પૂજા કરવા માટે સમર્પિત દિવસ છે. વાઘ બારસને ગાય-પૂજાનો તહેવાર માનવામાં આવે છે, કારણ કે મનુષ્યના જીવનમાં ગાયનું મહત્ત્વનું સ્થાન છે. એવી માન્યતા છે કે, ગૌમાતા બારસના દિવસે ક્ષીર સાગરમાંથી પ્રગટ થયા હતા. વસુ એટલે કે ગાય. હિન્દુ માન્યતા મુજબ ગાય માતામા 33 કરોડ દેવતાઓનો વાસ થાય છે. તેથી ગાયનું પૂજન કરવાથી બધા જ દેવતાઓનું પૂજન થઈ જાય છે.



વાક્નું અપભ્રંશ કરીને લોકોએ વાઘ કરી નાંખ્યુ છે. હકીકતમાં વાક્ શબ્દનો અર્થ વાણી, વાચા કે ભાષા થાય છે. પરંતુ વાઘના સંદર્ભે આખો તહેવાર વાઘ બારસ તરીકે ઓળખવામાં માંડ્યો છે, આ દિવસે પરિણીત મહિલાઓ પોતાના બાળકોની રક્ષા માટે એક દિવસનું વ્રત પણ રાખે છે

શ્રી વલ્લભ ભગવાન દતાત્રેયના અવતાર કૃષ્ણા નદીમાં ગાયબ થઈ ગયા હતા. કેટલાક સ્થળોએ આ દિવસ ગુરૂ અથવા ગૌવત્સ બારસના નામથી પણ ઓળખાય છે. ગૌ શબ્દ એ ગાયનો ઉલ્લેખ દર્શાવે છે તથા વત્સ શબ્દ એ વાછરડાનો ઉલ્લેખ દર્શાવે છે.

દિવાળીના તહેવારની શરૂઆત વાઘ બારસના દિવસથી થાય છે. હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે લક્ષ્મીજીની પુજા થાય એ પહેલાં સરસ્વતીની પુજા કરવામાં આવે છે. જેથી લોકો વાઘ બારસના દિવસે સરસ્વતીની પુજા કરે છે.

ઉપરાંત આ બારસને 'વાઘબારસ' તરીકે ઓળખવામાં આવી છે. વાઘ સામર્થ્યનું પ્રતીક છે. મનુષ્યે નૂતન પ્રારંભ માટે સમર્થ થવાનું છે, પરાક્રમી થવાનું છે, જોખમ ખેડવાનું છે, સ્થૂળ પ્રાપ્તિ માટે પણ આ ગુણો જરૂરી છે. પરંતુ આંતરસમૃદ્ધિ વધારવા માટે તો ઘણા વધારે સમર્થ, પરાક્રમી થવું જરૂરી છે. એ આસાન માર્ગ નથી. એટલે જોખમ ખેડવાનું છે. એવા સામર્થ્યની ઉપાસના કરવાનું પર્વ એટલે વાઘબારસ.

વાઘ બારસએ દિવાળીનાં પર્વની શરૂઆતનો દિવસ છે. ગુજરાતીઓ આજના દિવસથી ઊંબરા પૂજવાની શરૂઆત કરે છે અને તેને દિવાળીનો પહેલો દિવસ ગણે છે. ગુજરાતમાં પૂર્વ પટ્ટીના જંગલ પ્રદેશોમાં વસવાટ કરતા આદિવાસી લોકો પોતાના જાનમાલની સલામતી માટે વાઘદેવની પૂજા આ દિવસે કરતા હોય છે. આજના દિવસે લોકો ધનતેરસની પૂજાની તૈયારી પણ કરતા હોય છે. અને પૂજન સામગ્રીની ખરીદી કરતા હોય છે

## વાઘ બારસ સાથે સમુદ્ર મંથનની કથા સંકળાયેલી છે

પ્રચલિત કથા અનુસાર અમૃતની પ્રાપ્તિ અર્થે દેવો અને દાનવોએ જ્યારે સમુદ્ર મંથન કર્યું. તેમાંથી અનેકવિધ રત્નોની પ્રાપ્તિ થઈ હતી. આ સાથે જ કામધેનુનું પણ પ્રાગટ્ય થયું. દંતકથા એવી છે કે, સમુદ્રમંથનમાંથી ગાયનું પ્રાગટ્ય થયું તે દિવસ આસો વદ બારસનો હતો. એ અર્થમાં આસો વદ બારસનો દિવસ એ ગૌમાતાનો પ્રાગટ્ય દિવસ મનાય છે. એટલે જ આ દિવસે ગૌમાતાના પૂજનનો સવિશેષ મહિમા છે. ગૌમાતાનો પ્રાગટ્ય દિવસ હોઈ આ દિવસ વસુ બારસ તેમજ ગોવત્સદ્વાદશી તરીકે પણ ઓળખાય છે. અને તેને ગોવત્સ દ્વાદશી, નંદિની વ્રત, વાઘ બારસ અને વસુ બારસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન કૃષ્ણના ભક્તો ગાયની પૂજા કરે છે અને તેમને અનાજ અથવા ઘાસ ખવડાવે છે. તેઓ તેમના ઘરે પૂજા કરે છે, અને શ્રી કૃષ્ણને યાદ કરે છે. તેમાંથી કેટલાક આ દિવસે ઉપવાસ પણ કરે છે. ગાયની પૂજા કરવાની પરંપરા કામધેનુ (ગાય) ના અસ્તિત્વ પછી આવી હતી, જેણે વ્યક્તિની પાંચ ઈચ્છાઓ પૂર્ણ કરી હતી. એક કામધેનુ ગાય નંદાએ સમુદ્ર મંથન દરમિયાન મહત્વની ભૂમિકા ભજવી હતી અને ત્યારથી લોકો ગાયની પૂજા કરવા લાગ્યા હતા.

# રાશિ અનુસાર લક્ષ્મીપ્રાપ્તિના ઉપાય

ધનતેરસ અને દિવાળીના દિવસે લક્ષ્મીજીનું પૂજન-ઉપાસના બધા લોકો એકસરખી રીતે જ કરતા હોય છે, પરંતુ આ જ ઉપાસના-આરાધનાને પોતાની જન્મરાશિને ધ્યાનમાં રાખીને અને અનુકૂળ લક્ષ્મીજીના સ્વરૂપની પસંદગી કરીને કરવામાં આવે તો વિશેષ લાભ મેળવી શકાય છે. ઈષ્ટતમ લાભ મેળવવા માટે કયા રાશિના જાતકોએ લક્ષ્મીજીના કયા સ્વરૂપની અને કેવી રીતે પૂજા કરવી જોઈએ તે જાણીએ. કળિયુગમાં જીવનનિર્વાહ ચલાવવા માટે જરૂરી ધન કમાવાની ઈચ્છા રોગી, ભોગી, યોગી એમ દરેકમાં વિદ્યમાન રહે છે. દિવાળી જ એક એવો તહેવાર છે જે તન (ઉત્તમ સ્વાસ્થ્ય), મન (મનોકામનાઓ) તથા ધન (પૈસા) પ્રાપ્ત કરવાનો સોનેરી અવસર પ્રદાન કરે છે. શાસ્ત્રોમાં દિવાળીના તહેવારને જનમાનસ માટે મનોરથ સિદ્ધિનો દિવસ કહેવામાં આવ્યો છે. યંત્ર-મંત્ર, પૂજન તથા સાધના દ્વારા દેવતાઓ પાસે મનોકામનાઓ પૂર્ણ કરાવવાનો દિવસ દિવાળી છે. આ દિવસે બધા જ દેવતાઓ પ્રસન્ન મુદ્રામાં હોય છે અર્થાત્ માંગી લો જે માંગવું હોય તે! દિવાળીના દિવસે જાતક પોતાની રાશિ અનુસાર ધનની દેવી માતા લક્ષ્મીની પૂજા, સાધના કરીને જાતક પોતાના માટે સુખ, ધન, સૌભાગ્ય, સિદ્ધિ તથા આરોગ્ય મેળવી શકે છે.



### મેષ : અ.લ.ઈ.

દિવાળીના દિવસે શુક્ર યંત્ર તથા શનિ યંત્ર પર ક્રમશઃ જિરકન (શુક્ર ગ્રહનું ઉપરત્ન) તથા નીલમ જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રોથી અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપના કરો. દરરોજ તેનું દર્શન તથા પૂજન કરવાથી મા લક્ષ્મીની કૃપા થાય છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ પીળા તથા લાલ જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ચોક્કસ ધનલાભ થાય છે.

મંગળ યંત્રની સન્મુખ દિવાળીના દિવસથી શરૂ કરીને દરરોજ `ઋણહર્તા મંગલ સ્તોત્ર' નો પાઠ કરવામાં આવે તો શીઘ્ર ઋણ (દેવું, કરજ) ઊતરવા લાગે છે અને ધનની બરકત થાય છે.

દિવાળીની રાત્રિએ એક બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરીને તેના પર ઘઉં દ્વારા એક સ્વસ્તિક બનાવો, તેની ઉપર એક થાળી મૂકો. થાળીમાં કંકુ વડે `ગં' લખો. તેની ઉપર શ્વેતાર્ક ગણપતિ, શ્રીફળ તથા સાત કોડિયાં મૂકો. ચંદનની માળા વડે પાંચ વાર નીચે આપેલા મંત્રનો જાપ કરો.

**મંત્ર : ૐ સર્વ સિદ્ધિ પ્રદીયસિ ત્વં સિદ્ધિ બુદ્ધિપ્રદો ભવઃ શ્રીં।**

બીજા દિવસે પાંચ કન્યાઓને પીળા રંગની વાનગીનું ભોજન કરાવો, શ્વેતાર્કને પૂજાસ્થાન કે મંદિરમાં રાખો. બાકીની સામગ્રી જળમાં પ્રવાહિત કરો. તેનાથી ધનલાભ થવા લાગશે.



### વૃષભ : બ.વ.ઉ.

● દિવાળીના દિવસે બુધ યંત્ર તથા ગુરુ યંત્ર બનાવીને ક્રમશઃ ઓનેક્સ તથા સુનહલા જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રો દ્વારા યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપના કરીને દરરોજ દર્શન-પૂજન કરવાથી લક્ષ્મીજીની કૃપા જળવાઈ રહેશે.

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ નીલા તથા લીલા જિરકન જડાવીને શ્રીલક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

દિવાળીની રાત્રિથી શરૂ કરીને સતત 7 દિવસ મહાલક્ષ્મી યંત્રની સન્મુખ કમલગટ્ટાની માળાથી `ૐ મહાલક્ષ્મ્યૈ નમઃ' મંત્રની વિધિવત્ 11 માળાનો જપ કરવામાં આવે છે અને છેલ્લા દિવસે કોઈ બ્રાહ્મણને ભોજન કરાવવામાં આવે તો આર્થિક અનુકૂળતા આવવા લાગે છે.

દિવાળીના દિવસથી શરૂ કરીને દર શુક્રવારે શ્રી વિષ્ણુ-લક્ષ્મીનું પૂજન કરવાથી ધન તથા પ્રતિષ્ઠા મળે છે. દિવસે તુલસીની પૂજા તથા રાત્રે કાચા સૂતરને શુદ્ધ કેસરથી રંગીને નીચે આપેલા મંત્રની પાંચ માળા જપ કર્યા પછી કાર્યસ્થળે (ઓફિસ, દુકાન, ફેક્ટરી) રાખવાથી તથા રોજ તેનાં દર્શન તથા પૂજન કરવાથી ઉન્નતિ મળે છે.

**મંત્ર : ૐ શ્રીં શ્રીં હ્રીં હ્રીં ઐશ્વર્ય મહાલક્ષ્મ્યૈ પૂર્ણ સિદ્ધિં દેહિ દેહિ નમઃ।**



### મિથુન : ક.છ.ઘ.

દિવાળીના દિવસે ચંદ્ર યંત્ર તથા મંગળ યંત્ર બનાવીને ક્રમશઃ મોતી તથા મૂંગા (પરવાળું) જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રોથી યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપના કરો. તેનું દરરોજ પૂજન ને દર્શન કરવાથી લક્ષ્મી દેવીની કૃપા વરસે છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ નીલા તથા લીલા જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

ગણેશજી રિદ્ધિ-સિદ્ધિના દાતા છે અને લક્ષ્મીજી ધનનાં દેવી છે. બંનેનું સંયુક્ત યંત્ર મહાયંત્ર કહેવાય છે. દિવાળીના દિવસે આ યંત્રની પૂજા કર્યા પછી ગલ્લા કે તિજોરીમાં રાખવાથી ધનનો ભંડાર ભરેલો રહે છે અને પરિવારની દરેક વ્યક્તિ પ્રસન્ન અને સુખી રહે છે.

દિવાળીના દિવસે શ્વેતાર્કનું મૂળ કે જે શ્રી ગણેશજીનું પ્રતિરૂપ માનવામાં આવે છે તેની પૂજા કરીને મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે અને રોજ મહાલક્ષ્મીજીના નીચેના મંત્રો સાથે તેમની તથા મહાલક્ષ્મીજીની પૂજા કરવામાં આવે તો માતા લક્ષ્મીજીની કૃપા થાય છે.

**મંત્ર : ૐ હ્રીં અષ્ટલક્ષ્મ્યૈ દારિદ્રય વિનાશિની**
**સર્વ સુખ સમૃદ્ધિં દેહિ દેહિ હ્રીં ૐ નમઃ।**



### કર્ક : ડ.હ.

દિવાળીના દિવસે સૂર્ય યંત્ર તથા શુક્ર યંત્ર બનાવીને ક્રમશઃ માણેક તથા જિરકન જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રોથી યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપના કરીને દરરોજ દર્શન તથા પૂજન કરવાથી લક્ષ્મીજી પ્રસન્ન થાય છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ પીળા તથા લાલ જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

દિવાળી પછી જ્યારે પહેલી વાર ચંદ્રમા દેખાય, તે દિવસથી શરૂ કરીને પૂનમ સુધી દરરોજ રાત્રે કેળાનાં પાન પર દહીં-ભાત મૂકીને ચંદ્રને દેખાડીને તેનું મંદિરમાં દાન કરી દો. ચંદ્રમા પ્રારબ્ધના દેવતા છે જે પ્રસન્ન થઈને અચાનક જ ધનપ્રાપ્તિ કરાવે છે.

ચાંદીમાંથી બનાવેલી બે ગાયોને અભિમંત્રિત કરાવીને એક ગાય કોઈ વિદ્વાન બ્રાહ્મણને દાનમાં આપવી તથા બીજી ગાયને `કામધેનુ' દેવીની જેમ ઘરના પૂજાસ્થાનમાં રાખીને તેનું દરરોજ પૂજન તથા દર્શન કરવાથી ધનાગમન થતું રહે છે.





### સિંહ : મ.ટ.

● દિવાળીના દિવસે બુધ યંત્ર બનાવીને તેના પર ઓનેક્સ લગાવીને તથા બુધના મંત્રો દ્વારા અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે આ યંત્રની સ્થાપના કરી દો. તેનું દરરોજ દર્શન તથા પૂજન કરવાથી લક્ષ્મીજીની અસીમ કૃપા વરસે છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ પીળા તથા લાલ જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

દિવાળીના દિવસથી `ૐ નમો નારાયણાય' મંત્રનો વિષ્ણુ ભગવાન સન્મુખ રોજ જપ કરવાથી ધનલાભ થાય છે.

**`ૐ હ્રીં ક્લીં મહાલક્ષ્મ્યૈ નમઃ।'**

મંત્રનો શ્રી લક્ષ્મીજીની તસવીર અથવા યંત્ર સન્મુખ દિવાળીના દિવસથી શરૂ કરીને દરરોજ પાંચ માળા જપ કરવાથી ધનાગમન થતું રહે છે.



### કન્યા : પ.ઠ.ણ

● દિવાળીના દિવસે ચંદ્ર યંત્ર તથા શુક્ર યંત્ર બનાવીને ક્રમશઃ મોતી તથા જિરકન જડાવીને આ જ ગ્રહોના મંત્રો દ્વારા યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપના કરો. તેનું દરરોજ દર્શન તથા પૂજન કરવાથી ધન આવે છે અને લક્ષ્મીજીની કૃપા વરસે છે.

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ નીલા તથા લીલા જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

● દેવી દુર્ગાની સન્મુખ `દેહિ સૌભાગ્યમારોગ્યં દેહિ મેં પરમ સુખમ. રૂપં દેહિ યશો દેહિ જયં દેહિ દ્વિશો દેહિ।' મંત્રનો જપ દિવાળીના દિવસથી શરૂ કરીને રોજ કરવો જોઈએ. તેનાથી ધન ચિરકાળ સુધી જળવાઈ રહે છે.

● લાજાવર્ત રત્નને ચાંદીની ધાતુમાં જડાવીને લક્ષ્મીજીના કોઈ પણ મંત્રથી અભિમંત્રિત કરીને મધ્યમા આંગળીમાં ધારણ કરવાથી જાતક ધનવાન બને છે.



### તુલા : ર.ત.

● દિવાળીના દિવસે મહાલક્ષ્મીની પૂજાના સમયે એક અત્તરની શીશી ચઢાવો. પૂજા પૂર્ણ થઈ ગયા પછી તે શીશીમાંથી થોડું અત્તર લઈને પોતે લગાવવું. ત્યારબાદ રોજ આ જ અત્તરમાંથી થોડું-થોડું અત્તર દરરોજ લગાવીને કામ પર જવામાં આવે તો રોજગારમાં વૃદ્ધિ થવા લાગે છે.

● દિવાળીના દિવસે સૂર્ય યંત્ર તથા મંગળ યંત્ર બનાવીને ક્રમશઃ માણેક તથા મૂંગા (પરવાળું) રત્ન જડાવીને આ જ ગ્રહોના મંત્રોથી યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના પૂજાસ્થાન પર એક વર્ષ માટે સ્થાપના કરીને દરરોજ તેનું પૂજન કરવું. તેનાથી લક્ષ્મીની કૃપા તથા યશ મળે છે.

● દિવાળીના દિવસે જ શ્રી યંત્રની પ્રાણ-પ્રતિષ્ઠા કરવી અને દરરોજ તેની પૂજા કરવી જોઈએ. તેનાથી તમામ પ્રકારનાં દુઃખ, રોગ તથા દરિદ્રતાનો નાશ થાય છે. બધાં જ પ્રકારનાં ભૌતિક સુખ, શાંતિ તથા આનંદ મળે છે. આ યંત્રની પૂજા માટેનો મંત્ર નીચે પ્રમાણે છે.

મંત્ર : ૐ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ શ્રીં હ્રીં શ્રીં મહાલક્ષ્મ્યૈ નમઃ।

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને ચારે બાજુ નીલા જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.



### વૃશ્ચિક : ન.ય.

દિવાળીના દિવસે ગુરુ યંત્ર તથા બુધ યંત્ર બનાવીને ક્રમશઃ સુનહલા તથા ઓનેક્સ જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રોથી યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે તેની સ્થાપના કરીને દરરોજ દર્શન-પૂજન કરવાથી લક્ષ્મીજીની ખૂબ જ કૃપા પ્રાપ્ત થાય છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારે બાજુ પીળા તથા સફેદ જિરકન જડાવીને શ્રીલક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

મંગળ યંત્ર સન્મુખ દિવાળીના દિવસથી શરૂ કરીને દરરોજ `ઋણહર્તા મંગલ સ્તોત્ર' નો પાઠ કરવાથી શીઘ્ર જ ઋણ (દેવું) ઊતરવા લાગે છે અને ધનની બરકત થવા લાગે છે.

શ્રી યંત્ર, કુબેર યંત્ર અથવા દક્ષિણવર્તી શંખ ઘરના મંદિરમાં રાખીને દરરોજ તેનું પૂજન કરવાથી ચમત્કારી પરિણામ જોવા મળે છે.



### ધન : ભ.ફ.ઢ.ધ.

● દિવાળીના દિવસે શનિ યંત્ર તથા શુક્ર યંત્ર બનાવીને ક્રમશઃ નીલમ તથા જિરકન જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રોથી અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં તેની એક વર્ષ માટે સ્થાપના કરી દરરોજ દર્શન-પૂજન કરવાથી લક્ષ્મીજીની અસીમ કૃપા થાય છે.

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારેબાજુ પીળા તથા લાલ જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

● જો દિવાળીના દિવસે નીચે આપેલા મંત્રની 21 માળા જપ કરવામાં આવે અને બીજા દિવસે એક બ્રાહ્મણને ભોજન કરાવવામાં આવે ત્યારબાદ દરરોજ આ મંત્રનો એક માળા જપ કરવામાં આવે તો અક્ષય ધનની પ્રાપ્તિ થાય છે.

**મંત્રઃ `ૐ શ્રીં હ્રીં ક્લીં ઐં સૌં ૐ હ્રીં ક એ ઈ લ હ્રીં હ સ ક હ લ**
**હ્રીં સકલ હ્રીં સૌં ઐં ક્લીં હ્રીં શ્રીં ૐ'**

● દિવાળીના દિવસે જ હળદરની 11 ગાંઠોને પીળા કપડામાં રાખીને નીચેના મંત્રનો 11 માળા જપ કરી તેને તિજોરીમાં મૂકી દેવામાં આવે અને રોજ ત્યાં દીવો કરવામાં આવે તો વેપારમાં ઉન્નતિ થાય છે.

મંત્રઃ `ૐ વક્રતુણ્ડાય હું।'



### મકર : ખ.જ.

દિવાળીના દિવસે શનિ તથા મંગળ યંત્ર બનાવીને ક્રમશઃ નીલમ તથા મૂંગા (પરવાળું) તેમાં જડાવીને શનિ તથા મંગળ ગ્રહોના મંત્રો દ્વારા યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપવા. આ યંત્રોનું દરરોજ વિધિવત્ પૂજન કરવામાં આવે તો લક્ષ્મીજી પ્રસન્ન થાય છે.

દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારેબાજુ નીલા તથા લીલા જિરકન જડાવીને શ્રીલક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ચોક્કસ ધનલાભ થાય છે.

દિવાળીની સાંજે એક સોપારી તથા એક તાંબાનો સિક્કો લઈને કોઈ પણ પીપળાના વૃક્ષ નીચે જઈને તે મૂકી દો. રવિવારે તે જ પીપળાના વૃક્ષનું પાન લાવીને કામકાજના સ્થળે બેસવાની ગાદી નીચે રાખવાથી ગ્રાહકો અને વેચાણ વધે છે.

દિવાળીના દિવસે શનિ યંત્રને ઘરની પશ્ચિમ દિશામાં નીલા કપડાના આસન પર સ્થાપના કરીને દરરોજ શનિ મંત્રોના જપ કરો તથા તેલનો દીવો પણ પ્રગટાવવો. આમ કરવાથી જાતકની પાસે રહેલું ધન જળવાઈ રહે છે.



### કુંભ : ગ.શ.સ.

● દિવાળીના દિવસે ગુરુ યંત્ર બનાવીને તેમાં સુનેહલા જડાવીને તથા ગુરુ ગ્રહના મંત્રો દ્વારા યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપવાં. તેનું દરરોજ વિધિવત્ પૂજન કરવામાં આવે તો લક્ષ્મીજી પ્રસન્ન થાય છે.

● દિવાળી પહેલાં આવતા શનિવારના દિવસે ઘરની સંપૂર્ણ સાફસફાઈ કરી દેવી જોઈએ. પસ્તી, તૂટેલી-ફૂટેલી વસ્તુઓ વગેરેનો નિકાલ કરી દેવો જોઈએ. સાંજના સમયે ઘરના બધાં જ બલ્બ ઓછામાં ઓછી વીસ મિનિટ માટે ચાલુ રાખવા જોઈએ. નીચે આપેલા મંત્ર દ્વારા લક્ષ્મીજીની ઉપાસના કરવી જોઈએ. તેનાથી સુખ-સમૃદ્ધિમાં વધારો થાય છે.

**મંત્ર : `ૐ ઐં હ્રીં શ્રીં સં સિદ્ધદાં**
**સાધ્ય સાધ્ય સ્વાહા।'**

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારેબાજુ નીલા જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ખૂબ જ ધનલાભ થાય છે.



### મીન : દ.ચ.ઝ.થ.

● દિવાળીના દિવસે શનિ તથા મંગળ યંત્ર બનાવીને ક્રમશઃ નીલમ તથા મૂંગા (પરવાળું) જડાવીને તથા આ જ ગ્રહોના મંત્રો દ્વારા યંત્રોને અભિમંત્રિત કરીને ઘરના મંદિરમાં એક વર્ષ માટે સ્થાપવાં. તેનું દરરોજ વિધિવત્ પૂજન કરવામાં આવે તો લક્ષ્મીજી પ્રસન્ન થાય છે.

● દિવાળીના દિવસે જ ચાંદીનો `શ્રી' બનાવીને તેની ચારેબાજુ પીળા તથા લાલ જિરકન જડાવીને શ્રી લક્ષ્મીજીના મંત્રો બોલીને ગળામાં ધારણ કરવામાં આવે તો ધનલાભ થાય છે.

● દિવાળીના દિવસે 11 હળદરની ગાંઠોને પીળા કપડામાં મૂકીને નીચે આપેલા મંત્રનો અગિયાર માળા જપ કરીને તિજોરીમાં મૂકીને દરરોજ ત્યાં દીવો કરવામાં આવે તો વેપારમાં ઉન્નતિ થાય છે.

**મંત્રઃ `ૐ વક્રતુણ્ડાય હ્રીં'**

● મૂંગા (પરવાળું)ના ગણપતિની દિવાળીના દિવસે સ્થાપના કરીને `ૐ એકદન્તાય વિદ્મહે વક્રતુણ્ડાય ધીમહિ તન્નો દન્તી પ્રચોધ્યાત્।' મંત્રનો જપ કરો. તેનાથી ચોક્કસ ધનલાભ થશે.

● દિવાળીની રાત્રે ચાંદીના ઢાંકણાવાળી ડબ્બીમાં નાગકેસર તથા મધ ભરીને તિજોરી કે ગલ્લામાં રાખો. બીજી દિવાળી સુધી તેને એમ જ રહેવા દો. પછી દીવો પ્રગટાવીને રોજ શ્રીસૂક્ત કે વિષ્ણુ સહસ્ત્ર નામનો જપ કરો. તિજોરીમાં આખું વર્ષ ધનની રેલમછેલ રહેશે.



HAPPY
Diwali
SAVE MAX
Achievers Realty
Brokerage
Each Office Independently Owned & Operated
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Office: 905-497-6701 • Fax: 905-497-6700
DON PATEL
Broker of Record
647-983-DON1
ASH PATEL
Broker Owner
416-669-7892
VINAYAK PATEL
CHIRAG PATEL
JIGS JOSHI
PREETI PATEL
RUCHA SHUKLA
KISHAN PATEL
PRANAV PATEL
PARESH PESHVA
SUNIL PATEL
MEHUL & URSHILA PATEL
SALIM MALEK
SAURIN PATEL
MEERAL PATEL
VIKAS BAGLE
PRAKASH BHARUCHA
BUNTY PATEL
MILAN SUHAGIYA
JAYANT DESHPANDE
MANISH & PRIYA PATEL
KUNJ SHAH
KD SINGH
GURRATAN GILL
BHAVESH PATEL
NIK PATEL
LASHMAN SAHOTA
GURI SANGHERA
DARSHAN PATEL
URESH PATEL
ERFAN DESAI
HARRY PATEL
JIGNESH BHANUSALI
ABHI THAKOR
ABHI PAREKH
RAHUL CHAMPANERI
SAAHIL PATEL
IKRAM PATEL
JAY PATEL
SAURAV
STEVE TALWAR
VIPUL PATEL
FAHIMA UMARWADIA
HARKARN SANDHU (KARN)
AKASH UDDANDAM
KAAZIM PATEL
PARTH ADENWALA
JAPINDER KULAR
RAJ VYAS
RIKIN SONANI

# ધનતેરસ : લક્ષ્મી માતાને પ્રસન્ન કરીને કૃપાપાત્ર બનો

માતા મહાલક્ષ્મીને પ્રસન્ન કરીને કૃપા પ્રાપ્ત કરવાનું પર્વ એટલે કે ધનતેરસ. કહેવાય છે કે શ્રદ્ધા ભક્તિભાવથી ધનતેરસ અને દિવાળીના દિવસે વિધિવત્ કરેલા માતા મહાલક્ષ્મીનું પૂજનથી મનુષ્ય પોતાના ઘરમાં અપાર ધન, સુખ, શાંતિ, ઐશ્વર્ય તેમજ વૈભવ પ્રાપ્ત કરી શકે છે. ધનતેરસના પાવન પર્વ પર માતા મહાલક્ષ્મી, યક્ષરાજ ધનપતિ કુબેર તેમજ ધન્વંતરિનું પૂજન શ્રેષ્ઠ ગણાય છે. ધનતેરસના દિવસે શ્રી યંત્ર તેમજ અષ્ટલક્ષ્મી પૂજન ખૂબ જ શ્રેષ્ઠ ગણાય છે. ધનતેરસના દિવસે જ સમુદ્રમંથન દરમ્યાન માતા મહાલક્ષ્મી પ્રગટ થયાં હતાં. દેવો, દાનવો, ઋષિઓ, મનુષ્યો, યક્ષો, ગાંધર્વોએ માતાની સ્તુતિ કરી જેના કારણે માતા મહાલક્ષ્મીજીએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું કે જે કોઈ મનુષ્ય શ્રદ્ધા, ભક્તિભાવ તેમજ પ્રેમ સહિત ધનતેરસના દિવસે મારું પૂજન કરશે તેના પર હું પ્રસન્ન થઈ મનુષ્યને સુખ, શાંતિ, ધન, વૈભવ, રિદ્ધિ-સિદ્ધિ તેમજ યશ-કીર્તિ અને વૈભવ પ્રદાન કરીશ. આ કારણસર માતા મહાલક્ષ્મીજીની પૂજા ધનતેરસે શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

### ધનતેરસની પૂજનવિધિ

સૌપ્રથમ એક બાજોઠ પર લાલ સ્થાપનનું કપડું બિછાવીને તેના પર પ્રચુર માત્રામાં ચોખાની ઢગલી કરીને તેનું અષ્ટદલ બનાવીને અષ્ટદલ પર ત્રાંબાનો કળશ સ્થાપિત કરવો. કળશમાં પાણી ભરીને ગંગાજળનો છંટકાવ કરવો. કળશમાં ફૂલ, ચોખા, સિક્કા તેમજ સોપારી અથવા કમળકાકડી અને નાગરવેલનાં પાન લગાવો. કળશની ચારે બાજુ કંકુ, ચોખા લગાડીને કળશને નાડાછડી (લાલ રંગની) બાંધીને મુખ્ય સ્થાને શ્રી મહાલક્ષ્મીજીની છબી મૂકી દો. તેની બાજુમાં ગાયના ઘીનો દીવો કરીને 5 સુગંધીદાર અગરબત્તી તેમજ ધૂપ કરવાં. સ્થાપન પર 5 ફળ મૂકવાં. આગળના ભાગમાં ગણપતિ ભગવાનની મૂર્તિ અથવા છબી એક નાગરવેલના પાન પર રિદ્ધિ-સિદ્ધિ સાથે સ્થાપિત કરવી. વિવિધ ઋતુ પ્રમાણે ફૂલો, હાર તેમજ ખાસ કરીને કમળનાં ફૂલ માતા મહાલક્ષ્મીજીને ચઢાવવાં તેમજ




કમળકાકડીની માળા શ્રી મહાલક્ષ્મીજીને અર્પિત કરવી. તે કળશ ઉપર ત્રાંબાના તરભાણામાં શ્રી યંત્રમ્, શ્રી મહાલક્ષ્મી યંત્ર, શ્રી કુબેર યંત્ર, શ્રી કનકધારા યંત્ર જે પણ ઊપસ્થિત હોય તે સ્થાપિત કરવું. પૂજા શરૂ કરતાં પહેલાં સંકલ્પ લેવો તેમજ શ્રી મહાલક્ષ્મી માતાને પંચામૃત સ્નાન કરાવ્યા બાદ ગંગાજળ દ્વારા સ્નાન કરાવવું. પોતાની ક્ષમતા પ્રમાણે શ્રી મહાલક્ષ્મીજીનો શણગાર જેમ કે, મેંદી, બંગડી, કાજળ, સિંદૂર, ચૂંદડી, વસ્ત્ર, અત્તર વગેરે અર્પણ કરવાં.

॥ ૐ હ્રીં મહાલક્ષ્મયૈ નમઃ ॥

આ મંત્રની 3 માળા કરવી તેમજ ભગવાન કુબેરના આ મંત્રનું 7 વાર ઉચ્ચારણ કરવું.

॥ ધ્રાધ્યક્ષાય દેવાય, નરયાનોયવેશિને ।
નમસ્તે રાજ રાજાય, કુબેરાય નમો નમઃ ॥

ત્યારબાદ માતા મહાલક્ષ્મીનું ધન (સિક્કા), યંત્રસહિત પૂજન કરીને શ્રી મહાલક્ષ્મી માતાને સફેદ રંગની મિઠાઈ ધરાવી, આરતી કરવી. આરતી બાદ ક્ષમા માંગી ચિરકાળ લક્ષ્મી સ્થિર કરવા પ્રાર્થના કરવી. મહાલક્ષ્મી માતાનું પૂજન કરવાથી ધન, વૈભવ, ઐશ્વર્ય, રિદ્ધિ-સિદ્ધિ તેમજ ચોમેર યશ-કીર્તિની પ્રાપ્તિ થાય છે.

### રાશિ અનુસાર મંત્રપાઠનો જાપ કરો

**મેષ(અ.લ.ઈ):** લક્ષ્મીજીને પ્રસન્ન કરવા માટે લક્ષ્મી સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. ગણેશ અને લક્ષ્મીજીને લાલ-ગુલાબી ફૂલ ધરી લાડુ તેમજ તાજાં ફળો સાથે ખાસ દાડમ ધરાવવું જોઈએ.

**વૃષભ (બ. વ. ઉ) :** 'ૐ શ્રીં હ્રીં મહાલક્ષ્મયૈ નમઃ' મંત્રની 11 માળા કરવાથી લાભ થશે. ગણેશ અને લક્ષ્મીજીને સફેદ અને ચમકતાં ફૂલ ધરી ઘી અને મિસરીનો ભોગ ધરવો જોઈએ.

**મિથુન (ક. છ. ઘ) :** લક્ષ્મી ગાયત્રી મંત્રની 9 માળા કરવી. ગણેશ અને લક્ષ્મીજીને લીલાં અને રંગબેરંગી ફૂલ ધરી મગની દાળનો શીરો અને સીતાફળનો ભોગ ધરવો જોઈએ.

**કર્ક (ડ. હ) :** 'શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ ઓમ શ્રીં' મંત્રની નવ માળા કરવી. ગણેશ અને લક્ષ્મીજીને ક્રીમ સફેદ ફૂલ ધરી ખીર અને તાજાં ફળોનો ભોગ ધરવો જોઈએ.

**સિંહ (મ. ટ) :** 9 વાર લક્ષ્મી ચાલીસા કરવી.સાથે ગણેશજી અને લક્ષ્મીજીને રાતાં અને લાલ દાડમ, કેસર ભાત, મીઠાઈનો ભોગ ધરવો જોઈએ.

**કન્યા (પ. ઠ. ણ) :** નવ પાઠ શ્રીસૂક્તના કરવા. આ ઉપરાંત ગણેશજી અને લક્ષ્મીજીને લીલાં અને રંગબેરંગી ફૂલ ધરી મગની દાળનો શીરો અને સીતાફળનો ભોગ ધરવો જોઈએ.

**તુલા (ર. ત) :** 'ૐ શ્રીં હ્રીં મહાલક્ષ્મયૈ નમઃ' મંત્રની 11 માળા કરવી. ગણેશજી-લક્ષ્મીજીને સફેદ અને ચમકતાં ફૂલ ધરી ઘી અને મિસરી તથા તાજાં ફળ ફલાદિનો ભોગ ધરવો જોઈએ.

**વૃશ્ચિક (ન. ય) :** લક્ષ્મીજીને પ્રસન્ન કરવા માટે લક્ષ્મી સ્તોત્રનો પાઠ કરવો. ગણેશજી અને લક્ષ્મીજીને લાલ અને ગુલાબી ફૂલ ધરી લાડુ તેમજ તાજાં ફળો સાથે ખાસ દાડમ ધરવું જોઈએ.

**ધન (ધ. ભ. ફ. ઢ) :** લક્ષ્મીજીને પ્રસન્ન કરવા માટે લક્ષ્મી ગાયત્રી મંત્રની નવ માળા કરવી જોઈએ. સાથે ગણેશ અને લક્ષ્મીજીને પીળાં અને ક્રીમ ફૂલ ધરી બેસનના લાડુ અને તાજાં ફળો સાથે ખાસ દાડમ ધરાવવું જોઈએ.

**મકર (ખ. જ) :** 'શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ ઓમ શ્રીં' મંત્રની નવ માળા કરવી. ગણેશ અને લક્ષ્મીજીને ઘેરા અને ડાર્ક રંગનાં ફૂલ ધરી કાળા તલની ચીકી અને માંડવીપાક અને તાજાં ફળોનો ભોગ ધરવો જોઈએ.

**કુંભ (ગ. સ. શ) :** 'ૐ શ્રીં હ્રીં મહાલક્ષ્મયૈ નમઃ' મંત્રની 11 માળા કરવી. ગણેશ અને લક્ષ્મીજીને ઘાટા અને ડાર્ક રંગનાં ફૂલ ધરી કાળા તલની ચીકી અને માંડવીપાકનો ભોગ ધરાવવો જોઈએ.

**મીન (દ. ચ. ઝ. થ):** માતા લક્ષ્મીજીને પ્રસન્ન કરવા માટે લક્ષ્મી ગાયત્રી મંત્રની નવ માળા કરવી જોઈએ. સાથે ગણેશ અને લક્ષ્મીજીને પીળાં અને ક્રીમ ફૂલ ધરી બેસનના લાડુ અને તાજાં ફળો સાથે ખાસ દાડમ ધરાવવું જોઈએ.

# શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો દિવસ કાળીચૌદશ

દિવાળીના આગલા દિવસના પર્વને કાળીચૌદશ અથવા નરકચૌદશના નામે ઓળખવામાં આવે છે. બંગાળમાં આ દિવસને માતા મહાકાળીના જન્મદિવસ તરીકે ઓળખવામાં આવે છે. આ કાળીચૌદશનું પર્વ માતા મહાલક્ષ્મી, શ્રી હનુમાનજી તેમજ શ્રી ભૈરવજીને પ્રસન્ન કરીને શત્રુઓ વિજય પ્રાપ્ત કરવા તેમજ અવિદ્યા રૂપી મેલીવિદ્યાનો નાશ કરવા માટે શ્રેષ્ઠ દિવસ ગણાય છે. આ દિવસ ખાસ કરીને તાંત્રિકો તેમજ અઘોરી માટે પણ શ્રેષ્ઠ ગણાય છે. કાળીચૌદશના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ નરકાસુર નામના અસુરનો વધ કરીને પ્રજાજનોને તેના ત્રાસમાંથી મુક્ત કર્યાં હતા તેથી તેને નરક ચતુર્દર્શી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચર્તુર્દશીને રૂપ ચર્તુર્દશી તરીકે ઓળખવામાં આવે છે. દિવસે ગૃહિણીઓ ચાર રસ્તે, ગલીના નાકે વડાં મૂકીને પોતાના ઘરમાંથી ક્લેશ, અવિદ્યા તેમજ કલહનો નાશ કરે છે.

### કાળીચૌદશે કરવામાં આવતી સંક્ષિપ્ત વિધિ

■ શ્રી મહાકાળી માતાને સંધ્યાકાળ બાદ આરતી, પૂજા-પાઠ કરીને ધૂપ અર્પણ કરવો તેમજ 51 અથવા 108 લીંબુનો હાર ચઢાવવાથી આસુરી શક્તિ પર વિજય મળે છે.

■ શ્રી મહાકાળી માતા સમક્ષ સંધ્યાકાળ બાદ દુર્ગા સપ્તશતી (ચંડીપાઠ) કરવો તેમજ મહાકાળી માતાને સુખડીનો પ્રસાદ ધરાવવો.

■ કાળીચૌદશના દિવસે મહાકાળી માતાને શ્રીફળ અર્પણ કરીને પરિવારની રક્ષા માટે પ્રાર્થના કરવી.

■ કાળીચૌદશના દિવસે શ્રી મહાકાળી માતાની મૂર્તિ પર લાલ કંકુનો અભિષેક કરવાથી ભાગ્યોદય થાય છે.

■ દેવીદોષમાંથી મુક્તિ માટે કાળીચૌદશના દિવસે માતા મહાકાળીનો યજ્ઞ કરવો.

॥ ૐ હ્રીં ક્લીં મહાકાલ્યૈય નમઃ ॥

આ મંત્રની યથાશક્તિ માળા કરવી.

કાળીચૌદશના દિવસે શ્રી મહાકાળી માતાજીની સાથે શ્રી હનુમાનજી મહારાજની પણ પૂજાવિધિનું વિશેષ મહત્ત્વ ગણાય છે.




કાળીચૌદશના દિવસે શ્રી હનુમાનજીને નૈવેદ્યમાં અડદનાં વડાં તેમજ ચૂરમાના લાડુ ધરાવાય છે. શ્રી હનુમાનજીને કાળીચૌદશના દિવસે બાજોઠ પર કેસરી રંગનું કપડું પાથરી ત્યારબાદ તલના તેલનો દીવો અને અગરબત્તી (ધૂપ) અર્પણ કરવાં. શ્રી હનુમાનજીની મૂર્તિને સ્થાપિત કરી તેના પર તેલનો અભિષેક કરવો તેમજ સિંદૂર લગાડી ભગવાન શ્રી હનુમાનજીની મૂર્તિ પર આકડાનો હાર ચઢાવી ઋતુ પ્રમાણેનાં ફૂલ અર્પણ કરવો. ત્યારબાદ હનુમાનજી સમક્ષ મોટા સ્વરે આ ચોપાઈનું 11 વાર ઉચ્ચારણ કરવું.

॥ સબ સુખ લહૈ તુમ્હારી શરણા,
તુમ રક્ષક કાહુ કો ડરના ॥

આ ચોપાઈ બોલીને હનુમાનજીને પોતાના પરિવારની રક્ષા માટે પ્રાર્થના કરવી. ભગવાન શ્રી હનુમાનજીને એક દાડમ ચઢાવી ત્યારબાદ મનવાંછિત ઈચ્છાની પૂર્તિ માટે હનુમાનજી સમક્ષ યથાશક્તિ

॥ ૐ હં હનુમંતાય નમઃ ॥

આ મંત્રની શ્રદ્ધાપૂર્વક માળા કરવી. આરતી કરીને હનુમાનજી સમક્ષ રામ નામ ધૂન કરી શ્રી હનુમાનજીની કૃપા પ્રાપ્ત કરવી.

### હનુમાનજીની કૃપા પ્રાપ્ત કરવા માટેના ઉપાયો

1. હનુમાનજી સમક્ષ 21, 51 તેમજ 108 વાર હનુમાન ચાલીસાનો પાઠ કરવો.
2. હનુમાનજી સમક્ષ 'સુંદરકાંડ' પાઠ કરવો.
3. શત્રુઓથી રક્ષા મેળવવા માટે હનુમાનજી સમક્ષ બજરંગબાણનો પાઠ કરવો.
4. કાળીચૌદશના દિવસે 11 પીપળાનાં પાન પર લાલ ચંદનથી ॥ શ્રી રામ ॥ આ મંત્ર લખીને તે માળા શ્રી હનુમાનજી પર અર્પણ કરવી.
5. કાળીચૌદશના દિવસે શ્રી હનુમાનજીને 11 લવિંગની માળા ચઢાવવાથી હનુમાનજીની સહજ કૃપા પ્રાપ્ત થાય છે.

### શ્રી ભૈરવજીની આરાધના

કાળીચૌદશના દિવસે જેમ શ્રી મહાકાળી અને હનુમાનજીની ઉપાસનાનું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ ભગવાન ભૈરવજીની આરાધનાનું ગણવામાં આવે છે. ભૈરવ 64 છે તેમાં પણ શાસ્ત્રોક્ત 8 ભૈરવ અને પ્રધાન 2 ભૈરવ - કાળભૈરવ અને બટુકભૈરવનું સ્થાન મોખરે બતાવવામાં આવે છે. કાળીચૌદશના દિવસે બાજોઠ પર કાળું કપડું પાથરી તેના પર કાળા તલની ઢગલી કરવી. તેના પર અષ્ટદલ બનાવીને કળશ મૂકવો. ભગવાન ભૈરવજીને પ્રસન્ન કરવા બાજોઠની બાજુમાં તેલનો દીવો, ધૂપ, અગરબત્તી કરવાં. ત્યારબાદ તે કાળા તલની ઢગલી પર ત્રાંબાનો કળશ સ્થાપિત કરીને તેના પર તરભાણું મૂકીને તેના પર નાગરવેલનું પાન મૂકી તેના પર ભૈરવ યંત્ર અથવા મૂર્તિ સ્થાપિત કરવી. ભગવાન ભૈરવજીને કંકુ, અબીલ, ગુલાલ, ચંદન, ચોખા ચઢાવી ફૂલો-હારથી શણગારવા. ત્યારબાદ ભૈરવજીનાં 108 નામનું ઉચ્ચારણ કરવું

॥ ૐ હ્રીં કાળભૈરવ નમઃ ॥

આ મંત્રનો જાપ કરવો. ત્યારબાદ ભગવાન ભૈરવને નૈવેદ્યમાં અડદનાં વડાં, ખીર તેમજ બેસનના લાડુ ધરાવવા. આરતી કરી ક્ષમા માંગવી તેમજ રક્ષા માટે પ્રાર્થના કરવી.

### ભૈરવજીની કૃપા પ્રાપ્ત કરવા માટેના ઉપાયો

■ કાળીચૌદશે ભગવાન ભૈરવજીને 51 લીંબુનો હાર ચઢાવવો.

■ કાળીચૌદશના દિવસે શ્રી બટુક ભૈરવ આવદઉદ્ધારક મંત્ર

॥ ૐ હ્રીં બં બટુકાય મમ્ આપત્તિ ઉદ્ધારણાય
કુરુ બટુકાય બં હ્રીં ફટ સ્વાહા ॥

આ મંત્રની માળા તેમજ હોમાત્મક યજ્ઞ કરીને બટુક ભૈરવની કૃપા પ્રાપ્ત કરી શકાય છે.

■ ગ્રહ-બાધા તેમજ દોષથી મુક્તિ માટે કાળભૈરવ સમક્ષ 'શ્રી કાળભૈરવાષ્ટકમ્' નો પાઠ 21 વાર કરવો.

■ દરિદ્રતાનો નાશ કરવા માટે આ કાળભૈરવ સમક્ષ ભૈરવ ચાલીસાનો 7 વાર પાઠ કરવો.

■ કાળીચૌદશના દિવસે કાળા કૂતરાને મીઠો ભાત, દૂધ તેમજ ઉત્તમ પકવાન જમાડવાથી કાળભૈરવ દાદા પ્રસન્ન થાય છે.

## 24 Gam Patidar Samaj Canada

*Presents*

# Sardar Vallabhbhai Patel
# 149th Birth Anniversary Celebration
## (National Unity Day)



**Sunday, Oct. 27, 2024 @ 5.00 pm**

**Venue: Sringeri Hall 80 Brydon Dr, Etobicoke**

FOGA (Federation of Gujarati Associations)

**Dinner Served 5-6PM • 6PM Onwards Program**

*For Sponsorship or more info., Please Call:*

*Mahendra Patel: 647-454-5830*
*Mayur Patel: 905-922-8344*
*Lalit Thaker: 647-607-4802*
*Rashmikant Patel: 705-646-5248*
*Nainesh Patel: 647-853-0031*
*Jayesh Brahmbhatt: 647-207-1115*
*Rohit Prajapati: 416-994-3166*
*Induben Patel: 647-705-4795*
*Raj (Champakbhai) Patel: 647-915-4244*


સ્થાનિક સમાચારોને વાચા આપતું પોતીકું અખબાર ગુજરાત વીકલી Gujarat Weekly Community Newspaper

ધ્વનિ | Dhwani Gujarati Community Newspaper Feel the News, Feel The Newspaper

Let's Grow Together IFA Canada A Journey From I To We

વાત મારી, તમારી, સૌની - આપણી ભાષામાં ગુજરાત એબ્રોડ SHILPESH PARIKH ❖ 647-992-6951 ❖ info@gujaratabroad.ca

LOTUS Funeral and Cremation Centre Inc.
121 Cityview Drive, Toronto ON M9W 5A8
Phone: 647-547-8188
www.lotusfuneralandcremation.com

GUJARATI FOODS
Jayshil Patel
PRESIDENT
905.457.8333
jayshil@gujaratifoods.ca | gujaratifoods.ca
14-287 Glidden Road, Brampton, L6W 1H9

Thinking of SELLING/BUYING Residential / Commercial / Investment Properties
Indu Patel, M.Com. Sales Representative
Dir: 647.705.4795
indupatelrealtor@hotmail.com
www.homencondo4you.com
HOMELIFE HomeLife/Miracle Realty Ltd.

DESIGN • PRINT • SIGN
BUSINESS CARD • POSTCARD • BANNER
FLYER • BROCHURE • POSTER
Quick DESIGN AND PRINT
Dir: (647) 836-4715
Off.: (905) 793-4449
info@quickdesignandprint.com
www.quickdesignandprint.com
197 Wilkinson Rd., Unit # 7, Brampton Ontario L6T 5E3

સ્વદેશ

WE ARE DIGITAL WE ARE FAST WE ARE EVERYWHERE ગુજરાત નો રણકાર IN THE VOICE OF NYGC A Fastest Growing and Leading Community Newsletter of Canada

કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે... ગુજરાત ન્યૂઝલાઈન INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER WWW.GUJARATNEWSLINE.CA 647 400 6248

ॐ शांति OHM SHANTI FOUNDATION

TR Toronto Rhythm Group Raj Patel

Bhailalbhai Vaghajibhai Patel Parivar (Simarda) Rashmikant Patel & Manish Patel

Gujarat Express News Weekly ગુજરાત એક્સપ્રેસ Call : 647-298-9887 Email : gujaratexp@gmail.com

Xpert IT SOLUTIONS Flexible IT solutions that drive results

# દિવાળી : દિવડાના ઝગમગાટ સાથે ભીતરમાં ઉજાશ પાથરો



ધનતરેસથી ભાઈબીજ સુધીના પાંચ દિવસોમાં આવતા પાંચ પર્વો ભારતીય સંસ્કૃતિનું'પંચામૃત' છે. આ પર્વમાં શ્રદ્ધાપૂર્વક જીવનને સુખમય, શાંતિમય, સમૃદ્ધિમય તથા ઉર્જામય બનાવવા પ્રાર્થના થાય છે

દિવાળીના પર્વો ખરેખર તો આનંદની ઉજવણી છે. પૂરા થતા વર્ષનો આનંદ અને નવીન વર્ષની વધામણીનો આનંદ. ગોખે તો દીવડા થાય જ છે પણ સાથોસાથ બત્રીસ કોઠે પણ દિવડા ઝગમગે. આપણી ભીતર પણ પ્રકાશ થાય છે. દિવાળીના તહેવારોમાં નવીનતાનો આનંદ હોય છે. બધું નવું નવું જ જોવા મળે. કપડાં નવાં, કલર નવો, રાચરચિલું નવું, માણસ પણ બહારથી નવોનક્કોર દેખાતો માલુમ પડે છે. ખરેખર તો માણસે અંદરથી નવીનતા લાવવી પડે. અને આ માટે જાતના પરિક્ષક-નિરિક્ષક જાતે બનવું પડે તો જ આપણા જીવનમાં દિવાળી જેવી ચેતના અને ઉજાસ ભવિષ્યમાં પથરાય. પછી આનંદનું સરનામું માણસને જડી જાય.

જીવનને ઉત્સાહિત અને પ્રેરણાયુક્ત બનાવવા માટે નાના મોટા ઉત્સવો પરંપરા અનુસાર ઉજવાતા રહ્યા છે. આ બધા ઉત્સવોમાં ગુજરાત અને ભારત માટે દિપાવણી સૌથી મોટો અને અગત્યનો તહેવાર છે. દિપાવલી સ્વયં આનંદ -ઉલ્લાસ અને સ્ફૂર્તિની પ્રેરક છે. આનંદના આ પર્વમાં દીપમાલા સજાવવાની પ્રથા છે. દિપાવલી એક દિવસનો જ ઉત્સવ નથી, પરંતુ ધનતેરસ, કાળી ચૌદશ, દીપાવલી, બેસતુ વર્ષ અને ભાઈબીજ એમ પાંચ દિવસીય અનેરો ઉત્સવ છે. હિંદુ સમુદાયના લોકો અબાલ વૃદ્ધો, બાળકો, મહિલાઓ સૌ કોઈ આ ઉત્સવને માણે છે.

આપણા ભારત દેશની સાંસ્કૃતિક વિરાસતમાં 'દીપોત્સવ' પર્વનું અનોખું સ્થાન છે. મહાકવિ કાલિદાસે કહ્યું છે કે 'મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે.' તહેવારો અને લોકોત્સવોમાં આપણા સાંસ્કૃતિક વારસાની ઝાંખી થાય છે. ઉત્સવો દ્વારા વ્યક્તિના આનંદોલ્લાસનો, આહલાદ પ્રમોદનો પરિચય થાય છે. ધનતરેસથી માંડીને ભાઈબીજ સુધીના પાંચ દિવસોમાં આવતા પાંચ પર્વો આપણી ભારતીય સંસ્કૃતિનું'પંચામૃત' છે.

પુરાણોમાં દીપાવલી પર્વની તથા દીપદાનની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. લોક વ્યવહારમાં આસો વદ બારશ-વાઘબારશથી શરૂ કરી કારતક સુદ બીજ સુધીના છ દિવસોનું આ મંગલપર્વ ગણાય છે. પ્રકાશ અને પ્રગતિના સમન્વયના પ્રતીક સમા આ દીપાવલી પર્વમાં અબાલવૃદ્ધ સૌ પરમ શ્રદ્ધાપૂર્વક જીવનને સુખમય, શાંતિમય, સમૃદ્ધિમય તથા ઉર્જામય બનાવવા અગ્નિદેવને પ્રાર્થના કરે છે. વાઘબારશ એ દિવાળીના પર્વની શરૂઆતનો દિવસ છે. ગુજરાતના લોકો આજના દિવસથી પોતાના નિવાસસ્થાનના ઊંબરાનું પૂજન કરવાનો આરંભ કરે છે. વાઘબારશના કુલ ત્રણ નામો જાણીતાં છે. વાક બારસ, વાઘ બારશ અને વસુબારશ આ દિવસે વિદ્યાદાત્રી, કલાદાત્રી, વિવેકદાત્રી માતા સરસ્વતી દેવીની આરાધના કરવાનો મહિમા છે કહેવાય છે કે આપણાથી આપણા કરતાં મોટાં કે નાનાં લોકોનું મન ન દુભાય તેવી વાણી બોલવી વાઘ સામર્થ્યનું પ્રતીક છે. વસુ એટલે કે ગાય 'ગોવત્સદ્વાદશી' તરીકે પણ ઓળખાતા આ દિવસે વાછરડા સાથેની ગાયનું પૂજન કરવાનું ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે. ગાયમાં ૩૩ કરોડ દેવી દેવતાઓ બિરાજમાન હોવાથી ગાયનું પૂજન કરવાથી બધાં જ દેવતાઓનું પૂજન થઈ જાય છે.

દિવાળી એટલે અધર્મ અસત્યના અને અંધકારની સામે ધર્મ અને સત્યના પ્રકાશનો વિજય. અધર્મ અને અહંકારના પ્રતીક સમા લંકાધિપતિ રાવણ ઉપર વિજય મેળવીને રામ પોતાના પત્ની સીતાજી અને અનુજ લક્ષ્મણ સાથે અયોધ્યામાં પધાર્યા, તેની ખુશાલીમાં અયોધ્યાવાસીઓએ દીવડાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું. 'મહાભારત'માં પાંડવોનો ચૌદ વર્ષનો વનવાસ સમાપ્ત થતાં હસ્તિનાપુરમાં આગમન થયું. હરખઘેલા બનેલા પ્રજાજનોએ દીવડાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું. 'કાલિકાપુરાણ' પ્રમાણે આ દિવસે મહાદેવી કાલિકાએ અનેક રાક્ષસોનો સંહાર કર્યો. દેવો અને મનુષ્યોએ દીપ પ્રાગટ્ય દ્વારા મહાદેવીના વિજયને વધાવી લીધો. મહારાજા પૃથુએ પૃથ્વીનું દોહન કરીને દેશને ધનધાન્યથી સમૃદ્ધ બનાવ્યો. સમ્રાટ અશોકે કલિંગના યુદ્ધમાં વિજય મેળવ્યો. આ પ્રસંગોમાં વિજયપ્રાપ્તિનો આનંદોલ્લાસ દર્શાવવામાં આવે છે જૈન ધર્મ મુજબ આ પવિત્ર દિવસે ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ મોક્ષ પામ્યા હતા અને તેમના મુખ્ય શિષ્ય ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન - સંપૂર્ણ જ્ઞાન થયું હતું.

માત્ર ભારતદેશમાં જ નહિ, પરંતુ શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર, ન્યૂઝીલેન્ડ વગેરે દેશોમાં પણ 'દીપાવલી' નો ઉત્સવ મનાવવામાં આવે છે. દિવાળી આપણા માટે કર્મઠતા અને જાગરૂકતાનો સંદેશ લાવે છે. ભારતે જ્ઞાનરૂપી પ્રકાશની સાધના કરીને સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો શંખનાદ કરવાનો છે. આ ઉમદા અને ભગીરથ કાર્યની પરિપૂર્તિ માટે આપણે 'બૃહદારણ્યક ઉપનિષદ' ના મંત્રનું સ્મરણ કરીએ : ૐ અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય' અર્થાત્ હે પરમાત્મા અમને સૌને અસત્યમાંથી સત્ય તરફ તથા અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ.

આપણે આ દિવાળીના ઉત્સવમાં વિવિધ રંગોથી રંગોળીની રચના કરીએ છીએ તેમ આપણા જીવનમાં અનેક સદગુણોથી રંગોળી પૂરીએ. દિપાવલી એ ભૌતિક દુનિયાના જ અંધકારને દૂર કરવાનું નહીં પરંતુ મનના અંધકારને એટલે કે મનના અજ્ઞાનને પણ દૂર કરવાનું પર્વ છે. દીપકને જીવનની પરંપરા અને તમસો મા જ્યોતિર્ગમયને આકાંક્ષાઓનો આધાર માનવામાં આવે છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં જે નવ પ્રકારની પૂજા અર્ચનાઓનું વિધાન છે તેમાં દીપપૂજા અને દીપદાનને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે.

# દિવાળીના પર્વમાં બનાવો સ્પેશિયલ ફરસાણ

## પાલક ચકરી



સામગ્રી : પાલક પ્યુરી-અડધો કપ, ચોખાનો લોટ - 1 કપ, મેંદો 1 કપ, ચણાનો લોટ 1 કપ, સફેદ તલ 2 ચમચી, શેકેલા જીરાનો પાઉડર - અડધી ચમચી, બેકિંગ સોડા - અડધી ચમચી, મીઠું - સ્વાદ મુજબ, ઘી-1 ચમચી, પાણી-જરૂર મુજબ, ચાટ મસાલો

રીત : કથરોટમાં ત્રણેય લોટ, જીરું પાઉડર, તલ, બેકિંગ સોડા, સ્વાદ મુજબ મીઠું અને ઘી ઉમેરી સારી રીતે મિક્સ કરો. જરૂર મુજબ પાણી ઉમેરી ચકરીનો લોટ બાંધી લેવો. સંચામાં લોટ ભરી ગરમ તેલમાં ચકરી પાડી લેવી. ગેસની આંચ મધ્યમ જ રાખવી. નહીંતર પાલકનો સુંદર લીલો રંગ જળવાશે નહીં. ક્રિસ્પી ફ્રાય કરી પ્લેટમાં લઈ ચાટ મસાલો ભભરાવો. એરટાઈટ ડબ્બામાં સ્ટોર કરી લો.

## ભાખરવડી



સામગ્રી : મેંદો 1 કપ, ચણાનો લોટ અડધો કપ, કોપરાની છીણ 2 ચમચી, આખા ધામા 2 ચમચી,, મીઠું - સ્વાદ મુજબ, જીરું 1 ચમચી, લાલ મરચું પાઉડર 1 ચમચી, વરિયાળી - અડધી ચમચી, ગાંઠિયા - 1 અડધો કપ, પાણી - જરૃર મુજબ, તેલ - તળવા માટે.

રીત : એક કથરોટમાં મેંદો અને ચમાનો લોટ મિક્સ કરો. સ્વાદ મુજબ મીઠું, જીરું, વરિયાળી અને આખા ધામાને ધીમા તાપે શેકી મિક્સરમાં ગાંઠિયા સાથે પાઉડર કરી લો. હવે તેને બાઉલમાં લઈ લાલ મરચું પાઉડર મિક્સ કરો. તૈયાર છે ભાખરવડીનું મિશ્રણ. હવે બાંધેલા લોટમાંથી લુવો લઈ મોટી અને થીકનેસ વાળી રોટલી વણી લો. વણેલી રોટલી પર તૈયાર મસાલો પાથરી દેવો. રોલવાળીને નાના પીસ કટ કરી લેવા. ભાખરવડીને ગરમ તેલમાં ધીમા તાપે તળી લો.

## સુંવાળી



સામગ્રી : મેંદો 1 કપ, સપેદ તલ 2 ચમચી, બૂરું ખાંડ 5 ચમચી, ઘી 2 ચમચી, દૂધ - જરૂર મુજબ.

રીત : સૌ પ્રથમ દૂધમાં ખાંડ ઉમેરી ગરમ કરી લો અને ઠંડું પડવા દો. હવે મેંદામાં તલ અને ઘી મિક્સ કરી ગલ્યું દૂધ રેડી નરમ લોટ બાંધી લો. દસ મિનિટ સુધી ઢાંકીને રહેવા દો. બાંધેલા લોટમાંથી મધ્યમ આકારની પાતળી પૂરી વણી લો. તેમાં ચપ્પા વડે થોડાં કાણા પાડી લેવા જેથી પૂરી ફૂલે નહીં અને કડક થાય. કડાઈમાં ઘી ગરમ મૂકો. ગરમ ઘીમાં સુવાળી તળી લો. ગળી સુંવાળી બાળકોને પણ ખૂબ ભાવશે.

## વણેલા ગાંઠિયા



સામગ્રી : ચણાનો લોટ- અડધો કિલો, તેલ- અડધો કપ, અજમો - 2 ચમચી, અધકચરો મરી પાઉડર - 1 ચમચી, ખાવાનો સોડા - પા ચમચી, મીઠું - સ્વાદ મુજબ, તેલ- તળવા માટે.

રીત : એક કથરોટમાં ચણાનો લોટ, તેલ, મીઠું અને સોડા મિક્સ કરો. હવે તેમાં મરી પાઉડર મિક્સ કરી થોડું થોડું પાણી ઉમેરીને લોટ બાંધો. રોટલીના લોટ જેવો મીડિયમ બાંધવો. હવે કડાઈમાં તેલ ગરમ કરવા મૂકો. તેલ ગરમ થાય એટલે એક પાટલા ઉપર બાંધેલા થોડા લોટ લઈને હાથ વડે ગાંઠિયા વણો. મીડિયમ તાપે કડક થાય ત્યાં સુધી તળી લો.

## મસાલા કાજુ મઠરી



સામગ્રી : ઘઉનો લોટ 1 કપ, સોજી અડધો કપ, અજમા અડધી ચમચી, હલદર પા ચમચી, મીઠું સ્વાદ મુજબ, ઘી-3 ચમચી, તેલ - તળવા માટે. મસાલા માટે : સંચળ પાઉડર - અડધી ચમચી, જીરું પાઉડર - પા ચમચી, લાલ મરચું પાઉડર - અડધી ચમચી, મરી પાઉડર - પા ચમચી, ચાટ મસાલો- અડધી ચમચી, મીઠું પા ચમચી.

રીત : ઘઉ અને સોજીને ચાળી હળદર અને મીઠું ઉમેરો. હવે થોડું થોડું પાણી રેડી કઠણ લોટ બાંધી પાંચ મિનિટ ઢાંકીને રાકો. એક બાઉલમાં બધા મસાલા મિક્સ કરી લો. બાંધેલા લોટમાંથી જાડી રોટલી વણી કૂકી કટર વડે કે ઢાંકણ વડે ગોળ કાપી કાજુ શેપ તૈયાર કરી લો. હવે કડાઈમાં તેલ ગરમ થાય એટલે કાજુને ક્રિસ્પી તળી લો. તૈયાર કરેલો મસાલો ભભરાવી સારી રીતે કોટ કરી લો. મસાલા કાજુ મઠરી ખાવામાં ખૂબ ટેસ્ટ અને ક્રિસ્પી લાગે છે.

# બહાર જઈ રહ્યા છો અપનાવો ટ્યૂટોરિયલ મેકઅપ

યુવતીઓને મેકઅપ કરવો ગમે છે, પરંતુ ઘરની બહાર નીકળે ત્યારે ધૂળ, રેતી, તાપ અને પ્રદૂષણનો સામનો કરવો પડે છે. જેના લીધે સ્કિન શુષ્ક, અન ઈવન અને નિષ્ક્રિય દેખાય છે. એ માટે તમે સ્કિન કેર રૂટિનને ફોલો કરી શકો છો. આની સાથે સાથે અમુક મેકઅપ ટિપ્સને પણ ટ્રાય કરીને ઝટપટ એટ્રેક્ટિવ અને ફ્લોલેસ સ્કિન મેળવી શકો છો. જે યુવતીઓ કોલેજ અને ઓફિસ દરેક જગ્યાએ ટ્રેન્ડ સાથે જોડાવવા માંગે છે તેમના માટે મેકઅપ ટ્યૂટોરિયલ બેસ્ટ છે.



## સનસ્કીન સાથે કરો દોસ્તી

તમે કોઈ પણ મેકઅપ કરો, પરંતુ સનસ્કીનનો ઉપયોગ કરવાનું ક્યારેય ન ભૂલો. ગરમી હોય, ઠંડી હોય કે વરસાદ પડી રહ્યો હોય કોઈ પણ કન્ડિશનમાં સનસ્કીન લગાવવાનું ન ભૂલવું જોઈએ. નિયમિત સનસ્કીન લોશનનો ઉપયોગ કરવાથી સ્કિન પર સૂરજનાં યુવી કિરણોની ઈફેક્ટ નહીં પડે અને હંમેશાં યુવાન દેખાશો.

## કોમ્પેક્ટ પાઉડર

મેકઅપને મિનિમલિસ્ટિક રાખવો એ નેચરલ અને ફ્રેશ લુકને પરફેક્ટ બનાવવાની ગાઈડલાઈન છે. એક્સ્ટ્રા ઓઈલને રોકવા માટે ચહેરા પર કોમ્પેક્ટ પાઉડર લગાવો. મેકઅપ માટે તમારી પાસે પૂરતો સમય છે તો ચહેરાને ચમકાવવા ટિન્ટેડ મોઈશ્ચરાઈઝર કે બીબી ક્રીમનો ઉપયોગ કરી શકો છો. તમે ડેલી યૂઝ માટે ફિક્સ પાઉડરનો ઉપયોગ કરી શકો છો, જે ત્વચાની રંગતને એક સમાન કરી દે છે.

## આઈલેશને કરો લાઇન

તમારી અપર આઈલેશ પર આઈ પેન્સિલથી લાઈન બનાવો. પરફેક્શન માટે તમે જીપ બ્રાઉન કલરની આઈ પેન્સિલનો ઉપયોગ કરી શકો છો. પેન્સિલ બ્રશની મદદથી તેને સંપૂર્ણ રીતે સ્મજ કરો. આઈ પેન્સિલને ફેડ કરવાથી તમારી આંખને સોફ્ટ અને કુદરતી રૂપ મળશે. તમે લેશેજની લાઈન પર તમારા ફેવરેટ શેડની આઈ પેન્સિલનો ઉપયોગ કરી શકો છો. સફેદ પેન્સિલ તમને બેસ્ટ લુક આપી શકે છે. આઈ મેકઅપ કમ્પ્લીટ કરવા પાંપણની ઉપર અને નીચે પણ કાજલ લગાવો.

## લિપ મેકઅપ

મનગમતા લિપ કલરનો એક કોટ એપ્લાય કરીને લુકને પૂર્ણ કરો. તમને લાઈટ ગ્લોસી લિપ્સ ગમે છે તો લિપસ્ટિકની ઉપર લિપ ગ્લોસનો એક કોટ એપ્યાલ કરો. મેકઅપ નેચરલ દેખાશે.

## આઇ મેકઅપ

લાઈટ બ્રાઉન કલરની મેટ ફિનિશ આઈશેડો સાથે સ્મઝ્ડ પેન્સિલ લાઈનને સેટ કરો. કોલેજ મેકઅપ માટે હંમેશાં શિમર અને સાટિન ફિનિશ આઈશેડ કરવાનું ટાળો. આ શેડ તમારા મેકઅપ લુકને ખરાબ કરી શકે છે. આઈ મેકઅપને આકર્ષક બનાવવા ક્લાસિક બ્લેક આઈલાઈનરનો ઉપયોગ કરો.

## લાઇટ બ્લશ લગાવો

ગાલ પર લાલી લાવવા માટે પિંક અને કોરલ જેવા લાઈટ શેડવાળા બ્લશ પેલેટનો ઉપયોગ કરો. એ માટે ફ્લફી પાઉડર બ્રશનો ઉપયોગ કરો, જે તમારા ચહેરાને નિખારવાનું કામ કરશે.

## આઇબ્રો મેકઅપ

આઈબ્રોને આકર્ષક બનાવવા આઈબ્રો પેન્સિલનો ઉપયોગ કરો. પાતળા વાળની જેમ સ્ટ્રોક ક્રિએટ કરો, પરંતુ નેચરલ લાગે એવો પ્રયત્ન કરો. સ્પૂલી બ્રશની મદદથી તેને બ્લેન્ડ કરી આ સ્ટેપને પૂર્ણ કરો.

## સ્કીન અનુસાર ફાઉન્ડેશન ખરીદવું

**સ્કિન ટાઇપનું ધ્યાન રાખો**

સ્કિન ટાઈપ અને તેની સાથે જોડાયેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ફાઉન્ડેશન ખરીદો, જેથી તે એકસાથે બંને માટે કામ કરી શકે. તમારી સ્કિન ઓઈલી, ડ્રાય અથવા બંનેનું કોમ્બિનેશન હોઈ શકે છે. તેથી સૌથી પહેલાં તમારી ત્વચાને જાણી અને સ્કિનને અનુકૂળ હોય એવા ફાઉન્ડેશનની પસંદગી કરો.

**અંડર ટોન નક્કી કરો**

ફાઉન્ડેશનની પસંદગી કરવી એ સૌથી મહત્ત્વપૂર્ણ અને પડકારજનક છે. તમારી સ્કિન ટાઈપ સાથે મેચ કરતું ફાઉન્ડેશન ન મળે એવી શક્યતાઓ પણ રહેલી છે, અંડરટોન ચેક કરવું એ ઉત્તમ આઈડિયા છે. એક્સપોઝ્ડ પાર્ટ્સ, જેમ કે તમારા શોલ્ડરનો કલર રેડ હોય કે પછી પિંકની આસપાસ હોય તો તમારી અંડરટોન પિંક છે. જો એ ભાગ ગોલ્ડન અથવા પીચ જેવો દેખાય છે

**કવરેજને ઓળખો**

એવા ફાઉન્ડેશનની પસંદગી કરો, જે ચહેરાને નેચરલ દેખાવવામાં મદદ કરે. રૂટિનમાં આપણે લાઈટ કવરેજ જ પસંદ કરીએ છીએ. એક લાઈટ ફાઉન્ડેશન અને ટિંટેડ ક્રીમ પસંદ કરી શકો છો. જ્યારે તમને વધારે કવરેજની જરૂર લાગે, તો મીડિયમ કવરેજવાળું ફાઉન્ડેશન પસંદ કરો.

**ખરીદતા પહેલાં ટ્રાય કરો**

તમે કોઈ ફાઉન્ડેશન પસંદ કરી લીધું છે, તો એ શેડના ફાઉન્ડેશનનું એક સેમ્પલ ટેસ્ટ કરી લો. ફાઉન્ડેશન ટેસ્ટ કરતી વખતે લાઈટમાં રહેવાને બદલે બહાર સૂરજના પ્રકાશમાં તેને જુઓ. એનાથી તમારા ચહેરા પર ફાઉન્ડેશનનો શેડ કેવો લાગશે એનો તમને ખ્યાલ આવશે.

# ઈન્ડિયન-વેસ્ટર્ન આઉટફિટમાં ક્લાસી લુક આપે પર્લ જ્વેલરી

જ્યારે જ્વેલરીની વાત કરવામાં આવે છે ત્યારે ધ્યાન પર્લ જ્વેલરી તરફ ગયા વગર રહેતું નથી. મોટાભાગની મહિલાઓ પોતાના એથનિક અને ટ્રેડિશનલ આઉટફિટને ગ્રેસફુલ લુક આપવા માટે હેવી જ્વેલરીને બદલે લાઇટ જ્વેલરી પસંદ કરે છે. જેમાં પર્લ જ્વેલરીની પસંદગી કરી શકાય છે. પર્લ જ્વેલરી રોયલ લુક આપે છે. પર્લ જ્વેલરીની ખાસિયત એ છે કે, તેને કોઇ પણ ઇન્ડિયન અને વેસ્ટર્ન આઉટફિટ સાથે કેર કરી શકાય છે. તમને જ્વેલરી કલેક્શનનો શોખ છે તો તમે પર્લ જ્વેલરીની આ ડિઝાઇન અપનાવી શકો છો.

## પર્લ સ્ટ્રેન્ડ નેકલેસ



પર્લ જ્વેલરી કલેક્શનમાં સૌથી નાજુક અને આકર્ષક જ્વેલરી સ્ટ્રેન્ડ નેકલેસ છે. સ્ટ્રેન્ડ નેકલેસને તમે સેમિનાર, કોન્ફરન્સ અને પાર્ટીઝમાં પહેરી શકો છો. સ્ટ્રેન્ડ નેકલેસ અનેક પ્રકારના હોય છે. જેમ કે, એક સ્ટ્રેન્ડ અને બે સ્ટ્રેન્ડ નેકલેસ. દેખાવમાં સુંદર અને રોયલ લાગે છે. આને હેવી પાર્ટીવેર ડ્રેસ સાથે પણ પહેરી શકાય છે.

## ઓપેરા નેકલેસ



પર્લથી બનેલા ઓપેરા નેકલેસ દરેક મહિલાને ગ્લેમરસ અને ટ્રેન્ડી બનાવે છે. આ નેકલેસ ફેશનેબલ અને ગોર્જિયસ લુક આપે છે. આ નેકલેસ ખાસ કરીને ફોર્મલ વેર સાથે સારા લાગે છે. ઓફિસ કે નાના ફંક્શનમાં તેને ફ્લોન્ટ કરી શકાય છે.

## ચોકર નેકલેસ



ચોકલ નેકલેસ જે મોતીમાંથી બનેલ હોય છે, તેને ફક્ત ખાસ ઓકેઝન પર પહેરવામાં આવે છે. પ્લંજિંગ નેકલાઇન અને ઓફ શોલ્ડર ડ્રેસ સાથે વધારે આકર્ષક લાગે છે. એમાં સ્ટોન અને મીનાનું કામ હોય છે. તમે તમારી પસંદ અનુસાર કલરફુલ મોતીમાંથી બનાવી શકો છો. દેખાવમાં હેવી લાગતા ચોકર નેકલેસ રોયલ લુક આપે છે.

## પર્લ કુંદન સેટ



આજકાલ ડબલ નેકલેસનું ચલણ વધ્યું છે. એને તેમાં હવે પર્લ કુંદન સેટનો સમાવેશ થઈ ગયો છે. આ સેટ પર્લ અને કુંદનને મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. આ સેટ મોટાભાગે હેવી ડ્રેસ જેમ કે, સાડી, લહેંગા અને શરારા સાથે સુંદર લાગે છે.

## ઝૂમકા સ્ટાઇલ પર્લ સેટ



ઝૂમકામાં નાનાં અને મોટાં ઝૂમકા અવેલેબલ છે. તમને એમાંથી જે અનુકૂળ હોય તેની પસંદગી કરો. આ સેટ ફંક્શનમાં આકર્ષક લાગે છે. ઝૂમકા સ્ટાઇલ પર્લ સેટને બ્રાઇડલ લહેંગા સાથે મેચ કરી શકે છે.

## સ્ટડ સેટ



પર્લને યુવતીઓ સ્ટડ અને પેન્ડન્ટ તરીકે પહેરવાનું પસંદ કરે છે. સ્ટડ સેટ લાઇટવેટ હોય છે. જેને ડેલી કેરી કરી શકાય છે. સ્ટડને તમે ગોલ્ડ અને સિલ્વર સાથે પણ બનાવી શકો છો. તેને ઇન્ડિયન અને વેસ્ટર્ન આઉટ ફિટ સાથે પણ કેરી કરી શકાય છે.

# પૂણે ટેસ્ટ : પહેલા દિવસનો હીરો રહ્યો વોશિંગ્ટન સુંદર

પૂણેઃ ભારત-ન્યુઝીલેન્ડ ટેસ્ટ સિરિઝની બીજી ટેસ્ટ મેચ અહીં પૂણેના સ્ટેડિયમમાં ગુરૂવારથી શરૂ થઈ છે. મેચના પહેલાં દિવસે સ્પીનરોનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. ન્યુઝીલેન્ડે ટોસ જીતી પહેલી બેટિંગ કરી હતી. વોશિંગ્ટન સુંદર અને આર. અશ્વિનની જોડીએ ન્યુઝીલેન્ડની તમામ 10 વિકેટ લીધી હતી. સુંદરે 7 વિકેટ સાથે 3 વર્ષ બાદ જોરદાર કમબેક કર્યું હતું. તે પહેલા દિવસનો હીરો રહ્યો હતો. ન્યુઝીલેન્ડની ટીમ પહેલી ઈનિંગમાં 259 પર ઓલઆઉટ થઈ હતી.

ત્યાર બાદ ભારતીય ટીમ બેટિંગ માટે મેદાનમાં ઉતરી હતી. જોકે




ભારતની શરૂઆત ખરાબ રહી હતી. કેપ્ટન રોહિત શર્મા 0 પર આઉટ થયો હતો. ભારતે પહેલી વિકેટ 1 રનના સ્કોર પર ગુમાવી હતી. રોહિતને ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર સાઉથીએ બોલ્ડ કર્યો હતો. ફાસ્ટ બોલર દ્વારા લેવાયેલી આ દિવસની પહેલી વિકેટ હતી. દિવસના અંતે 1 વિકેટ ગુમાવી ભારતે 16 રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ રમતમાં છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સારી શરૂઆત છતાં ન્યુઝીલેન્ડ 259 રન પર ઓલઆઉટ થઈ ગયું હતું.

કુલદીપ યાદવને ડ્રોપ કરી વોશિંગ્ટન સુંદરને રમાડવાનો ભારતીય ટીમનો જુગાર સફળ સાબિત થયો હતો. 3 વર્ષ 7 મહિનાને 20 દિવસ બાદ ટેસ્ટ મેચ રમવા મેદાન પર ઉતરેલા વોશિંગ્ટન સુંદરે 7 વિકેટ લઈ જોરદાર કમબેક કર્યું છે.

## રવિચંદ્રન અશ્વિનનો વર્લ્ડ રેકોર્ડ, WTC ઇતિહાસમાં કર્યું મોટું કારનામું

ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનર આર અશ્વિને ન્યૂઝીલૅન્ડ સામે ચાલી રહેલી પૂણે ટેસ્ટમાં કિવી બેટ્સમેન વિલ યંગની વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો છે. આ વિકેટની સાથે જ તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસ માં સૌથી વધુ વિકેટ લેનારો બોલર બની ગયો છે. તેણે આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના સ્ટાર સ્પિનર નાથન લિયોનને પછાડ્યો છે. WTCમાં 189 વિકેટ



સાથે અશ્વિન સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યા દી માં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. જ્યારે નાથન લિયોન 187 વિકેટ સાથે બીજા સ્થાન પર છે.

## ટેસ્ટ રેન્કિંગમાં ઋષભ પંતે કોહલીને પાછળ છોડ્યો, બુમરાહ પ્રથમ સ્થાને

**દુબઈ**

તાજેતરમાં ICCએ જાહેર કરેલી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમનો બેટર અને વિકેટકીપર રિષભ પંતે દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. પંતે કોહલીને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટના બેટરોની યાદીમાં છઠ્ઠું સ્થાન હાંસલ કરી લીધું હતું. પંતે પોઈન્ટ ટેબલમાં 3 સ્થાનની છલાંગ લગાવી છે. ન્યૂઝીલેન્ડ સામેની પહેલી ટેસ્ટ મેચમાં 70 રન કરનાર વિરાટ કોહલીએ બેટરોની રેન્કિંગમાં હવે આઠમાં સ્થાને આવી ગયો છે. ભારતીય ક્રિકેટ ટીમનો ઓપનર યશસ્વી જયસ્વાલ ટેસ્ટ બેટરોની રેન્કિંગમાં ચોથા સ્થાને છે. ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા બે સ્થાન બદલીને શ્રીલંકાના દુમીથ કરુણારત્ને સાથે સયુંકત રીતે 15માં સ્થાન પર છે. હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલો ઈંગ્લેન્ડ ટીમનો બેટર જો યાદીમાં ટોચના સ્થાને રહીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. આ યાદીમાં ન્યૂઝીલેન્ડના રચિન રવિન્દ્ર અને ડેવોન કોન્વેએ અદ્ભુત છલાંગ લગાવી છે. રચિને 36માં સ્થાનથી છલાંગ લગાવીને 18મુ સ્થાન અને કોન્વેએ 12 સ્થાનની છલાંગ લગાવીને 36મું સ્થાન હાંસલ કર્યું હતું. જયારે બોલરોની વર્ગમાં ભારતના દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહ ટોચના સ્થાને પહોંચી ગયો છે.

## T20ની એક જ ઈનિંગમાં 344 રન, એક સાથે 10 રેકોર્ડ સર્જાયા, ટીમ ઈન્ડિયા પણ થઈ પાછળ

**હરારે**

ઝિમ્બાબ્વેએ 23 ઓક્ટોબરે T20 ક્રિકેટમાં સૌથી મોટા સ્કોરનો રેકોર્ડ તોડ્યો હતો, જ્યારે તેણે ગામ્બિયા સામે T20 ઈતિહાસમાં સૌથી મોટી જીત પણ નોંધાવી હતી. મેન્સ ટી20 વર્લ્ડ કપ આફ્રિકા સબ રિજનલ ક્વોલિફાયર ટુર્નામેન્ટમાં ઝિમ્બાબ્વેએ ગામ્બિયા સામે 4 વિકેટે 344 રન બનાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ટીમ ઈન્ડિયા હવે આ યાદીમાં ત્રીજા ક્રમે આવી ગઈ છે. બાંગ્લાદેશ સામે ટીમ ઈન્ડિયાએ તાજેતરમાં જ 297 રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હતો. જ્યારે બીજા ક્રમે નેપાળની ટીમ આવી ગઈ છે જેણે 314 રનનો મસમોટો સ્કોર બનાવીને રેકોર્ડ બનાવ્યો હતો. જે હવે તૂટી ગયો છે.

આ દરમિયાન સિકંદર રઝાએ માત્ર 33 બોલમાં સદી ફટકારી હતી. જે આ ફોર્મેટમાં ઝિમ્બાબ્વે તરફથી પ્રથમ સદી હતી. રઝાએ 15 છગ્ગા ફટકારીને 133 રન બનાવ્યા બાદ અણનમ રહ્યું હતું. આ મેચમાં ઝિમ્બાબ્વેએ વધુ 12 સિક્સર ફટકારીને રેકોર્ડ સર્જાયો હતો. અત્યાર સુધી આ રેકોર્ડ નેપાળના નામે હતો, જેણે એક ઈનિંગમાં સૌથી વધુ સ્કોર (314) અને સૌથી વધુ સિક્સર (26) હતી. બદલામાં, ગામ્બિયા 54 રનમાં આઉટ થઈ ગયું, આમ ઝિમ્બાબ્વેએ T20માં તેની અત્યાર સુધીની સૌથી મોટી જીત (રનોની દ્રષ્ટિએ) નોંધાવી હતી.

બુધવારે નૈરોબીના રુઆરકા સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડમાં રમાયેલી આ મેચમાં પાવરપ્લે સમાપ્ત થાય તે પહેલા જ ઝિમ્બાબ્વેએ સેન્ચુરી ફટકારી દીધી હતી. સિકંદર રઝાએ તેની ઈનિંગમાં કુલ 57 ચોગ્ગા માર્યા હતા, જે ટી20 રેકોર્ડ પણ છે.

# સવારે ખાલી પેટે કેળા ખાવાથી થશે અનેક ફાયદા



તમે સવારે ખાલી પેટ ઘણા ફળો ખાઈ શકો છો. પરંતુ ખાલી પેટે ફળોનું સેવન ખૂબ જ સમજી-વિચારીને કરવુ જોઈએ. જ્યારે ખાલી પેટ પર કેટલાક ફળો ખાવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે. જો હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓ સવારે ખાલી પેટે દૂધ સાથે 2 પાકેલા કેળા ખાય તો તેમના માટે ફાયદાકારક રહેશે. કેળા એક એવું ફળ છે જે દરેક ઋતુમાં સરળતાથી મળી રહે છે. સવારે ખાલી પેટ દૂધ અને કેળા ખાવાથી હાઈ બ્લડ પ્રેશર સહિત અનેક બીમારીઓનો ખતરો ઓછો થઈ જાય છે. ખાલી પેટે દૂધ સાથે કેળું ખાવું સારું માનવામાં આવે છે.

કેળામાં પોટેશિયમ સારી માત્રામાં હોય છે. જે બીપીને કંટ્રોલ કરવામાં કારગર સાબિત થાય છે. કેળામાં વિટામિન B6 અને વિટામિન C પણ હોય છે. દૂધમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, સેલેનિયમ અને ઝિંક જેવા ગુણો હોય છે. એટલે કે, જો તમે કેળાને દૂધ સાથે ખાઓ તો તે વધુ ફાયદાકારક બને છે. નાસ્તામાં કેળા અને દૂધ ખાવાથી દિવસભર એનર્જી જળવાઈ રહે છે.

**બ્લડ પ્રેશર રહેશે નિયંત્રણમાં :** હાઈ બીપીના દર્દીઓ સવારે ખાલી પેટ નાસ્તામાં દૂધ અને કેળા ખાઈ શકે છે. આ શરીરને પોટેશિયમ પ્રદાન કરશે જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેથી કેળા અને દૂધને બીપીના દર્દીઓ માટે સારું માનવામાં આવે છે, એવું કહેવાય છે કે દૂધ અને કેળા ખાવાથી પણ સ્થૂળતા વધે છે. જો તમે પાતળા થવાથી પરેશાન છો તો રોજ સવારે નાસ્તામાં કેળાનો શેક બનાવીને પીવો. દૂધ અને કેળાના મિશ્રણમાં ભરપૂર માત્રામાં કેલરી હોય છે જે વજન વધારે છે.

**મજબુત બને છે હાડકા :** દૂધ અને કેળા ખાવાથી શરીરને કેલ્શિયમ, પ્રોટીન અને અન્ય જરૂરી વિટામિન્સ મળે છે. તેનાથી હાડકાની તંદુરસ્તી સુધરે છે. હાડકાંને મજબૂત કરવા માટે તમે કેળા અને દૂધ પી શકો છો. જ્યારે તમે નાસ્તામાં કેળા અને દૂધ ખાઓ છો, ત્યારે તે તમારા ચયાપચયને ઝડપી બનાવે છે. પ્રોટીન અને કોમ્પ્લેક્સથી ભરપૂર કેળા અને દૂધ તમારી મેટાબોલિક સિસ્ટમને મજબૂત બનાવે છે.

**પાચનમાં થાય છે સુધારો :** પાકેલા કેળા પેટ માટે પણ સારા માનવામાં આવે છે. તે પાચન સુધારે છે. દૂધ અને કેળા ખાવાથી પેટની સમસ્યા ઓછી થાય છે. દૂધ અને કેળા પચવામાં સરળ છે.

## આયર્નની ઉણપ દૂર ખરવા ખજૂરને ઘીમાં ભેળવીને ખાવું ફાયદાકારક

ખજૂર ઘણા પોષક તત્વોથી ભરપૂર ડ્રાય ફ્રુટ છે. તેનો ઉપયોગ તેની કુદરતી ખાંડ માટે ઘણી વાનગીઓમાં ખાંડના વિકલ્પ તરીકે પણ થાય છે. તેને ખાવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ મળે છે, પરંતુ જો તમે તેને ઘી સાથે ખાઓ તો તેના ફાયદા બમણા થઈ જાય છે. ઘીની સમૃદ્ધિ સાથે, ખજૂર વધુ આરોગ્યપ્રદ બને છે.



**આયર્નની ઉણપ કરશે દૂર**

ઘી ઉમેરવાથી ખજૂરમાં આયર્નનું પ્રમાણ વધે છે, જે વધુ સારી રીતે શોષણને પ્રોત્સાહન આપે છે અને શરીરમાં આયર્નની ઉણપને અટકાવે છે.

**ત્વચાને રાખશે સ્વસ્થ**

ખજૂર અને ઘીનું મિશ્રણ ત્વચાના સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વો પ્રદાન કરે છે. તે ત્વચાને ચમકદાર બનાવે છે, રંગમાં વધારો કરે છે અને વૃદ્ધત્વના સંકેતોને અટકાવે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારશે**

ખજૂરમાં હાજર પોષક તત્ત્વો, ઘીના એન્ટિ-માઈક્રોબાયલ ગુણો સાથે મળીને, રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે, જે શરીરને ચેપ સામે લડવામાં મદદ કરે છે.

**પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં ઉપયોગી**

ખજૂરમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પાચનમાં મદદ કરે છે અને કબજિયાતને અટકાવે છે. સાથે જ ઘીના લુબ્રિકેટિંગ ગુણો પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

**હૃદયને સ્વસ્થ રાખવામાં મદદરૂપ**

ખજૂરમાં પોટેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ઉપરાંત, મર્યાદિત માત્રામાં ઘીનું સેવન કરવાથી શરીરને સારી ચરબી મળે છે, જે હૃદયને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે.

**હાડકાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક**

ખજૂર કેલ્શિયમ, ફોસ્ફરસ અને મેગ્નેશિયમ જેવા ખનિજોનો સારો સ્ત્રોત છે. તે જ સમયે, ઘી હાડકાની ઘનતા અને એકંદર આરોગ્યને સુધારવામાં મદદ કરે છે.

**તણાવ અને બળતરાને દૂર કરવામાં મદદરૂપ**

ખજૂર અને ઘી બંનેમાં એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો છે, જે શરીરમાં ઓક્સિડેટીવ તણાવ અને બળતરાને દૂર કરવામાં મદદ કરે છે.



મેષ (અ, લ, ઈ)

**■ ગુરુ મહારાજનું ફળ :** વૃષભ રાશિમાં વર્ષના આરંભે વક્રી છે. તે તમારી રાશિથી બીજા સ્થાને ભ્રમણ કરે છે. તા. ૦૪-૦૨-૨૦૨૫થી તે માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી મિથુન રાશિમાં આવશે. સામાજિક તથા કૌટુંબિક ક્ષેત્રે પ્રગતિ જણાય. અગાઉના બાકી કામ આગળ વધે. લાભદાયી સ્થિતિ જોવા મળે. પરદેશગમનના પ્રયત્નોમાં સફળતા મળે. આર્થિક અનુકૂળતામાં વધારો થાય. સંતાનની પ્રગતિ જણાય. પ્રવાસ મુસાફરીમાં સફળતા જણાય. તા. ૧૯ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન ગુરુ મહારાજની દિનદશાથી લાભ થાય.

**■ શનિ મહારાજનું ફળ :** વર્ષની શરૂઆતમાં કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી અગિયારમે છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી જૂની સમસ્યા ઉકેલાશે. ૨૯-૦૩-૨૦૨૫થી શનિ તમારી રાશિથી બારમા સ્થાને આવતા મોટી પનોતી શરૂ થશે. ધાતુ મશીનરી સાથે સંકળાયેલા લોકોને લાભ જણાય. વાદવિવાદમાં કાળજી રાખવી. ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં આર્થિક આયોજનમાં લાભ થાય. મોસાળથી સહકાર મળે. પ્રવાસમાં વિલંબ થાય. હરીફો વધુ સક્રિય જણાય. વર્ષ દરમિયાન શનિની પનોતી નથી. પરદેશથી શુભ સમાચાર મળે.

**■ રાહુનું ફળઃ** વર્ષના આરંભે રાહુ મીન રાશિમાં અને તમારી રાશિથી બારમા સ્થાને હશે. તા. ૧૮-૦૫-૨૦૨૫થી કુંભમાં આવે છે. તે તમારા અગિયારમા સ્થાને રહે. આર્થિક અવરોધની શક્યતા રહે. શેર બજાર સાથે સંકળાયેલા લોકોએ કાળજી રાખવી. જૂન જુલાઇમાં આરોગ્ય નરમ રહે. સાત્વિક વાંચન દ્વારા મનોબળ વધારવાની સલાહ છે. કાયદા-કાનૂન બાબતે કાળજી રાખવી. સંયુક્ત મિલકતના કાર્યમાં ધીરજ રાખવી. બચત જાળવી રાખવી. પ્રવાસમાં સાચવવું. પ્રલોભનથી દૂર રહેવું.

**■ માનસિક સ્થિતિ :** વર્ષનાં શરૂઆતનાં ત્રણ માસ દરમિયાન મનોબળ સાથે સાચી દિશામાં મહેનત કરવાથી લાભ થઈ શકે. વર્ષનાં ઉત્તરાર્ધમાં હરિફોથી સાચવવું. એકાદ-બે નાના ધાર્મિક પ્રવાસ કે જ્ઞાન સત્રનો લાભ મેળવી માનસિક શાંતિમાં વધારો કરી શકાય. જૂનાં સામાજિક પ્રશ્નોને મહત્વ આપીને વાતાવરણ ડહોળવું નહીં. વડીલોને વિશ્વાસમાં લઈ સફળતા મેળવી શકાય.

**■ નાણાંકીય સ્થિતિ :** જન્મ સમયનાં ગ્રહયોગો બળવાન હશે તો વર્ષ દરમિયાન નાણાંકીય ક્ષેત્રે સારી અનુકૂળતા રહેશે. -જાન્યુઆરીથી માર્ચ દરમિયાન એકાદ-બે સારી તક સાંપડે. જૂની ઉઘરાણી હશે તો તેમાં આંશિક સફળતા મળે. ભાગીદારીમાં આર્થિક પ્રવૃત્તિ કરતા હોય તો આ વર્ષે કાળજી રાખવી પડશે. મૂડીરોકાણ અંગે ધીરજપૂર્વક વિચારીને આગળ વધી શકાય.

**■ નોકરી-વ્યવસાય :** વર્ષ દરમિયાન નોકરી તથા વ્યવસાય બાબતે ધ્યાન આપવાની જરૂર છે. માર્ચથી જૂન દરમિયાન એકાદ-બે નાના પરિવર્તન આવી શકે. ઉપરી અધિકારી તરફથી મદદ-માર્ગદર્શન મળી રહેશે. પરદેશ સાથે આજીવિકા ક્ષેત્રથી સંકળાયેલાએ  એપ્રિલથી સપ્ટે. દરમિયાન સાવચેતી રાખવી.

**■ જમીન-મકાન સંપત્તિ :** વર્ષના પૂર્વાર્ધમાં એપ્રિલ સુધીમાં આયોજન -મૂડી રોકાણ કે પ્રયત્નો હશે તો તેમાં અનુકૂળતા સારી રહે. યંત્ર -મશીનરી -વાહન બાબતે મૂડીરોકાણની કામગીરીમાં વધુ આયોજનપૂર્વક આગળ વધવાથી સફળતા મળે. સંપત્તિ અંગેના કાર્યમાં અગાઉના અવરોધ કે વિલંબ હશે તો તેમાં રાહત મળે. ધીમી ગતિએ સફળતાસૂચક યોગ બને છે. આમ છતાં એગ્રીમેન્ટ -કાનૂની કાર્યોમાં તકેદારી રાખવી.

**■ લગ્ન-દામ્પત્ય જીવન :** જીવનસાથીની પ્રગતિ અંગેના આયોજનમાં ધીમી છતાં મક્કમ સફળતા મળે. મોસાળપક્ષની મદદથી નવા સંબંધો વિકસાવી શકાય. પિતરાઈ ભાઈઓ સાથે સહકારની ભાવના એકંદરે જળવાઈ રહેશે. સંતાન અંગે આયોજન ગોઠવી શકાય. કૌટુંબિક જવાબદારી વહન કરવામાં આ વર્ષે સારી અનુકૂળતા રહે. સામાજિક ક્ષેત્રે સન્માન મળે.

**■ શત્રુ-કોર્ટ-કચેરી :** માર્ચથી ઓગસ્ટ દરમિયાન દસ્તાવેજી કાર્યો તથા સહી-સિક્કા બાબતે ખાસ કાળજી રાખવી. સંયુક્ત મિલક્ત અંગેનાં પ્રશ્નમાં ધીરજ રાખીને આગળ વધવું. વ્યવસાયલક્ષી ભાગીદારીમાં કે જામીનગીરી બાબતે વિશેષ કાળજી રાખવી. જૂની કોર્ટ મેટરમાં શક્ય હોય તો સમાધાનકારી વલણ અપનાવીને રાહત અનુભવી શકાય.

**■ આરોગ્ય-પ્રવાસ :** સાંધા તથા અસ્થિતંત્ર બાબતે સાચવવુ. એપ્રિલથી જૂન દરમિયાન એકાદ નાની માંદગી તમારી કાર્યક્ષમતામાં ઘટાડો લાવી શકે. આરોગ્યની કાળજી રાખવી. સાત્વિક વાંચન તથા નિયમિત ખોરાકથી માનસિક અને શારીરિક સ્વસ્થતા મેળવવી. રાતના ઉજાગરા કરવાની સલાહ નથી. ઊંઘ અને ઈષ્ટદેવની ભક્તિ તમારી માનસિક શાંતિ વધારી શકે.

**■ સંતાન-વિદ્યાભ્યાસ :** વિદ્યાર્થી ભાઈઓએ પ્રવાસમાં ખાસ સાચવવું. પરદેશ રહેતાં સંતાન તરફથી યોગ્ય સહકાર મળે. ટેકનિકલ લાઈનના વિદ્યાર્થીઓ માટે વધુ સારો સમય ગણાય સંતાનની પ્રગતિ બાબતે આ વર્ષનો પૂર્વાર્ધ વધુ લાભદાયી રહે. આયોજનમાં ધીમી, પરંતુ મક્કમ પ્રગતિ થાય. ઉચ્ચ અભ્યાસ કે સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે મહેનત વધારવાની જરૂર છે.

**■ મહિલા વર્ગ :** સ્વતંત્ર વ્યવસાય કરતી બહેનોને જૂનથી ઓગસ્ટ દરમિયાન વધારે મહેનત કરવા છતાં ઓછું ફળ મળે. આ વર્ષ દરમિયાન સર્વિસ કરતી બહેનો માટે હળવા વિલંબ સાથે પ્રગતિ જળવાઈ રહે. ઓગસ્ટથી ઓક્ટોબર દરમિયાન સામાજિક ક્ષેત્રે યોગ્ય કદર થાય. જુની બચતનો ઉપયોગ મિલકત વસાવવા કરી શકાય તેવા ઉજળા બને.



વૃષભ (બ,વ,ઉ)

**■ ગુરુ મહારાજનું ફળ:** વર્ષની શરૂઆતમાં વૃષભ રાશિમાં ગુરુ વક્રી છે. તે તમારી રાશિમાં જ ભ્રમણ કરે છે. તા.૦૪-૦૨-૨૦૨૫થી માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી ગુરુ મિથુન રાશિમાં આવશે. તે તમારી રાશિથી બીજા સ્થાને રહેશે. એપ્રિલ સુધી નોકરી વ્યવસાયમાં સાચવવું. મે-જૂન પછી નોકરીમાં પ્રમોશન કે ધંધા વ્યવસાયમાં લાભ મળે. તેમાં આર્થિક બાબતે આયોજનથી વધુ લાભ થઈ શકે. ૧૯ સપ્ટે.થી ૭ નવેમ્બર દરમિયાન ગુરુ મહારાજની દિનદશા સાનુકૂળ સમય રહેશે. સામાજિક ક્ષેત્રે અને વાદવિવાદમાં સાચવવું. હરીફોથી સાચવવું. સંતાન અંગે આયોજન થાય.

**■ શનિ મહારાજનું ફળ:** વર્ષની શરૂઆતમાં કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી દસમે છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી માર્ગી ખુલતા જશે. શનિ તા. ૨૯-૦૩-૨૦૨૫થી મીન રાશિમાં આવશે. ત્યારે તમારી રાશિથી અગિયારમા સ્થાને આવશે. મશીનરી ઉદ્યોગ અને ધાતુના વેપાર સાથે સંકળાયેલા લોકોને લાભ થાય. મે માસ પછી આર્થિક આયોજનમાં લાભ થાય. પરદેશગમનના યોગ ગણાય. ૭ નવેમ્બરથી તા. ૨ જાન્યુ. દરમિયાન અગ્નિકસોટી કે માનસિક ચિંતા વધે. જાહેર જીવનમાં સફળતામાં વિલંબ અનુભવાય. જુના સંબંધોનો લાભ મેળવી શકાય. પિતરાઈ ભાઈઓથી સહકાર મળે.

**■ રાહુનું ફળ:** વર્ષના આરંભે રાહુ મીન રાશિમાં છે. તમારી રાશિથી તે અગિયારમા સ્થાને રહે. તા. ૧૮-૦૫-૨૦૨૫થી રાહુ કુંભમાં પ્રવેશે છે. તે તમારી રાશિથી દસમે સ્થાને રહે. ભાગીદારીમાં વ્યવસાય હોય તો સંયમ રાખવાની જરૂર છે. બચત અને રોકાણ માટે નવી તક મળે. મોસાળથી સારો સહકાર મળે. આરોગ્યમાં કાળજી રાખવી. એપ્રિલ સુધી આર્થિક અવરોધ હળવા બને. કોર્ટ કચેરીના કાર્યોમાં કાળજી રાખવી.

**■ માનસિક સ્થિતિ :** વર્ષના આરંભે માનસિક ચિંતા કે થાક-બેચેનીનો અનુભવ થાય. પરંતુ આ ચિંતા લાંબો સમય ન રહે. તમારું આત્મબળ તમને વિશેષ ઉપયોગી થશે. જુન-જુલાઈમાં પ્રવાસ દરમિયાન સાચવવું. અહીં જુના ભાગીદારો કે જુના પ્રશ્નો બાબતે વધુ ગંભીરતાથી વિચારવાની સલાહ નથી. ચિંતાથી ચતુરાઈ ઘટે એ વાત યાદ રાખવી પડશે.

**■ નાણાંકીય સ્થિતિ :** આ વર્ષે નાણાંકીય બાબતે અગાઉના અધૂરા કાર્યો પૂરા થઈ શકે. ધનખર્ચમાં કાળજી રાખીને બચત વધારી શકાય. આ બચતનો ટૂંક સમયમાં યોગ્ય સદ્‌ઉપયોગ થઈ શકે તેમ છે. કાનૂની કાર્યો-દસ્તાવેજી બાબતે તમારે વધુ સંવેદનશીલ અને જાગૃત રહેવાની જરૂર છે. આગામી નવરાત્રી આસપાસ એકાદ નવી તક સાંપડે. જૂની ઉઘરાણી પરત આવી શકે.

**■ નોકરી-વ્યવસાય :** વર્ષ દરમિયાન નોકરી-વ્યવસાયમાં નાના પરિવર્તન આવે. જાન્યુઆરીથી માર્ચ દરમિયાન હરીફોથી સાચવવુ. દક્ષિણ તથા પશ્ચિમ દિશાના પ્રદેશ તરફથી શુભ સમાચાર મળે. ઉદ્યોગ ક્ષેત્રે કામ કરનાર ભાઈઓ માટે વર્ષનો પૂર્વાર્ધ વધુ લાભદાયી નીવડે. નોકરિયાતને માર્ચથી જુલાઈ દરમિયાન નાના ફેરફાર આવે ત્યારે આત્મવિશ્વાસ જાળવવો.

**■ જમીન-મકાન સંપત્તિ :** વડીલોપાર્જિત સંયુક્ત મિલકતનો પ્રશ્ન હોય તો ધીરજ અને સંયમપૂર્વક આગળ વધવાની સલાહ છે. પિતરાઈ ભાઈઓ કે મોસાળ પક્ષની કોઈ વ્યક્તિના માર્ગદર્શનથી ઉકેલ આવી શકે. વધુ પડતાં લાગણી કે ઉશ્કેરાટમાં આવી જવાથી પરિણામ બગડી શકે. સંપતિ અંગેના કાર્યમાં ધીરજ રાખવાની સલાહ છે. જન્મ સમયના ગ્રહયોગો અનુકૂળ હશે તો સફળતા જરૂર મળશે. પરંતુ યંત્ર-મશીનરી-વાહન બાબતે મૂડીરોકાણ કરવાનું હોય તો વિશેષ કાળજી રાખવી.

**■ લગ્ન-દામ્પત્ય જીવન :** એપ્રિલથી જૂન દરમિયાન વાદ-વિવાદથી સાચવવુ. હરીફો વધુ સક્રિય બનતા જણાય. કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે આ વર્ષનો સમય વધુ ઉપયોગી બની રહે. પરદેશ રહેતા સ્નેહી સંબંધી તરફથી સહયોગ મળે. મોસાળ પક્ષ તરફથી માર્ગદર્શન મેળવીને સામાજિક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકો. અગાઉના અટવાયેલા કામકાજ આગળ વધે. એકાદ-બે શુભ પ્રસંગે તમારી યોગ્ય કદર થાય.

**■ શત્રુ-કોર્ટ-કચેરી :** વર્ષના આરંભે હરિફો અને છૂપા શત્રુઓ બાબતે વિશેષ તકેદારી રાખવી પડશે. તમારી કાર્યક્ષમતામાં વારંવાર ઘટાડો થઈ શકે. સંપત્તિ અંગેનાં જુના પ્રશ્નો હશે તો તેનાં નિરાકરણ માટે પ્રયત્નો કરવા. હાલમાં શનિની પનોતી ભલે હોય પરંતુ સાચી દિશામાં મહેનતથી શુભ ફળ મળી શકે.

**■ આરોગ્ય-પ્રવાસ :** દરરોજ વહેલી સવારે સૂર્યોદય સમયે સૂર્યના દર્શન કરવાનો નિયમ રાખવાથી આત્મવિશ્વાસ અને આરોગ્ય બાબતે અનુકૂળતા વધશે. ફેબ્રુઆરીથી જૂન દરમિયાન પ્રવાસમાં સાચવવુ. જૂના હઠીલા દર્દ હોય તો વધુ કાળજી રાખવી. આમ કરવાથી અન્ય ક્ષેત્રે સારી પ્રગતિ થવાના શુભ યોગ બને છે.

**■ સંતાન-વિદ્યાભ્યાસ :** સંતાનના આયોજન તથા પ્રગતિ અંગેના પ્રયત્નોમાં સારી સફળતા મળે. ઉચ્ચ અભ્યાસમાં મહેનતનું શુભ ફળ મળે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરી શકાય. જન્મના ગ્રહો બળવાન હશે તો સફળતાઓ મળે. પરદેશ રહેતાં સંતાનો તરફથી શુભ સમાચાર કે યોગ્ય સહકાર મળી રહેશે.

**■ મહિલા વર્ગ :** જાહેર જીવનમાં સક્રિય મહિલાઓ માટે સમય પ્રગતિસૂચક જણાય છે. આ વર્ષે બહેનોએ વાદ-વિવાદથી સાચવવુ. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન આરોગ્ય બાબતે કાળજી રાખવી. નોકરિયાત બહેનો માટે પ્રગતિની ઉત્તમ તક મળે. સ્વતંત્ર વ્યવસાય કરતી બહેનો બચતનો યોગ્ય ઉપયોગ કરી નવા આયોજન કે ખરીદીમાં લાભ મેળવી શકે.



મિથુન (ક, છ, ઘ)

**ગુરુ મહારાજનું ફળ:** વર્ષના આરંભે વૃષભ રાશિમાં વક્રી છે. તે તમારી રાશિથી બારમા સ્થાને ભ્રમણ કરે છે. તા.૦૪-૦૨-૨૦૨૫થી તે માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી ગુરુ મિથુન રાશિમાં આવશે. તે તમારી રાશિમાં ભ્રમણ કરશે. મિત્રો સાથીદારો તરફથી સહકાર મળે. જૂના હઠીલા દર્દોમાં રાહત જણાય. કૌટુંબિક કે સામાજિક કાર્યોમાં અવરોધ દૂર થાય. સાચી દિશામાં મહેનત કરવાની સલાહ છે. વ્યવસાય ક્ષેત્રે સફળતા મળે. આર્થિક બાબતે અનુકૂળતા જણાય. સંતાનની પ્રગતિ જણાય. ૧૯ ઓક્ટોબરથી ૬ ડિસેમ્બર દરમિયાન ગુરુની દિનદશા એકંદરે લાભદાયી સમય ગણાય.

**■ શનિ મહારાજનું ફળ :** વર્ષની શરૂઆતમાં શનિ એ કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી નવમે છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી તે માર્ગી થશે. તા. ૨૯-૦૩-૨૦૨૫થી મીન રાશિમાં આવશે. ત્યારે તમારી રાશિથી દસમા સ્થાને આવશે પરદેશના વેપાર સાથે સંકળાયેલા લોકોએ એપ્રિલ સુધી કાળજી રાખવી. આર્થિક આયોજનમાં નાના લાભ થવાના યોગ છે. મિલકતની કામગીરીમાં પ્રગતિ થાય. વડીલો તરફથી મદદ અને માર્ગદર્શન મળી રહેશે. નોકરી વ્યવસાયમાં નાના ફેરફાર સંભવ છે. હરીફોથી સાચવવુ.તા. ૬ ડિસેમ્બરથી ૧ ફેબ્રુઆરી દરમિયાન અગ્નિકસોટી કે માનસિક ચિંતા જેવો સમય ગણાય.

**■ રાહુનું ફળ :** વર્ષના આરંભે રાહુ તમારી રાશિથી દસમા સ્થાને રહે. તા. ૧૮-૦૫-૨૦૨૫થી તે કુંભમાં આવે છે. આ સમયે તે તમારી રાશિથી નવમા સ્થાને રહે. જાહેર જીવનમાં તથા સામાજિક બાબતે વાદ વિવાદથી સાચવવું. પરાજય કે પીછેહઠની શક્યતા રહે. જૂન પછી માનસિક રાહત અનુભવાય. નવીન આયોજન થાય. મિત્રોનો સહકાર મળી રહે. આર્થિક આયોજનમાં ધીમી ગતિએ સફળતા મળે. મોસાળ પક્ષ તરફથી સહકાર મળે તેવા પ્રયત્નો કરવા.

**■ માનસિક સ્થિતિ :** વર્ષની શરૂઆતમાં માનસિક થાક લાગે. મનોબળ વધારવા માટે સાત્વિક વાંચન અને હળવા વ્યાયામની જરૂર છે. મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરો. આયોજનપૂર્વક એક પછી એક કામ હાથ ધરવાથી ચિંતામાં ઘટાડો થશે. કામને પૂરો ન્યાય આપી શકાય. આયોજનપૂર્વક સમયની કિંમત સમજીને પરિશ્રમ કરો તો ઉત્તમ પરિણામ મળશે.

**■ નાણાંકીય સ્થિતિ :** આ વર્ષે આર્થિક આયોજનમાં ધીમી છતાં મક્કમ પ્રગતિ જણાય. ડિસેમ્બરથી માર્ચ સુધી કાળજી રાખશો તો આગળ સારો સમય રહે. ખર્ચ ઉપર સંયમ રાખવાખી બચતની સ્થિતિ સુધરે. આ બચતનો યોગ્ય ઉપયોગ મોટી ખરીદી કે સંપત્તિ અંગેનાં આયોજનમાં થઈ શકે તેમ છે. જૂની ઉઘરાણી કે બાકી રકમ હશે તો પરત આવી શકે. વાદ-વિવાદ વગર ઉકેલવા પ્રયત્ન કરવો. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં રાહત જણાય.

**■ નોકરી-વ્યવસાય :** વ્યવસાયલક્ષી બાબતોમાં હળવા અવરોધ આવી શકે. માર્ચ-એપ્રિલમાં નાના પરિવર્તન બદલી કે બઢતી થાય. ઉપરી અધિકારી તરફથી મદદ મળવાના યોગ છે. યંત્રો-મશીનરી સાથે ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરતાં હશો તો સારી તક મળે. નાના પ્રવાસથી કાર્યક્ષમતા કે જાણકારીમાં લાભ થાય.

**■ જમીન-મકાન સંપત્તિઃ** ભાગીદારીમાં મૂડી રોકાણ કરવાની સલાહ નથી. હળવા વિલંબ પછી મધ્યમ સફળતાના યોગ ગણાય. સંપત્તિ અંગેના આયોજનમાં ધીરજપૂર્વક આગળ વધી શકાય. દસ્તાવેજી બાબતો-કાનૂની ક્ષેત્રે વિશેષ કાળજી રાખવી. મોસાળપક્ષની કોઈના માર્ગદર્શનથી અનુકૂળતા વધે અથવા અવરોધ દૂર થાય. મે-જૂન માસ પછી એકાદ-બે શુભ સમાચાર મળે. વડીલ વર્ગને વિશ્વાસમાં રાખીને આગળ વધી શકાય.

**■ લગ્ન-દામ્પત્ય જીવન :** વિવાહ ઉત્સુક પાત્રોએ ઉદાર વલણ અપનાવવાની જરૂર છે. વર્ષ દરમિયાન સામાજિક કાર્યમાં સારી સફળતા મળે. જીવનસાથી કે સંતાનની પ્રગતિ અંગે આયોજન હશે તો ફેબ્રુઆરી-માર્ચ આસપાસ કાળજી રાખવી. પરદેશ રહેતા સ્વજન તરફથી શુભ સમાચાર મળે. પિતરાઈ ભાઈ-બહેનો સાથે સંવાદ જાળવશો તો સારો લાભ થાય. મહેનતનું પરિણામ મળે.

**■ શત્રુ-કોર્ટ-કચેરી :** આ વર્ષે હરિફોની કાર્યશૈલી બાબતે તમારે વિશેષ સાવધાન રહેવાની જરૂર છે. દસ્તાવેજી કાર્યોમાં વિશેષ તેકદારી રાખવી. સરકારી ક્ષેત્રે કામ કરતા હશો તો માર્ચથી સપ્ટેમ્બર દરમિયાન એકાદ વિક્ષેપ આવી શકે. સમય વર્તે સાવધાનની નીતિ અપનાવીને કામ કરવુ. મોટી ખરીદી કે મૂડી રોકાણ બાબતે તમારા હરિફોથી સાચવવુ.

**■ આરોગ્ય-પ્રવાસ :** તંદુરસ્તી બાબતે આ વર્ષ એકંદરે અનુકૂળ રહે. જૂના હઠીલા દર્દમાં એકંદરે રાહત જણાય. આંખોની કાળજી રાખવી. આહાર-વિહાર અંગે જાગૃતિ રાખવાની જરૂર છે. મે-જૂન દરમિયાન થાક-બેચેની-ગરમીને લીધે કાર્યક્ષમતા ઘટે.

**■ સંતાન-વિદ્યાભ્યાસ :** સંતાનની પ્રગતિ અંગેના આયોજનમાં ધીમી ગતિએ સફળતા મળતી જણાશે. વિદ્યાર્થીઓને મહેનતનું સારૂ ફળ મળે તેવા સંજોગો છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હશે તો વધુ મહેનતની જરૂર છે. પરદેશ રહેતાં સંતાનો તરફથી યોગ્ય સહકાર કે શુભ સમાચાર મળી શકે.

**■ મહિલા વર્ગ :** આ વર્ષે નોકરિયાત બહેનોએ વધુ સંયમ અને સમજપૂર્વક કામગીરી કરવી પડશે. માર્ચથી જૂન દરમિયાન કસોટી થાય. અવરોધ અગવડતા સૂચવતો સમય ગણી શકાય. આ સાથે-સાથે શ્રાવણમાં માન-સન્માન મળવાના યોગ છે. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આરોગ્યની વિશેષ કાળજી રાખવી. જૂની બચત હશે તો તેનો યોગ્ય સદઉપયોગ કરવાનો લાભ આ વર્ષે મળે તેમ છે.



## કર્ક (ડ, હ)

**ગુરુ મહારાજનું ફળ :** વર્ષના આરંભે વૃષભ રાશિમાં વક્રી છે. તે તમારી રાશિથી અગિયારમા સ્થાને ભ્રમણ કરે છે. તા. ૦૪-૦૨-૨૦૨૫થી માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી મિથુન રાશિમાં આવશે. તે તમારી રાશિથી બારમા સ્થાને હોય, નોકરી કરતા ભાઇ બહેનોને અનુકૂળતા જણાય. પ્રમોશન કે લાભદાયી સ્થળાંતરના યોગ ગણાય. ઉદ્યોગ વ્યવસાય ક્ષેત્રે સફળતા મળે. મે પછી આર્થિક બાબતે વધુ અનુકૂળતા જણાય. વિદેશગમન અંગેના પ્રયત્નોમાં પ્રગતિ અનુભવાય. તા.૧૯ નવેમ્બરથી તા. ૫ જાન્યુઆરી દરમિયાન ગુરુ મહારાજની દિનદશા એકંદરે પ્રગતિસુચક અને સાનુકૂળ સમય ગણાય.

**શનિ મહારાજનું ફળ:** વર્ષની શરૂઆતમાં કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી આઠમા સ્થાને છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી માર્ગી થશે. તા. ૨૯-૦૩-૨૦૨૫થી મીન રાશિમાં આવશે. ત્યારે તમારી રાશિથી નવમા સ્થાને આવશે. ધાતુ, મશીનરી તથા ખનીજ સાથે સાથે સંકળાયેલા લોકોએ વધુ કાળજી રાખવી. મે માસ પછી આર્થિક કાર્યોમાં અનુકૂળતા વધે. પ્રવાસમાં સાચવવું. જુના દર્દોમાં કાળજી રાખવી. મહેનત વધારવી પડશે. વડીલોપાર્જીત મિલકતનો પ્રશ્ન હોય તો ઉદાર વલણ રાખવાની સલાહ છે. તા. ૫ જાન્યુઆરીથી તા. ૨ માર્ચ દરમિયાન તમારી કસોટી થાય. અથવા માનસિક ચિંતા વધતી જણાશે.

**રાહુનું ફળ:** વર્ષના આરંભે રાહુ મીન રાશિમાં છે. તમારી રાશિથી નવમા સ્થાને રહે. તા.૧૮-૦૫-૨૦૨૫થી કુંભમાં આવે છે. તે તમારી રાશિથી આઠમા સ્થાને રહે. જુના મિત્રો કે ભાગીદારો તરફથી આકસ્મિક લાભની શક્યતા રહે. અગાઉના અટવાયેલા આયોજન આગળ વધે. જૂન પછી વ્યવસાયમાં રાજદ્વારી બાબતે સાચવવું. વાદવિવાદ ન થાય બાબતે તકેદારી રાખવી. ધાર્મિક કાર્યો થાય. યાત્રા પ્રવાસનો યોગ બને છે. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ રૂચી વધે. કૌટુંબિક બાબતોમાં અનુકૂળ સંજોગો જણાય.

**માનસિક સ્થિતિ :** આ વર્ષે માનસિક શાંતિ એકંદરે જળવાઇ રહે. આમ છતાં સાત્વિક વાંચન અને હળવો વ્યાયામ તન-મનને વધુ સ્વસ્થ રાખી શકે. નવા સંબંધો કે મૈત્રી બાબતે વધુ પડતાં શંકાશીલ થવાની જરૂર નથી. ધર્મક્ષેત્રે યોગ્ય કાર્ય કરીન પરિવારની સ્વસ્થતા બાબતે લાભ મેળવી શકાય.

**નાણાંકીય સ્થિતિ :** નાણાંકીય કામગીરીમાં આ વર્ષ દરમિયાન ધીમી છતાં મક્કમ પ્રગતિ થશે. કોઈના ખોટા આશ્વાસનની રાહ જોઈને બેસી રહેવું હિતાવહ નથી. ડિસેમ્બરથી માર્ચ સુધીમાં નવીન આયોજન કરવા. જૂની ઉઘરાણી હોય તો કળથી કામ લેશો. કોર્ટ-કચેરીના બંધનો આવે નહીં તેનું ખાસ ધ્યાન રાખવુ.

**નોકરી-વ્યવસાય :** આ વર્ષે નોકરી-વ્યવસાયમાં એકાદ-બે નવી તક સાંપડે. અગાઉની મહેનત તથા નિષ્ઠાનો પૂરેપૂરો લાભ મેળવી શકાય તેમ છે. નોકરીયાતને માર્ચથી જુન દરમિયાન નાની પરિવર્તન, બદલી કે બઢતી જેવી પરિસ્થિતિ જોવા મળે. મોસાળ પક્ષની કોઈ વ્યક્તિ તરફથી વ્યવસાયલક્ષી બાબતે મદદ-માર્ગદર્શન મળવાના શુભ યોગ બને છે. જન્મના ગ્રહો અનુકૂળ હશે તો વધુ સારી પ્રગતિ અનુભવાય.

**જમીન-મકાન સંપત્તિ :** માત્ર જમીન કે પ્લોટમાં મૂડીરોકાણ કરવાનું વિચારતા હોય તો સમય અનુકૂળ નથી. મૂડીરોકાણ બાબતે ધીરજ રાખી આગળ વધવુ. વડીલ વર્ગને વિશ્વાસમાં લઈને યોગ્ય નિર્ણયો કરવાની સલાહ છે. જૂનથી ઓગસ્ટ માસ દરમિયાન નવીન આયોજન ગોઠવી શકાય. પિતરાઈ ભાઈઓ સાથેના પ્રશ્નો હોય તો સમાધાનવૃત્તિ -ઉદાર વણલ રાખીને આગળ વધવાથી લાભ થાય.

**લગ્ન-દામ્પત્ય જીવન :** જીવનસાથી કે સંતાન અંગેના આયોજનમાં રસ લઈને આગળ વધી શકાય. પરદેશ દહેતા સ્નેહી-સ્વજન તરફથી સારો સહકાર મળી શકે. એપ્રિલથી જૂન દરમિયાન એકાદ સારી તક મળે. તમારી માન પ્રતિષ્ઠામાં વધારો થાય. વિવાહ ઉત્સુક પાત્રો માટે સમય અનુકૂળ ગણી શકાય. આ વર્ષે કૌટુંબિક ક્ષેત્રે તમારી મહેનતનું શુભ કળ મળે. સામાજિક પ્રશ્નોમાં ધીરજ અને કુનેહથી કામ લેવાની જરૂર છે.

**શત્રુ-કોર્ટ-કચેરી :** વર્ષ દરમિયાન હરીફો સતત સક્રિય જણાય. તમારે બળથી નહીં પરંતુ કળથી કામ લેવુ. કોર્ટ-કચેરીનાં કાર્યોમાં સમય-શક્તિનો વ્યવ કરવો નહીં. સમાધાનકારી વલણ વધુ લાભદાયી બની રહેશે. કાયદાકીય બાબતોમાં વડીલવર્ગ કે મોસાળપક્ષની વ્યક્તિ તરફથી સહકાર મળી શકે તેમ છે.

**આરોગ્ય-પ્રવાસ :** તબિયત સાચવવાની સલાહ છે. મે-જૂન દરમિયાન ગરમી કે અસ્થિતંત્ર બાબતે કાળજી રાખવી. શક્ય હોય તો પ્રવાસનું પ્રમાણ ઓછું કરવું. ખોરાક બાબતે સંયમ-નિયમિતતા રાખવી. બિનજરૂરી ચિંતાને બદલે કાળજીપૂર્વક કામગીરી કરશો તો કાર્યદક્ષતામાં વધારો થઈ શકે તેમ છે.

**સંતાન-વિદ્યાભ્યાસ :** સંતાનનાં આરોગ્ય બાબતે વિશેષ કાળજી રાખવી પડશે. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન ક્ષણિક અવરોધ આવી શકે. ઉચ્ચ અભ્યાસ-કરતાં વિદ્યાર્થીઓ માટે સમય સાનુકૂળ ગણાય. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં હશો તો તેમાં મહેનતનું શુભ ફળ મળે તેવા યોગ છે. આ વર્ષ દરમિયાન સંતાનોનાં ઉત્કર્ષ માટે તમારા પ્રયત્નો વધુ સફળ બને.

**મહિલા વર્ગ :** જન્મના ગ્રહો શુભ હશે તો આ વર્ષે સારી પ્રગતિ થાય. આ વર્ષે આરોગ્ય ઉપર વિશેષ ધ્યાન આપવું પડશે. સર્વિસ કરતી બહેનોની પ્રગતિ થશે. સ્નેહી-સ્વજન તરફથી સહકાર મળે. સામાજિક પ્રસંગે સન્માન મળવાનો યોગ છે. આધ્યાત્મિક વાંચનથી મનોબળમાં વધારો થાય. સૂર્યનારાયણની ભક્તિથી આત્મવિશ્વાસ વધે. જૂનથી ઓક્ટોબર દરમિયાન નવી તક મળે.



## સિંહ (મ, ટ)

**ગુરુ મહારાજનું ફળ:** વર્ષના આરંભે વૃષભ રાશિમાં વક્રી છે. તે તમારી રાશિથી દસમા સ્થાને ભ્રમણ કરે છે. તા. ૦૪-૦૨-૨૦૨૫થી માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી મિથુન રાશિમાં આવશે. તે તમારી રાશિથી અગિયારમા લાભ આવશે. મોસાળ પક્ષના સભ્યો તરફથી પુરતો સહકાર મળે. એપ્રિલ સુધીમાં પ્રમોશન કે લાભદાયી બદલીનો યોગ છે. મિલકતના કાર્યમાં અનુકૂળતા જણાય. આર્થિક ક્ષેત્રે સારો સમય ગણાય. પ્રવાસમાં કાળજી રાખવી. સામાજિક સફળતા મળે. ૧૮ ડિસેમ્બરથી તા. ૪ ફેબ્રુઆરી ગુરુ મહારાજની દિનદશા લાભદાયી રહેશે.

**શનિ મહારાજનું ફળ:** વર્ષની શરૂઆતમાં કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી સાતમા સ્થાને છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી માર્ગી થશે. તા. ૨૯-૦૩-૨૦૨૫થી મીન રાશિમાં આવશે. ત્યારે તમારી રાશિથી આઠમા સ્થાને આવશે. લગ્નજીવન કે કૌટુંબિક બાબતે ઉદાર વલણ રાખવું. નોકરીમાં ફેરફારની શક્યતા જણાય. ૪ ફેબ્રુઆરીથી ૧ એપ્રિલ દરમિયાન માનસિક ચિંતા વધે. હરીફો તથા નાની તકલીફો રહે છતાં ધીમી ગતિએ પ્રગતિ થાય. મે જુન પહેલા આર્થિક કાર્યોમાં અનુકૂળતા થશે. વિવાદ કે કાયદા બાબતે ક્ષણિક પીછેહઠ અનુભવાય.

**રાહુનું ફળ :** વર્ષના આરંભે રાહુ મીન રાશિમાં છે. તમારી રાશિથી આઠમા સ્થાને રહે. ૧૮-૦૫-૨૦૨૫થી કુંભમાં આવે છે. તે તમારી રાશિથી સાતમા સ્થાને રહે, સામાજિક બાબતે ખાસ સાચવવું. મિલકતના કામ આગળ વધે. આરોગ્યની અસર કામગીરીમાં થાય. હરીફો વધુ સક્રિય બને. વાદવિવાદમાં પીછેહઠની શક્યતા રહે. પ્રલોભનથી દૂર રહેવુ. નવા આયોજનમાં અવરોધ આવી શકે. મે-જુન પછી વ્યવસાયમાં અવરોધ જણાય.

**માનસિક સ્થિતિ :** વર્ષના શરૂઆતના ત્રણ માસ માનસિક થાક કે અજંપો અનુભવાય. અગાઉના અનુભવ કે પ્રસંગને મનમાં વાગોળવાને બદલે સાત્વિક વાંચન અને ઈષ્ટદેવની ભક્તિથી વધુ સ્વસ્થતા મળે. મનની પ્રસન્નતા માટે અન્ય પ્રયત્નો કરવા. ઓગસ્ટથી ઓક્ટોબર દરમિયાન અગાઉના અધૂરા આયોજનમાં પ્રગતિ થાય. જેથી તમને માનસિક રાહત અનુભવાય.

**નાણાંકીય સ્થિતિ :** નાણાંકીય બાબતે અગાઉના સમયમાં કરેલી મહેનત આ વર્ષે ઊગી નીકળે. આગળ પાછળનો લાભ મળી શકે. જૂના સંબંધોનો સદ્ઉપયોગ કરી આર્થિક પાસુ મજબૂત બનાવવા આ સમય વધુ ઉપયોગી સાબિત થાય. બચત વધારી શકાય અને કરેલી બચતનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો સમય છે. શેરબજારમાં અભ્યાસ વધારી યોગ્ય લાભ મેળવી શકાય.

**નોકરી-વ્યવસાય :** આ વર્ષ દરમિયાન વ્યવસાયલક્ષી બાબતો ઉપર વિશેષ ધ્યાન આપવું પડશે. ધાતુ-મશીનરીના વ્યવસાય સાથે સંકળાયેલા ભાઈઓને સારો લાભ મળી શકે. ભાગીદારી બાબતે સાચવવું. નવીન આયોજન માટે ઉતાવળ કરવી નહીં. માર્ચથી જૂન દરમિયાન નોકરિયાતને નાના અવરોધ કે ફેરફાર આવી શકે. આ સમયે વધુ સંયમપૂર્વક નિર્ણય કરવા.

**જમીન-મકાન સંપત્તિ :** આ વર્ષે સ્થાવર-જંગમ મિલકત બાબતે સમજપૂર્વક આયોજન કરવુ. બિનજરૂરી ઉતાવળથી સમય-શક્તિ-સંપત્તિનો વ્યય થતો જણાય. શેરબજારમાં રસ હોય તો અભ્યાસ વધારી લાભ મેળવી શકાય. ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન એકાદ કાર્યમાં તમારી કસોટી થાય. આ કસોટીમાંથી હેમખેમ બહાર નીકળી શકાય. વડીલોને વિશ્વાસમાં રાખી મૂડી રોકાણ કરવાની સલાહ છે. ભાગીદારીમાં કામ કરતાં હોય તો સંભાળીને વ્યવહાર કરવા પડશે. વર્ષના મધ્ય ભાગમાં કાયદાકીય આંટી ઘૂંટીથી માનસિક તણાવ અનુભવાય.

**લગ્ન-દામ્પત્ય જીવન :** કુટુંબના સભ્યો તરફથી સહકાર મળી રહેશે. કૌટુંબિક તથા સામાજિક કાર્યોમાં સફળતા અનુભવાય. ફેબ્રુઆરીથી જુલાઈ દરમિયાન સારી તકનો લાભ મળે. જીવનસાથી અંગેનું આયોજન હશે તો મહેનત વધારવાથી સફળતા મળે. સંતાનની પ્રગતિના કાર્યમાં સારો દેખાવ સંભવ. વિવાહ ઉત્સુક પાત્રો માટે આ વર્ષ આશાસ્પદ ગણી શકાય. પરદેશ રહેતાં સ્નેહી-સંબંધી તરફથી સહકાર મળી રહે.

**શત્રુ-કોર્ટ-કચેરી :** એપ્રિલથી જૂનમાં સારો સમય ગણાય. સ્થાવર-જંગમ મિલકતના પ્રશ્ન હશે તો ઓગસ્ટથી ઓક્ટોબર દરમિયાન ફળ મળે. દસ્તાવેજી કાર્યોમાં કાળજી રાખવી. વર્ષ દરમિયાન હરીફો વધુ સક્રિય બને. તમારે આત્મવિશ્વાસ જાળવવો. પરદેશથી સ્વજન કે ભાગીદારથી સહકાર ઓછો મળે.

**આરોગ્ય-પ્રવાસ:** તમારી કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય. આહાર-વિહારમાં કાળજી રાખવાની જરૂર છે. મે-જૂનમાં ગરમી અને આંખો બાબતે કાળજી રાખવી પડશે. જૂના હઠીલા દર્દો હોય તો ઉપચાર જાળવી રાખવો. નવીન અખતરાં કરવાની સલાહ નથી. જન્મ સમયના ગ્રહયોગો શુભ ફળદાયી હશે તો આ વર્ષમાં આરોગ્ય બાબતે સારી અનુકૂળતા જણાય.

**સંતાન-વિદ્યાભ્યાસ :** પરદેશ રહેતાં સંતાનો અંગે મૂંઝવણ હશે તો એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન ઉકેલ આવી શકે. ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સફળતાની તક મળે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં વિશેષ મહેનત કરવાની જરૂર છે. સૂર્યનારાયણની ભક્તિથી સંતાન અંગેનાં અવરોધ હળવા થાય.

**મહિલા વર્ગ :** નવેમ્બરથી માર્ચ દરમિયાન કસોટી જેવો સમય પૂરવાર થાય. નોકરિયાત બહેનોએ આ સમયમાં આરોગ્ય સાચવવું. સ્વતંત્ર વ્યવસાય કરતી મહિલાઓ માટે એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન સારો સમય ગણાય. એકાદ-બે સારી તક સાંપડે. પરદેશની સંસ્થા તરફથી સારો પ્રતિભાવ મળે. આર્થિક રોકાણ કરવા એકાદ-બે સારા સંજોગો તમારી સમક્ષ આવે.



## કન્યા (પ, ઠ, ણ)

**ગુરુ મહારાજનું ફળ:** વર્ષના આરંભે વૃષભ રાશિમાં વક્રી છે. તે તમારી રાશિથી નવમા સ્થાને ભ્રમણ કરે છે. તા. ૦૪-૦૨-૨૦૨૫થી માર્ગી થશે. તા. ૧૪-૦૫-૨૦૨૫થી મિથુન રાશિમાં આવશે. તે તમારી રાશિથી દસમા સ્થાને વર્ષના આરંભે મેષ રાશિમાં છે. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી વર્ગને એપ્રિલ પછી મહેનતનું યોગ્ય પરિણામ મળે. નોકરી કે રોજગારી મેળવવા ઈચ્છતા પાત્રોને સફળતાનો યોગ બને છે. ધંધા વ્યવસાયમાં માર્ચ પછી અનુકૂળતા વધે. આર્થિક બાબતે કાળજી રાખવી. સામાજિક કાર્યમાં સફળતા જણાય. તા. ૧૭ જાન્યુઆરીથી તા. ૫ માર્ચ દરમિયાન ગુરુની દિનદશા સાનુકૂળ સમય ગણાય.

**શનિ મહારાજનું ફળ:** વર્ષની શરૂઆતમાં કુંભ રાશિમાં વક્રી ગતિ ગતિથી ભ્રમણ કરે છે તે તમારી રાશિથી છઠ્ઠા સ્થાને છે. તા. ૧૫-૧૧-૨૦૨૪થી માર્ગી થશે. તા. ૨૯-૦૩-૨૦૨૫થી મીન રાશિમાં આવશે. ત્યારે તમારી રાશિથી સાતમા સ્થાને આવશે. મશીનરી તથા ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને મે માસ પછી અવરોધ હળવા થાય. આર્થિક બાબતે અનુકૂળતા જણાય. શેરબજારમાં સાચવવું. પરદેશગમન બાબતે વિલંબ થાય. ખાણ ખનીજ કે જમીન સાથે કામ કરતા લોકોએ ખાસ સાચવવું. ભાગીદારો કે સાથીદારો સાથે મતભેદ ઉભા થઈ શકે. તા. ૫ માર્ચથી ૧ મે દરમિયાન કસોટી થાય કે માનસિક ચિંતા વધે.

**રાહુનું ફળ:** વર્ષના આરંભે રાહુ મીન રાશિમાં છે. તમારી રાશિથી સાતમા સ્થાને રહે. તા. ૧૮-૦૫-૨૦૨૫થી કુંભમાં આવે છે. તે તમારી રાશિથી છઠ્ઠા સ્થાને રહે ત્યારે, રોજીંદી આવકવાળા ભાઈઓની મુશ્કેલી વધશે. પ્રવાસમાં સાચવવું. મિલકતના કોઈ આયોજનમાં અવરોધ જણાય. જૂન પછી જુના હઠીલા દર્દવાળા લોકોએ સાચવવું. વાદવિવાદમાં સમય, શક્તિ, સંપતિનો વ્યય થાય. સામાજિક બાબતે ઉદારતા રાખવી. શેરબજારમાં સાચવવું.

**માનસિક સ્થિતિ :** આ વર્ષે માનસિક થાક ઓછો જણાય. તમારી કાર્યક્ષમતા અને કાર્યદક્ષતાને ધીમે-ધીમે વધારી શકાય. જેનો વિશેષ લાભ એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન મળે. કામકાજમાં ધીરજપૂર્વક આગળ વધવુ.વધુ પડતું વિચારવાની આદત હોય તો સંયમ રાખવો. કાયદા-કાનૂનના કામકાજ કરતાં હશો તો વર્ષનાં આખરે સપ્ટેમ્બરથી ઓક્ટોબરમાં વિશેષ કાળજી રાખવી.

**નાણાંકીય સ્થિતિ :** જૂની ઉઘરાણી હોય તો કાળજીપૂર્વક પ્રયત્નો કરવાથી આંશિક સફળતા મળે. આકસ્મિક ધનલાભના યોગ આવી શકે. જન્મનાં ગ્રહો અનુકૂળ હશે તો આ વરસે આવકમાં સુધારો થાય. આમ છતાં ધનખર્ચ બાબતે કાળજી રાખવી જરૂરી છે. બચત વધારવાની સલાહ છે.

**નોકરી-વ્યવસાય :** આ વર્ષે નોકરી-વ્યવસાયમાં હળવાશ અનુભવાય. વધુ પડતો આર્થિક બોજ હશે તો એપ્રિલથી જૂન દરમિયાન યોગ્ય રાહત મળી રહેશે. નોકરીયાત કે ભાગીદાર બાબતે સંયમપૂર્વક વ્યવહાર કરવો. નાની ભૂલને કારણે વધુ સહન કરવાનો સમય આવે. સરળ અને વ્યવહારૂ બનવાથી એકંદરે સારી સફળતા પ્રાપ્ત થશે.

**જમીન-મકાન સંપત્તિ:** વડીલોપાર્જિત મિલકતના પ્રશ્ન હોય તો ધીરજપૂર્વક કામ કરવાની સલાહ છે. નવીન મકાન કે દુકાન અંગેનું આયોજન હોય તો વર્ષના પૂર્વાર્ધમાં માર્ચ પહેલા પ્રયત્નો ગોઠવી શકાય. હરિફોથી સાચવવુ. પિતરાઈ ભાઈ-બહેનો સાથે લેણાદેણી જળવાઈ રહે તે અંગે ઉદાર બનવાની સલાહ છે. જૂનું કરજ-દેવું હોય તો તે બાબતે યોગ્ય આયોજન કરીને ચિંતામુક્ત બની શકાય તેવા યોગ જણાય છે.

**લગ્ન-દામ્પત્ય જીવન :** અગાઉના કાર્યોમાં ધીરજથી આગળ વધી શકાય. મોસાળપક્ષ કે પિતરાઈ ભાઈઓનો સહકાર મેળવવા મનથી પ્રયત્નો કરવાની સલાહ છે. તમારો ભાર હળવો થવાના યોગ છે. યોગ્ય દિશામાં આયોજનપૂર્વક મહેનત કરવી. ફેબ્રુઆરીથી જુલાઈ દરમિયાન આવા કાર્યોમાં અનુકૂળતા જણાય. સંતાન-ભાઈ-ભાંડુઓ તરફથી અનુકૂળ વ્યવહાર થશે.

**શત્રુ-કોર્ટ-કચેરી :** આ વર્ષે તમારા હરીફોની પ્રવૃત્તિ ઉપર વિશેષ ધ્યાન આપવું. તમારે સંયમપૂર્વક સાચી દિશામાં મહેનત કરીને તમારૂ યોગ્ય સ્થાન જાળવી રાખવું પડશે. એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન દસ્તાવેજી કાર્યો તથા મિલકતના પ્રશ્નોમાં કાળજી રાખવી. વિવાદમાં સમય-શક્તિનો વ્યય કરવાની સલાહ નથી. કાયદા-કાનૂનમાં અભ્યાસ વધારવાની સલાહ છે.

**આરોગ્ય-પ્રવાસ :** આરોગ્ય જાળવવા પ્રયત્નો કરવા પડશે. મોટી માંદગીના યોગ નથી. આમ છતાં એપ્રિલથી જૂન દરમિયાન કાર્યદક્ષતા કે જવાબદારીને અસર થાય તેવી નબળાઈ-બેચેની જણાય. વહેલી સવારે સૂર્યોદય સમયે સૂર્યના દર્શન કરવાનો ક્રમ રાખવાથી સ્વસ્થતામાં વધારો થાય. આહાર-વિહાર બાબતે સંયમ રાખવો. જે તમને ખોટા તબીબી ખર્ચમાંથી બચાવી શકશે.

**સંતાન-વિદ્યાભ્યાસ :** આ વર્ષે ઉચ્ચ અભ્યાસમાં મહેનતથી સફળતા મળે. જો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હશો તો તેમાં અગ્ર સ્થાને રહેવાના શુભ યોગ છે. માર્ચથી સપ્ટેમ્બર દરમિયાન સંતાનની પ્રગતિના આયોજનમાં શુભ ફળ મળે. સંતાનના પ્રશ્નો સરળતાથી હલ થઈ શકે.

**મહિલા વર્ગ :** વર્ષની શરૂઆતમાં બહેનોએ પોતાનાં આરોગ્ય બાબતે વધુ કાળજી રાખવી પડશે. વ્યવસાય ક્ષેત્રમાં સંકળાયેલી મહિલાઓએ તેના હરિફો તથા ઉચ્ચ મેનેજમેન્ટની રીતી-નીતિ બાબતે વધુ સભાન રહેવાની આવશ્યકતા છે. આર્થિક આયોજન ગોઠવી શકાય. નાણાંની બચતનો સદઉપયોગ કરી શકાય, મિલકત અંગેનાં કાર્યમાં તમારી ભૂમિકા મહત્વની બની રહેશે.

(ક્રમશ : આવતા અંકમાં)

# જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં સેનાના વાહન પર આડેધડ ગોળીબાર કરાતાં બે જવાન શહીદ, ચાર લોકોના મોત

**જમ્મ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગ નજીક સેનાની ગાડી પર આતંકવાદી હુમલાની ઘટના બની છે. આતંકીઓએ સેનાના વાહન પર આડેધડ ગોળીબાર કર્યો હતો. હુમલામાં બે જવાન શહીદ થયા, જ્યારે સેના માટે કામ કરી રહેલા ચાર લોકોના પણ મોત થયા છે. તો બે જવાન ઘાયલ પણ થયા છે. આતંકવાદી હુમલો ગુલમર્ગના નાગિન વિસ્તારમાં 18 રાષ્ટ્રીય રાઈફલ્સ (RR)ની ગાડી પર થયો છે. સેનાની ગાડી બોટપાથરીથી આવી રહી હતી જે LoCથી પાંચ કિલોમીટર દૂર છે, ત્યારે આતંકવાદીઓએ હુમલો કરી દીધો. સૂત્રોનું કહેવું છે કે આ ઘૂસણખોરીનો પ્રયાસ હોઈ શકે છે.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના ગાંદરબલ જિલ્લા સ્થિત સોનમર્ગ વિસ્તારમાં 20મી ઓક્ટોબરે આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કરતા સાત લોકોના મોત થયા હતા. મૃતકોમાં બે અધિકારી વર્ગના અને ત્રણ શ્રમિકો હતા. અહીં એક ટનલનું બાંધકામ ચાલી રહ્યું છે, ત્યારે અચાનક આતંકવાદીઓ હથિયારો લઈને પહોંચી ગયા હતા અને ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જે અધિકારીઓ અને શ્રમિકો મધ્ય કાશ્મીર અને ગાંદરબલ જિલ્લાને જોડતી જેડ મોડ ટનલ બાંધકામનું કામ કરી રહ્યા હતા, આતંકવાદીઓએ તેમને નિશાન બનાવ્યા હતા.

આ પહેલા ત્રણ ઓક્ટોબરના રોજ બારામુલામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. ઘરમાં છૂપાયેલા ત્રણ આતંકવાદીઓએ જવાનો પર આડેધડ ફાયરિંગ કર્યું હતું. આ ઓપરેશનમાં ભારતીય સેનાની 52મી રાષ્ટ્રીય રાઈફલ્સ અને એસએસબીની બટાલિયન-2ની ટીમ આતંકવાદીઓને વળતો જવાબ આપ્યો હતો. જમ્મુ ક્ષેત્રમાં તાજેતરના મહિનાઓમાં આતંકવાદી ગતિવિધિઓમાં વધારો થયો છે. જુલાઈમાં ડોડા જિલ્લામાં એક એન્કાઉન્ટરમાં એક અધિકારી અને એક પોલીસ અધિકારી સહિત બે જવાનો શહીદ થયા હતા. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા અલગ જૂથ કાશ્મીર ટાઈગર્સે લીધી હતી.

# કેનેડા ગોલ્ડી બરાડને વોન્ટેડ આરોપી નથી ગણતું' : ભારતીય રાજદૂત સંજય વર્માનું નિવેદન

**નવી દિલ્હી**

ભારતીય રાજદૂત સંજય વર્માએ વોન્ટેડ આરોપીઓની યાદીમાંથી ગોલ્ડી બરાડનું નામ હટાવવા બદલ કેનેડા પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, 'કેનેડા ગેંગસ્ટર ગોલ્ડી બરાડને વોન્ટેડ આરોપી ગણતું નથી. આ કારણસર તેણે ગોલ્ડી બરાડનું નામ આરોપીઓનું યાદીમાંથી હટાવી દીધું છે. ભારતે કેનેડાના અધિકારીઓને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાડનું નામ ખતરનાક આરોપીઓ તરીકે આપ્યા હતા. અમારા અનુરોધ પર તેમનું નામ આરોપીઓની યાદીમાં દાખલ કરવામાં આવ્યું હતું, પરંતુ અચાનક જ ગોલ્ડી બરાડનું નામ આ યાદીમાંથી ગાયબ થઈ ગયું છે. આનો અર્થ છે કે કાં તો તેની ધરપકડ કરવામાં આવી છે કાં તો કેનેડા માટે હવે તે આરોપી નથી.'

# ભારતની આર્થિક સ્થિરતાને વધુ મજબૂત બનાવવા UKથી 1 લાખ કિલો સોનું લવાયું

**વોશિંગ્ટન**



ભારત હાલમાં જ યુનાઈટેડ કિંગડમથી 1,000 ટન એટલે કે એક લાખ કિલો સોનું લાવ્યું છે. આ સોનું ભારતનું હતું, પરંતુ તેને યુ.કે.માં સ્ટોર કરાયું હતું. આ સોનાને ભારત લાવવું એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું છે અને તે માત્ર એક કારણસર નહીં, પરંતુ ઘણાં કારણો છે.

ભારતની આર્થિક સ્થિરતાને બૂસ્ટ કરવા માટે યુકેથી સોનું પરત લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સોનું વર્ષોથી સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. કરન્સીમાં વધ-ઘટ અને ફુગાવા સામે સોનું જ સૌથી સુરક્ષિત છે. સોનામાં વધુ રોકાણ કરીને ભારત તેની આર્થિક મજબૂતીમાં વધારો કરવા માંગે છે. વૈશ્વિક અસ્થિરતાના સમયમાં પણ, ભારતના અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

1990ના દાયકામાં ભારતનું અર્થતંત્ર નબળું હતું અને તે સમયગાળામાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સોનું ગિરવે મૂકવું પડ્યું હતું. વર્ષ 2024માં આ સોનાને પરત લાવી શકાયું, તે ભારતમાં પરિવર્તનનો સંકેત છે. એટલું જ નહીં, તે દેશની આર્થિક મજબૂતી અને સ્થિરતાની પણ નિશાની છે.

એક લાખ કિલો સોનું યુનાઈટેડ કિંગડમથી લાવવું કોઈ સહેલું કામ ન હતું. આ માટે ઘણું પ્લાનિંગ અને કો-ઓર્ડિનેશન જરૂરી હતું.

# ભારત સમગ્ર વિશ્વમાં સૌથી મોટું વિકસતું અર્થતંત્ર : IMFનો દાવો

**વોશિંગ્ટન**

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જળવાઈ રહ્યું છે એમ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)ના એક સીનિયર અધિકારીએ જણાવ્યું હતું અને ભારતના બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબૂત હોવાનું નિરીક્ષણ કર્યું હતું.

વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જણાય છે. સાનુકૂળ લણણીને કારણે ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા અમારો અંદાજ છે. ખાધાખોરાકીના ભાવમાં સામાન્યતા સાથે વર્તમાન નાણાં વર્ષમાં ફુગાવો ઘટી ૪.૪૦ ટકા રહેવા અપેક્ષા હોવાનું આઈએમએફ એશિયા પેસિફિક ડીપાર્ટમેન્ટના ડાયરેકટર કૃષ્ણા શ્રીનિવાસને પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું હતું. ચૂંટણીઓ છતાં, રાજકોષિય શિસ્તતા તેના પંથે છે. રિઝર્વનું સ્તર સારુ છે. ભારત માટે મેક્રો ફન્ડામેન્ટલ્સ સારા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ચૂંટણી બાદ ભારતમાં સુધારા અગ્રતાઓ ત્રણ ક્ષેત્રોમાં હોવી જરૂરી છે. ભારતમાં રોજગાર નિર્માણ એક મુદ્દો રહેલો છે.

## ગુજરાત

# મુન્દ્રાથી 100 કરોડના પ્રતિબંધિત તરબૂચના બીજ કબજે, ખોટી તારીખ દર્શાવીને કૌભાંડ

**મુન્દ્રા**



કચ્છના મુન્દ્રામાં ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સે (DRI) સુદાનથી આવેલા તરબૂચના પ્રતિબંધિત બીજનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ બીજનું મૂલ્ય રૂ. 100 કરોડ જેટલું થવા જાય છે, જે 200 કન્ટેઈનરમાં ભારત સુધી આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, આ પ્રકારના બીજ પર પ્રતિબંધ હોવા છતાં ખોટા બિલ સાથે તે મુંદ્રા બંદરે આયાત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, આ સમગ્ર કૌભાંડમાં કુલ 17 આયાતકારો છે, જેમાં 40 કરોડની કરચોરી ઝડપાઈ છે.

DRIની ગાંધીધામ શાખા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. બાતમીના આધારે DRIની ગાંધીધામ યુનિટને જાણવા મળ્યું કે, આયાતકારો પાંચમી એપ્રિલ 2024ના રોજ ડીજીએફટીના જાહેરનામું નંબર 05/2023ની જોગવાઈઓનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેમાં પહેલી મે 2024થી 30 જૂન 2024 સુધી તરબૂચના બીજની મફત આયાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જાહેરનામામાં રજૂ કરાયેલા બિલ સાથેના શિપમેન્ટને મફત આયાત તરીકે મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તે તારીખ પછી મોકલવામાં આવેલી કોઈપણ આયાતને 'પ્રતિબંધિત' તરીકે વર્ગીકૃત કરાયું હતું.

# વડતાલમાં દ્વિશતાબ્દી મહોત્સવની તૈયારી 7મી નવેમ્બરથી ભવ્યાતિભવ્ય કાર્યક્રમો

**વડતાલ**

સ્વામિનારાયણ સંપ્રદાયના તિર્થધામ વડતાલ ખાતે 7મી નવેમ્બરથી 15મી નવેમ્બર દરમિયાન લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરાશે. કોઠારી ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 7મીને સવારના વલેટવા ચોકડીથી મહોત્સવ પરિસર સુધી વિશાળ પોથીયાત્રા યોજાશે. જેમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, ચેરમેન સહિત સંપ્રદાયના વડીલ સંત, પાર્ષદો તેમજ હરિભક્તો મોટી સંખ્યામાં જોડાશે. આ પોથીયાત્રા કળશયાત્રા સવારે 10-30 કલાકે વડતાલ સભામંડપ ખાતે પધારશે. જ્યાં 200 જેટલા ભૂદેવો વિદ્યાર્થીઓ દ્વારા શંખનાદ કરવામાં આવશે. બાદમાં 11 કલાકે દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનું ઉદ્ઘાટન થશે. બાદમાં ઠાકોરજી, પોથીજી, આચાર્ય તથા કથાના બન્ને વક્તાઓનું યજમાન પરિવાર દ્વારા પૂજન કરવામાં આવશે. આ મહોત્સવના પ્રારંભ સાથે 15મી નવેમ્બર સુધી વિવિધ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવશે.

# ગીરનારની લીલી પરિક્રમા 11થી 15 નવેમ્બર સુધી યોજાશે

**જૂનાગઢ**

ગિરનારમાં લીલી પરિક્રમા કરવા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ત્યારે ફરી એકવાર આ વખતે પણ શ્રદ્ધાળુઓ દ્વારા લીલી પરિક્રમાને લઈને છેલ્લા કેટલાય સમયથી રાહ જોવામાં આવી રહી છે. પરિક્રમા ક્યારે યોજાશે તે નક્કી થઈ ગયું છે. જેમાં 12 નવેમ્બરથી લઈને 15 નવેમ્બર સુધી આ પરિક્રમા યોજાવાની છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારના જંગલમાં યાત્રા કરવાના છે. ત્યારે આ વખતે યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તેને લઈને ગિરનાર મંડળ તેમજ સંતો દ્વારા ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે જ ઉતારા મંડળ અને તીર્થ ગોર દ્વારા લીલી પરિક્રમાને લઈને કલેક્ટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું છે. સંતો દ્વારા પોતાની અમુક ખાસ માંગ રજૂ કરવામાં આવી છે.

# નકલી પેઢી થકી GST કૌભાંડમાં વધુ 5 ભેજાબાજોની ભાવનગરથી ધરપકડ

**અમદાવાદ**

ધ્રુવી એન્ટરપ્રાઈઝ નામની પેઢી નકલી દસ્તાવેજો સાથે રજીસ્ટર કરવામાં આવી હતી અને GST નંબર મેળવીને કરોડો રૂપિયાની ટેક્સ ક્રેડિટ મેળવવાના ઉદ્દેશ્ય સાથે અન્ય 12 સંકળાયેલી કંપનીઓને નકલી બિલ મોકલવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા આ અગાઉ એજાજ માલદાર, અબ્દુલકાદર કાદરી, ફૈઝલ શેખ, ઈરફાન જેઠવા, જીગ્નેશ દેસાઈ, પરેશ ડોડીયા, મહેશ લાંગા અને જ્યોતિષ ગોંડલીયાની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામના રિમાન્ડ દરમિયાન પોલીસને મળેલી માહિતીના આધારે આ કેસમાં વધુ લોકોની સંડોવણી બહાર આવી હતી, અને તે મુજબ આદિલ ખોખર ઉર્ફે એડી, કાદર ખોખર ઉર્ફે નાવડી, અકીલ પઠાણ, શાહરૂખ રંગરેજ, અને સરફરાજ ચૌહાણ આ તમામની ભાવનગર ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. અને તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. પકડાયેલા લોકો પાંચથી પંદર હજાર રૂપિયામાં બોગસ દસ્તાવેજના આધારે રજીસ્ટર કરાવવામાં આવેલી કંપનીઓ ખરીદી અને 25 થી 50 હજાર રૂપિયામાં વેચી મારતા હતા. ઉપરાંત તેઓએ 50થી વધુ બોગસ કંપનીઓ ખોલી હોવાની વિગત પણ ધ્યાને આવી છે.

# ભચાઉ પાસે નર્મદા કેનાલમાં ડૂબતા પુત્રને બચાવવા પિતા કૂદ્યા, બંનેનાં મોત

**ભચાઉ**

કચ્છમાં ખારોઈ ગામ પાસે જુવારના ખેતરમાં કાપણીનું કામ કરતા ખેત મજૂર જાનમાંમદ હકીમ સીદીનો 14 વર્ષીય પુત્ર ખમીસા અચાનક પાસેની કેનાલમાં પહોંચી ગયો હતો. એ પછી પુત્ર જોવા ના મળતા તેના પિતા જાન મામદ પણ કેનાલમાં પહોંચ્યા હતા. જ્યાં પુત્રને ડૂબતો જોઈ તેને બચાવવા કેનાલના વહેતા પાણીમાં છલાંગ લગાવી દીધી હતી. આ સમયે પિતા પુત્રની બુમાબૂમથી આસપાસના લોકો કેનાલ ઉપર દોડી ગયા હતા અને બચાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી સાંજે બંને હતભાગી પિતા પુત્રના મૃતદેહ મળી આવતા અરેરાટી ફેલાઈ હતી. પોલીસે મૃતદેહોને ભચાઉ સરકારી દવાખાને પીએમ માટે ખસેડ્યા હતા.

# પ. બંગાળના સાત વર્ષની બાળકી પર રેપ કરી જીવતી સળગાવી દીધી, 3ની ધરપકડ

## બાળકી આઠ દિવસથી ગુમ થઇ હતી, પોલીસે લાને કબજે કઇ પીએમ માટે મોકલી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં બળાત્કાર અને હત્યાની ઘટનાઓ સતત વધી રહી છે. પહેલા આરજી કર હોસ્પિટલ પછી કૃષ્ણનગર અને હવે જયગાંવ. અલીપુરદ્વાર જિલ્લાના જયગાંવમાં સાત વર્ષની બાળકી પર બળાત્કાર કર્યા બાદ તેને જીવતી સળગાવી દેવાની ઘટના પ્રકાશમાં આવી છે.

પોલીસે આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે. પોલીસે લાશને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. કેસની તપાસ ચાલી રહી છે.

પોલીસ અધિક્ષક વાય. રઘુવંશીએ કહ્યું કે આ જઘન્ય અપરાધના આરોપીઓને કડકમાં કડક સજા આપવા માટે પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. મુખ્ય આરોપીના શરીર પર પીડિતાના નખના સ્ક્રેચના નિશાન મળી આવ્યા હતા. તેનાથી ડીએનએ ટેસ્ટિંગમાં મદદ મળશે. તપાસમાં ફોરેન્સિક ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે આઠ દિવસથી ગુમ થયેલી બાળકીનો સળગેલો મૃતદેહ મંગળવારે મળી આવ્યો હતો. માહિતી મળતા જ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. રોષે ભરાયેલા ટોળાએ આરોપીઓની ધરપકડની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો. રસ્તો રોકીને વિરોધ કર્યો હતો. સ્થિતિની ગંભીરતાને જોતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ASP માનવેન્દ્ર દાસ ઉપરાંત SDPO અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ પોતે ચાર્જ સંભાળ્યો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

# મહારાષ્ટ્રમાં 4 બેઠક પર શિંદે સેનાએ પ્રચારની ના પાડતાં દિલ્હી દોડધામ

## મુંબઇ અને થાણે ક્ષેત્રની 4 બેઠકો લઇને તણાવ વધ્યો

**મુંબઇ**

મહારાષ્ટ્રમાં એનડીએ ગઠબંધન વચ્ચે સીટ વહેંચણી અંગે હજુ સુધી કોઈ સમજૂતી થઈ શકી ન હોવાથી ભાજપ નેતૃત્વ પણ એક્શનમાં આવ્યું છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે ખાસ કરીને મુંબઈ અને થાણે ક્ષેત્રની 4 બેઠકોને લઈને તણાવ વધ્યો છે.

ભાજપે તો યાદી પણ જાહેર કરી છે. ભાજપે ગયા રવિવારે આ બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા હતા. કલ્યાણ પૂર્વ, થાણે, નવી મુંબઈ અને મુરબાડના આ ચાર ઉમેદવારો ભાજપ દ્વારા જાહેર કરાયેલ ૯૯ ઉમેદવારોની પ્રથમ યાદીનો ભાગ છે. આ 4 બેઠકોને લઈને ભાજપ અને શિંદે સેના એમ બંને પક્ષો વચ્ચે તણાવ એટલો વધી ગયો છે કે એકનાથ શિંદે સેનાના નેતાઓએ પ્રચાર કરવાની પણ ના પાડી દીધી છે.

આવી સ્થિતિમાં ભાજપનું નેતૃત્વ ઈચ્છે છે કે તમામ મતભેદો જલ્દીથી દૂર થઈ જાય અને તમામ 288 બેઠકો પરની સમજૂતી જલ્દી જાહેર કરવામાં આવે. આ કારણે અમિત શાહે બુધવારે દિલ્હીમાં એક બેઠક યોજી હતી, જેમાં ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે હાજર રહ્યા હતા.

એકનાથ શિંદે સેનાની ધમકીની અસર નજીકની અન્ય બેઠકો પર પણ જોવા મળી શકે છે. ભાજપે કલ્યાણ પૂર્વ બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય ગણપત ગાયકવાડની પત્ની સુલભ ગાયકવાડને મેદાનમાં ઉતાર્યા છે. ગણપત હાલમાં જેલમાં છે અને તેના પર પોલીસ સ્ટેશનની અંદર શિવસેનાના નેતા મહેશ ગાયકવાડ પર ફાયરિંગ કરવાનો આરોપ છે.

બીજી તરફ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે ટિકિટની વહેંચણીને લઈને રાજકીય પક્ષો વચ્ચે ખેંચતાણ ચાલી રહ્યો છે. તમામ સમીકરણોને ધ્યાનમાં રાખીને ટિકિટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.આ દરમિયાન રાજ્યમાં એક એવી બેઠક છે જ્યાં ત્રણ દળો એટલે કે શિવસેના (શિંદે જૂથ), શિવસેના (ઉદ્ધવ જૂથ) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના આમને-સામને છે. મધ્ય મુંબઈની માહિમ બેઠક જ્યાંથી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

અમિત ઠાકરે પરિવારમાંથી ચૂંટણી લડનાર ત્રીજા વ્યક્તિ હશે. તેમના પિતા, MNS વડા રાજ ઠાકરેએ ક્યારેય કોઈ ચૂંટણી લડી નથી. અમિત ઠાકરેના નામની જાહેરાત થતાની સાથે જ માહિમ વિધાનસભા ક્ષેત્રમાં ત્રિકોણીય જંગ જામશે. MNSને માહિમ વિધાનસભા બેઠક પરથી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના, વર્તમાન ધારાસભ્ય સદા સરવણકર અને શિવસેના (ઉદ્ધવ જૂથ) ના મહેશ સાવંત સામે સખત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે.

# યુપીમાં અકસ્માત : હાઈવે પર ટાયર બદલતાં 3 જણાને ટ્રકે કચડી નાખ્યા

## જવાન આતંકવાદીઓની ચુંગાલમાંથી ભાગી બચી ગયો

**લખનઉ**

ઉત્તરપ્રદેશથી વધુ એક ગમખ્વાર અકસ્માતના અહેવાલ સામે આવી રહ્યા છે. અહીં બુલંદશહેરના કાસગંજથી ત્રણ મેક્સ ગાડીઓમાં અનાજ ભરીને જહાંગીરાબાદ મંડી વેચવા જતાં ત્રણ લોકો ટ્રકની અડફેટે આવી જતાં મૃત્યુ પામી ગયા. જોકે એક અન્યની હાલત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે.

અલીગઢ તરફથી આવતા એક ટ્રકે આ લોકોને ટક્કર મારી હતી. ત્રણેય લોકો હાઇવે પર તેમની ગાડી પંચર થઇ જતાં ટાયર બદલી રહ્યા હતા અને તે સમયે જ ટ્રકે તેમને ફંગોળી નાખ્યા હતા. આ ઘટના દાનપુર ગામ નજીક બની હતી. ઘટના બાદ અકસ્માત સર્જનારો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ત્રણેય મૃતકોની ઓળખ સતીશ ચંદ્ર, રામસિંહ, અને સંજુ તરીકે થઇ હતી. આ ત્રણેય લોકો કાસગંજના વતની હતા. દુર્ઘટનામાં વિજય નામના યુવકને ઈજાઓ પહોંચી હતી.

# બિહારમાં ટ્રેન ઉથલાવવાનું કાવતરું, ચાલકની સૂઝબૂઝથી હજારોના જીવ બચ્યા

**પટના**

બિહારમાં પૂર્ણિયા-કટિહાર રેલવે બોર્ડ પર રાનીપતરા રેલવે સ્ટેશનથી આગળ અસામાજિક તત્વોએ પાટા પર 10 એમએમના બે સળિયા મૂકી દીધા હતા.ત્યારે ડ્રાઈવરની નજર અચાનક સળિયા પર પડી ગઈ. સ્ટેશન નજીક ટ્રેનની ગતિ પણ ધીમી હતી. આ કારણે ટ્રેન તાત્કાલિક રોકાઈ પણ ગઈ. ત્યારબાદ રેલવે કર્મચારીઓએ આ વિશે જાણકારી આપી. તેમણે ઘણી જહેમત બાદ બંને સળિયાને પૈડાથી બહાર કાઢ્યા. આ રીતે મોટી ટ્રેન દુર્ઘટના ટળી ગઈ હતી.

# બાબા સિદ્દીકી કેસમાં નવો વળાંક આવ્યો, વધુ 3ની ધરપકડ કરાઈ

## અત્યાર સુધી કુલ 14 લોકોની ધરપકડ કરવામાં આવી

**મુંબઈ**

NCP નેતા બાબા સિદ્દીકી હત્યા કેસમાં મુંબઈ પોલીસે બુધવારે પુણેથી વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આપેલી માહિતી અનુસાર ત્રણ આરોપીઓ રૂપેશ રાજેન્દ્ર મોહોલ, કરણ રાહુલ સાલ્વે અને શિવમ અરવિંદ કોહરની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં તેની સંડોવણી પુરવાર થઈ છે. જેના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. નોંધનીય છે કે, આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 14 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે આરોપીઓની ધરપકડ કર્યા બાદ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, રૂપેશ રાજેન્દ્ર મોહોલ, કરણ રાહુલ સાલ્વે અને શિવમ અરવિંદ કોહર બધા પુણેના રહેવાસી છે. અધિકારીએ કહ્યું કે, અમિત કુમાર હત્યાની યોજના અને અંજામ આપવામાં સામેલ હોવાની શંકા છે. તેમણે કહ્યું કે, તેની અને અન્ય આરોપીઓ સાથે સંકળાયેલા કેટલાક શંકાસ્પદ નાણાકીય વ્યવહારો પણ તપાસ હેઠળ છે. કુમારને મંગળવારે સાંજે હરિયાણાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી લીધો હતો.

# દાના ચક્રવાત ઓડિશાના દરિયાકિનારેથી આગળ વધ્યું, લેન્ડફોલ વિસ્તારથી 3 લાખ લોકોનું સ્થળાંતર

**ઓરિસ્સા**

દેશના પૂર્વી દરિયાકાંઠાના વિસ્તારોમાં ચક્રવાતી તોફાન દાનાનો ખતરો મંડરાઇ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાત "દાના" 24-25 ઓક્ટોબરના રોજ પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકાંઠે ત્રાટકે તેવી સંભાવના છે, તેથી ભારતીય કોસ્ટ ગાર્ડ ઝોને જાન-માલની સુરક્ષા માટે ઘણા આદેશ જારી કર્યા છે.



દરિયાઈ સલામતી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, ICG એ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં જહાજો, એરક્રાફ્ટ અને રિમોટ ઓપરેટિંગ સ્ટેશનોને માછીમારો અને ખલાસીઓને નિયમિત હવામાન ચેતવણીઓ અને સલામતી સલાહ આપવાનું કામ સોંપ્યું છે. આ ચેતવણીઓ તમામ માછીમારી જહાજોને સતત મોકલવામાં આવી રહી છે અને તેઓને તાત્કાલિક કિનારા પર ICG વ્યૂહાત્મક રીતે સમુદ્રમાં કોઈપણ કટોકટીને તરત જ જવાબ આપવા માટે તેના જહાજો અને વિમાનોને તૈનાત કર્યા છે. દરિયાકાંઠાના વિસ્તારના માછીમારી સમુદાયોને ગામડાના વડાઓ સહિત વિવિધ માધ્યમો દ્વારા જણાવવામાં આવ્યું છે કે ચક્રવાત પસાર ન થાય ત્યાં સુધી સમુદ્રમાં સાહસ ન કરવું. ચક્રવાતી તોફાન દાનાના ખતરાને જોતા કોલકાતા એરપોર્ટ પર ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના કાંઠા વિસ્તારમાં અંદાજે 3 લાખ લોકોનું સ્થળાંતર કરાયું છે.

# પ્રદૂષણ રોકવા માટેનો કાયદો કંઈ કામનો નથી : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં ફરી એક વખત પ્રદૂષણ વધવા લાગ્યુ છે. ધીમે ધીમે હવામાં ઝેરનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટે પ્રદૂષણવાળા કાયદા અંગે કેન્દ્ર, પંજાબ અને હરિયાણા સરકારની ફરીથી ટીકા કરી છે અને જણાવ્યું છે કે આ કાયદો કંઈ કામનો નથી. કોર્ટે જણાવ્યું છે કે પરાળી બાળવાના દંડથી સંબધિત સીએક્યુએમ અધિનિયમની જોગવાઈઓ લાગુ કરવામાં આવી નથી. કોર્ટે પર્યાવરણ કાયદાઓને બેકાર બનાવવા બદલ કેન્દ્રની ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સ્વચ્છ અને પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવુ તમામનો મૌલિક અધિકાર છે અને નાગરિકોના અધિકારો ચાલુ રાખવા કેન્દ્ર અને રાજ્ય સરકારોની ફરજ છે. જસ્ટિસ અભય ઓકાએ જણાવ્યું છે કે ભારત સરકારે કોઇ તંત્ર બનાવ્યુ નથી. પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ શક્તિહીન થઈ ગયું છે.

# દેશમાં 2023માં માર્ગ અકસ્માતની ઘટનામાં રેકોર્ડ, 1.73 લાખનાં મોત

**નવી દિલ્હી**

દેશમાં વર્ષ 2023માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા અંગે આશ્ચર્યજનક આંકડા સામે આવ્યા છે. રાજ્યો દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવેલા આંકડાઓ અનુસાર 2023માં માર્ગ અકસ્માતમાં કુલ 1.73 લાખ લોકોનાં મોત થયા છે.

જેનો અર્થ થાય છે કે દરરોજ સરેરાશ 474 લોકોનાં મોત થયા છે અથવા દર ત્રણ મિનિટે એક વ્યકિતનું મોત થયું છે. મીડિયાના અહેવાલ મુજબ આ સંખ્યામાં એક વર્ષમાં મૃત્યુ પામેલા લોકોની મહત્તમ સંખ્યા છે. સરકારે જ્યારથી સમસ્યાની ગંભીરતા અને દુર્ઘટનાની પાછળના કારણોની સમીક્ષા કરવા માટે રાષ્ટ્રીય સ્તરે માર્ગ અકસ્માતના આંકડાઓ એકત્ર કરવાનું શરૂ કર્યુ છે ત્યારથી 2023માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા અત્યાર સુધીની સૌથી વધુ છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થનારાઓની સંખ્યા પણ સતત વધી રહી છે. 2023માં માર્ગ અકસ્માતમાં 4.63 લાખ લોકો ઘાયલ થયા હતાં. જે 2022ની સરખામણીમાં 4 ટકા વધારે છે. માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા પ્રકાશિત રિપોર્ટ અનુસાર 2022માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા 1.68 લાખ હતી.

# જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો 'રાજ્ય'નો દરજ્જો મળશે, અમિત શાહે આપી ખાતરી

**નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો રાજ્યનો દરજ્જો મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ મુદ્દે કામગીરી શરૂ થઈ શકે છે. જો કે, સત્તાવાર જાહેરાત થઈ નથી. બુધવારે સાંજે દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વચ્ચે મોટી બેઠક યોજાઈ હતી. સરકાર બનાવ્યા બાદની પ્રથમ બેઠકમાં જ એનસી સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઠરાવ રજૂ કર્યો હતો. ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યનો દરજ્જો આપવાની કામગીરી શરુ કરવાની ખાતરી આપી છે. જેનો સંકેત ઓમર અબ્દુલાહે પણ આપ્યો છે. ઓમર અબ્દુલાહે આ બેઠક બાદ નિવેદન આપ્યું હતું કે, આ એક શિષ્ટાચારની ભેટ હતી.

# સુદાનમાં વાડ મજની શહેરમાં સાંજની નમાજ બાદ બોમ્બમારો : 31નાં મોત

## સુદાનમાંથી સશસ્ત્ર દળો ખસી જતાં અંધાધૂંધી : અત્યાર સુધી 24,850નાં મોત

**ખાર્ટુમ**

મધ્ય સુદાનના ગેજિરા પ્રાંતનાં મુખ્ય શહેર વાડ-મદનીમાં એક મસ્જિદ ઉપર થયેલા હવાઈ હુમલામાં ૩૧નાં મૃત્યુ થયાં છે. એક સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાએ આ માહિતી આપી છે. વાડ મદની સંઘર્ષ સમિતિને મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રવિવારે યુદ્ધ વિમાનોએ સાંજની નમાજ પછી શેખ અલ જેવી મસ્જિદ અને બાજુના અલ ઈમ્તિદાદ આસપાસના પ્રદેશોમાં વિસ્ફોટક બોમ્બ વર્ષા કરી હતી. તેમાં ૩૧ લોકોનાં મૃત્યુ થયાં હતાં.

વાસ્તવમાં ઉત્તર અને દક્ષિણ સુદાન વચ્ચે વર્ષોથી સંઘર્ષ ચાલે છે. તેથી સામ સામી બોમ્બ વર્ષા થઈ રહે છે. પરંતુ આ વખતે મસ્જિદ ઉપર થયેલી બોમ્બ વર્ષા અક્ષમ્ય બની રહી છે.

આ બોમ્બ વર્ષામાં માર્યા ગયેલા પૈકી ૧૫ની ઓળખાણ થઈ શકી છે. બાકીનાની ઓળખાણ થવા બાકી છે. જો કે આ ઘટના અંગે કોઈ પણ પક્ષે કોઈપણ ટીપ્પણી કરી નથી.

સુદાનમાં સુદાની સશસ્ત્રદળો વાડ-મદની શહેરમાંથી ખસી ગયા પછી ડિસેમ્બર ૨૦૨૩માં અર્ધ સૈનિક રેપીડ સપોર્ટ ફોર્સ, (આર.એસ.એફ.) નીજીરા પ્રાંત પર કબ્જે જમાવી દીધો છે. ગત ૧૪મી ઓક્ટોબરે સશસ્ત્ર સંઘર્ષ સ્થાન અને ડેટા પરિયોજનાના એક રીપોર્ટ પ્રમાણે આ સંઘર્ષમાં હજી સુધીમાં ૨૪,૮૫૦નાં મોત થયાં છે. ઉલ્લેખનીય છે કે ઉત્તર સુદાન અને દક્ષિણ સુદાન વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે.

# બોગસ વિઝા સિસ્ટમથી કંટાળી ગયા USમાં H-1B હોલ્ડર ભારતીયોનું દુઃખ

**વોશિંગ્ટન**

સોશિયલ મીડિયા પર એક વ્યક્તિએ લખ્યું છે કે અમેરિકામાં રહીને હું ડ્રોપબોક્સથી એચ1બી વિઝા રિન્યૂ કરાવવા એક મહિનાથી ટ્રાય કરું છું. પણ સફળતા નથી મળતી. તેઓ મને રેન્ડમ તારીખ આપે છે જેમ કે આજથી બે દિવસની તારીખ આપે છે. શું અમેરિકામાં રહેતી વ્યક્તિ આટલા ઓછા દિવસમાં બહાર જઈને વિઝા રિન્યૂ કરાવી શકે. આ સાવ પાગલપન છે. અમેરિકાને ઘણા લોકો બહુ ફાસ્ટ અને હાઈ-ટેક દેશ ગણે છે પણ તેની કેટલીક સિસ્ટમો એવી છે જેનાથી મોટા ભાગના લોકો પરેશાન છે. તેમાં પણ તેની વિઝા રિન્યૂ કરવાની જે પ્રોસેસ છે તેણે લોકોને પરેશાન કરી દીધા છે. અમેરિકામાં વસતા એક ભારતીય યુવાનને H-1B વિઝા રિન્યૂ કરાવવામાં એટલી તકલીફ પડી ગઈ છે કે તોબા પોકારી ગયો છે. તેનું કહેવું છે કે મારે H-1B વિઝા રિન્યૂ કરાવવા છે અને તેના સ્લોટ માટે કેટલાય મહિનાથી ગોથા ખાઉં છું પણ ક્યાંય મેળ પડતો નથી.આ વાત છે એક ભારતીય નાગરિકની જે અમેરિકામાં વસે છે અને એચ-1બી વિઝા પર કામ કરે છે. હવે તેણે આ વિઝા રિન્યૂ કરાવવા છે પણ તેમાં તેને સતત નિરાશા હાથ લાગી રહી છે.

# આતંકી હુમલાનો ઈઝરાયલની જેમ તૂર્કીએ બદલો લીધો, બે દેશમાં એરસ્ટ્રાઈક કરી

**અંકારા**

તૂર્કીયેની રાજધાની અંકારામાં બુધવારે થયેલા ભીષણ આતંકવાદી હુમલાના જવાબમાં બે પાડોશી ઈસ્લામિક દેશને નિશાનો બનાવવામાં આવ્યા છે. તૂર્કીયેએ પાડોશી દેશ સીરિયા અને ઈરાકમાં એર સ્ટ્રાઈક કરી છે. તૂર્કીયે તરફથી કરવામાં આવેલા હવાઈ હુમલામાં બે આતંકવાદીઓ ઠાર કર્યા હોવાની વાત કહેવામાં આવી રહી છે. તૂર્કીયે રક્ષા મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલાં નિવેદનમાં કહેવામાં આવી રહ્યું છે કે, હવાઈ હુમલો કરી કુલ 30 આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો છે. તૂર્કીયેના રાષ્ટ્રપતિ રઝબ તૈય્યબે એર્દોઆનના એરોસ્પેસ અને ડિફેન્સ કંપની 'તૂસાસ' પર હુમલાને લઈને કહ્યું કે, ગુનેગારોને છોડવામાં નહીં આવે. રાષ્ટ્રપતિના આ નિનેદનના થોડા સમય બાદ જ તૂર્કીયેએ સીરિયા અને ઈરાક પર હવાઈ હુમલો કરાવી દીધો. તૂર્કીયેમાં થયેલાં આતંકવાદી હુમલાની હજુ સુધી કોઈપણ સંગઠને જવાબદારી નથી લીધી, પરંતુ આ મામલો ઈરાક અને સીરિયામાં સક્રિય કુર્દ બળવાખોરો દ્વારા કરાવવામાં આવ્યો હોવાની આશંકા છે.

# લેબનોનની રાજધાની બેરુત ઉપર ઈઝરાયલની એરસ્ટ્રાઈક, 12થી વધુનાં મોત, 57 ઈજાગ્રસ્ત

**લેબનોન**



ઈઝરાયલ ફરી એકવાર મરણિયું બન્યું છે. તેને લેબેનોનની રાજધાની બેરુત અને આસપાસ હવાઈ હુમલા કર્યા હતા. જેમાં 12થી વધુ લોકોનાં મોત થયા હતા. જ્યારે 57થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, દેશના સૌથી જાહેર હોસ્પિટલને ઘણું નુકસાન થયું હતું. અમેરિકી વિદેશ મંત્રી એંટની બ્લિંકનના ક્ષેત્રમાં પહોંચવાના થોડા કલાકો પહેલા ઈઝરાયલે રોકેટ છોડયા હતા. સોમવારે મોડી રાત્રે થયેલા હવાઈ હુમલામાં અન્ય 57 લોકો ઘાયલ થયા છે.

આ હુમલામાં દક્ષિણ બેરુતની બહાર સ્થિત રફીક હરીરી યુનિવર્સિટી હોસ્પિટલની સામેની અનેક ઈમારતો નાથ થઈ ગઈ હતી. ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેણે હિઝબુલ્લાહના સ્થાનો પર હુમલો કર્યો હતો અને હોસ્પિટલને નિશાન બનાવ્યું ન હતું. સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે બ્લિંકને ગાઝામાં યુદ્ધનો અંત લાવવા, હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોની મુક્તિ અને પેલેસ્ટિનિયન નાગરિકોની વેદના દૂર કરવા અંગે ચર્ચા કરી હતી.

# મેક્સિકોમાં ગેંગવૉર થતાં ગોળીબારમાં 19નાં મોત : શાબ્દિક તડાતડી પછી ગન ફાઈટ થઈ

**મેક્સિકો સિટી**



મેક્સિકો સીટી : મેક્સિકોનાં સીના લોવા રાજ્યનાં પાટનગર પાસે, ગુંડાઓની બે ટોળકીઓ વચ્ચે થયેલા સામસામા ગોળીબારમાં ૧૯નાં મોત થયાં હતાં. આ ટોળીઓ પૈકી એકની પોલીસે ધરપકડ કરી છે. તેમ મેક્સિકોનાં સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે સિનાલોવા રાજ્યનાં પાટનગર કુલિયાકાનથી ૧૧ કી.મી. દૂર આ ઘટના બની હતી. તેથી સેનાની ટુકડીઓ ત્યાં મોકલવી પડી હતી તેટલી હદે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી.

પોલીસને જોતાં ૩૦ બંદૂકધારીઓએ તેમની ઉપર ગોળીબારી શરૂ કરી દીધી અને પછી જંગલ ભરેલા પર્વતોમાં નાસી ગયા હતા. કારણ કે ફેડરલ ફોસીએ મોરચો સંભાળ્યો હતો. આ ગુંડાઓ તેમનાં શસ્ત્રો અને અન્ય અઢળક શસ્ત્ર સરંજામ પણ હાથ કર્યો હતો. ગુંડા ટોળકીઓ પૈકી એકની ધરપકડ કરાઈ હતી. તેનું નામ એડવિન એન્ટોનિયો એન હોવાનું જાણવા મળ્યુ છે. આ શૂટરે પોતાની ખરી ઓળખ છૂપાવવા છેલ્લું નામ ગુપ્ત રાખી માત્ર એન તેટલું જ રાખ્યું છે. આ ગૂંડા ટોળીઓને વિખેરી નાખ્યા પછી પોલીસે અને ભૂમિદળે સંયુક્ત કાર્યવાહી કરી એડવીન એન્ટોનિયો રુબીયો બા બેઝની ધરપકડ કરી હતી.

# યુનિવર્સિટી ઓફ સિડનીમાં કેમિકલ વિસ્ફોટ, 3 લોકો દાઝી જતાં ભાગદોડ

## ઈજાગ્રસ્તોને યુનિ.ની મેડિકલ કોલેજમાં ખસેડાયા હતા

**સિડની**

યુનિવર્સિટી ઓફ સિડનીમાં રાસાયણિક વિસ્ફોટ થતાં ૩ વ્યક્તિઓ ખરાબ રીતે દાઝી ગઈ હતી. જેના બાદ તેમને તાત્કાલિક ધોરણે યુનિવર્સિટીની મેડિકલ કોલેજની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. ન્યુ સાઉથ વેલ્સ રાજ્યની ફાયર એન્ડ રેસ્ક્યુ ટીમે તેનાં નિવેદનમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીનાં સ્પોર્ટ એક્વેટિક સેન્ટરમાં સવારે આ ઘટના બની હતી. અને જે દાઝી ગયા હતા તેમાં એક યુનિવર્સિટી સ્ટાફ મેમ્બર અને તેમની પાસે ઊભેલા બે નાગરિકો સામેલ છે. યુનિવર્સિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વાસ્તવમાં આ એસિડ આધારિત રસાયણ લઈને અમારો એક સ્ટાફ મેમ્બર તેનાં ડીસ્પોઝ માટે જતો હતો. પરંતુ તેણે એક જ બકેટમાં બે જુદાં જુદાં રસાયણો ભર્યાં, તે રસાયણો વચ્ચે રસાયણિક પ્રક્રિયા શરૂ થઈ ગઈ તેથી પ્રચંડ ઉર્જા ઉત્પન્ન થઈ અને આ વિસ્ફોટ થયો હતો. તેથી તે બકેટ લઈ જતો યુનિવર્સિટીનો કર્મચારી સખત દાઝી ગયો હતો. એટલું જ નહીં પરંતુ માર્ગમાં તેની બાજુમાં આવતા બે રાહદારીઓ પણ દાઝી ગયા હતા.

## રશિયાના કઝાન શહેરમાં આયોજીત બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સૂચન

# આતંક મુદ્દે બેવડું વલણ સ્વીકાર્ય નહીં, UNSCમાં સુધારા કરવા પડશે : મોદી

**મોસ્કો**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રશિયાના કઝાન શહેરમાં આયોજીત બ્રિક્સ સમિટને સંબોધતા ચીન અને રશિયા સહિત સમગ્ર વિશ્વને સલાહ આપી કે યુદ્ધ કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી. અમે યુદ્ધનું નહીં પણ સંવાદ અને ડિપ્લોમસી મુત્સદ્દીગીરીનું સમર્થન કરીએ છીએ.

વડાપ્રધાન મોદીના સંબોધન સમયે ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પણ ઉપસ્થિત હતા. મોદીએ એમ પણ કહ્યું હતું કે બ્રિક્સ સમિટના શાનદાર આયોજન માટે હું પ્રેસિડેન્ટ પુતિનનો હાર્દિક આભાર માનું છું. મને ઘણી ખુશી છે કે આજે અમે પહેલીવાર એક્સ્ટેન્ડેડ બ્રિક્સ ફેમિલીના રૂપમાં મળી રહ્યા છીએ. બ્રિક્સ પરિવાર સાથે જોડાયેલા તમામ નવા સભ્યો અને સાથીઓનું હું હાર્દિક સ્વાગત કરું છું. આ સમિટ એવા સમયે થઈ રહી છે કે જ્યારે દુનિયા યુદ્ધો, સંઘર્ષો, આર્થિક અનિશ્ચિતતા , ક્લાઈમેટ ચેન્જ અને આતંકવાદ જેવા અનેક પડકારોથી ઘેરાયેલી છે. વિશ્વમાં નોર્થ-સાઉથ અને ઈસ્ટ-વેસ્ટ ડિવાઈડની વાત થઈ રહી છે. મોંઘવારી પર અંકુશ, ફૂડ સિક્યોરિટી, એનર્જી સિક્યોરિટી, હેલ્થ સિક્યોરિટી અને વોટર સિક્યોરિટી તમામ દેશો માટે પ્રાથમિકતાના વિષયો છે.

## ભારત-રશિયા વચ્ચે સંરક્ષણ એગ્રિમેન્ટ

ભારત-રશિયા વચ્ચે મહત્વનો કરાર થયો છે. આ કરાર હેઠળ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ રશિયાનો પ્રવાસ કરશે. જેમાં રશિયાની સાથે અઢી અબજ ડોલરનો સંરક્ષણ ડીલ કરશે. આ ડીલ હેઠળ કિનિનદગ્રાદમાં નિર્મિત બે સ્ટીલ્થ ફ્રિગેટમાંથી પહેલા આઈએનએસ તુશિલને ભારતીય નેવીમાં સામેલ કરવામાં આવશે. રશિયાના કેલિનિનગ્રાડમાં યાંતાર શિપયાર્ડમાં બનાવવામાં આવી રહેલા પ્રથમ યુદ્ધ જહાજનું નામ INS તુશીલ અને બીજાનું નામ INS Tamal છે.

## સરહદ સમજૂતીનું સ્વાગત કરીએ છીએ : મોદી

પીએમએ કઝાનમાં બ્રિક્સ સમિટને સંબોધિત કરી હતી. પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટ દરમિયાન મળ્યા હતા. બન્ને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ હતી. આ બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે, સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવી અમારી પ્રાથમિકતા હોવી જોઈએ. અમે સરહદ સમજૂતીનું સ્વાગત કરીએ છીએ.

# ઓન્ટેરિયોનું લક્ષ્ય હવે ઊર્જા ક્ષેત્રે વધુ સક્ષમ બનવાનું છે : ઊર્જામંત્રી

## સ્ટીફન લેસીએ મંગળવારે એક દસ્તાવેજ બહાર પાડયા, ખાનગી કંપનીઓને પ્રોત્સાહ મળવાના સંકેતો

**ઓન્ટેરિયો**

ઑન્ટેરિયો પ્રાંતની વીજળી પ્રણાલી તેની માંગ સામે ૭૫ ટકા વધારાને પહોંચી વળવા માટે સક્ષમ નથી. તેથી હવે ઉર્જા ક્ષેત્રમાં કામગીરી કરાય અને વધારાની વીજળી વેચવા સુધી પ્રાંત સક્ષમ બને તેવી યોજના વિચારાધીન છે. આ અંગે સ્ટીફન લેસીએ મંગળવારે એક દસ્તાવેજ બહાર પાડયો હતો. જેમાં સ્વચ્છ, વિશ્વસનીય અને સસ્તું ગ્રીડ તેમજ ઉર્જા પ્રણાલીના અન્ય પાસાઓ સાથે વીજળી આયોજનને કેવી રીતે સંકલિત કરવું તેની રૂપરેખા આપવામાં આવી હતી. આ પ્રકાશન સ્વતંત્ર ઈલેક્ટ્રીસિટી સિસ્ટમ ઓપરેટરની ગયા અઠવાડિયે થયેલી જાહેરાતને અનુસરે છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે, વીજ માંગ અગાઉની ધારણા કરતાં વધુ ઝડપથી વધી રહી છે અને ૨૦૫૦ સુધી ૭૫ ટકા વધવાની તૈયારીમાં છે. ઉર્જા અને વિદ્યુતીકરણ

મંત્રાલયના દસ્તાવેજ કહે છે કે, પ્રાંત બેઝલોડ



પાવર માટે પરમાણુ અને હાઈડ્રોઈલેક્ટ્રિક ઉત્પાદનને પ્રાથમિકતા આપવાનું ચાલુ રાખશે, પરંતુ ઓન્ટેરિયોને વિશ્વસનીયતા માટે કુદરતી ગેસ ઉત્પાદનની પણ જરૂર છે. કારણ કે, તે ટોચની માંગને પ્રતિસાદ આપવા માટે વધુ સક્ષમ છે. ૨૦૨૧માં વીજળી સિસ્ટમ ૯૪ ટકા ઉત્સર્જન-મુક્ત હતી, અને તે હવે ઘટીને ૮૭ ટકા થઈ ગઈ છે. કારણ કે, પ્રાંત કુદરતી ગેસના ઉત્પાદન ઉપર વધુ આધાર રાખે છે અને પરમાણુ એકમો નવીનીકરણમાંથી પસાર થાય છે. લેસીએ જણાવ્યું હતું કે, આ આયોજન કુદરતી ગેસ ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરશે. સાથે જ વ્યાપક વિદ્યુતીકરણને ટેકો આપીને એકંદરે પ્રાંત વધુ મજબૂત બનશે. ઓન્ટારિયોનું ગ્રીડ વિશ્વમાં સૌથી સ્વચ્છ છે અને પ્રાંત તેનો ઉપયોગ ઊર્જા મહાસત્તા બનવા માટે તેના ફયદા માટે કરી શકે છે, ઓન્ટેરિયોના લોકો માટે પોષાય તેવી ઉર્જા મેળવવાની અમારી પ્રાથમિકતા છે. પરંતુ અમે માનીએ છીએ કે ઑન્ટેરિયો સારી સ્થિતિમાં છે. અમે પહેલેથી જ યુ.એસ.માં સ્વચ્છ ઊર્જાના નિકાસકાર છીએ. અમે ઑન્ટેરિયનોને નોકરીઓ અને આવક પરત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને વધારવા માંગીએ છીએ. ઓન્ટેરિયોની વીજળી પ્રણાલી મેનિટોબા, ક્યૂબેક, મિનેસોટા, મિશિગન અને ન્યૂ યોર્ક સાથે ઈન્ટરટીઝ ધરાવે છે, અને ઓન્ટેરિયો ૨૦૦૬ થી તેમની માટે ચોખ્ખી નિકાસકાર છે. જ્યારે સ્થાનિક માંગને પહોંચી વળવા માટે વીજળી ઉત્પાદનના વિસ્તરણની વાત આવે છે, ત્યારે પ્રાંત પહેલાથી જ નવા સંસાધનો માટે મોટી પ્રાપ્તિ હાથ ધરી રહ્યું છે.

# ઉચ્ચ પગારવાળા અસ્થાયી વિદેશી કામદારો માટે લઘુત્તમ વેતનમાં વધારો થવાની આશા

### ટૂંક સમયમાં જ નવા ફેરફાર અંગે જાહેરાત સંભવ, 8મી નવેમ્બરથી પ્રોગ્રામ અમલી બનશે

**ઓન્ટેરિયો**

ફેડરલ સરકાર એમ્પ્લોયરોને વધુ કેનેડિયન સ્ટાફની નિમણૂંક કરવા પ્રોત્સાહિત કરવાના માર્ગ તરીકે ઉચ્ચ વેતન પ્રવાહમાં કામચલાઉ વિદેશી કામદારોને ચૂકવવામાં આવતા લઘુત્તમ કલાકદીઠ વેતનમાં વધારો થવાની અપેક્ષા છે. લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ સ્ટ્રીમ હેઠળ એમ્પ્લોયરે હવે પરમિટ માટે લાયક બનવા તેમના પ્રાંતમાં ઓછામાં ઓછી સરેરાશ આવક ચૂકવવી આવશ્યક છે. એક સરકારી અધિકારીએ આ વિશે જણાવ્યું હતું કે, રોજગાર પ્રધાન રેન્ડી બોઈસોનોલ્ટ થ્રેશોલ્ડ ટૂંક સમયમાં જ પ્રાંતમાં સરેરાશ કલાક દીઠ વેતન વધીને 20 ટકા થશે તેવી જાહેરાત કરી શકે છે. આ ફેરફાર 8 નવેમ્બરથી અમલમાં આવવાનો છે. ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામમાં અગાઉના ફેરફારોની જેમ, સરકારનો ધ્યેય એમ્પ્લોયરોને વધુ કેનેડિયન કામદારોની ભરતી કરવા પ્રોત્સાહિત કરવાનો છે. લિબરલ સરકારને કેનેડામાં અસ્થાયી રહેવાસીઓની સંખ્યામાં વધારો કરવા બદલ ટીકાઓનો સામનો કરવો પડ્યો છે, જે ઘણા લોકો આવાસની અછત અને જીવન ખર્ચના ઊંચા ખર્ચ સાથે સંકળાયેલા છે. આ કાર્યક્રમ કામદારો સાથે દુર્વ્યવહારના આરોપોને લઈને પણ ચર્ચામાં આવ્યો છે. એમ્પ્લોયર માટે કામચલાઉ વિદેશી કામદારને નોકરીએ રાખવા માટે LMIA જરૂરી છે અને તેનો ઉપયોગ તેઓ જે જગ્યાઓ ભરી રહ્યાં છે તે ભરવા માટે પૂરતા કેનેડિયન કામદારો નથી તે દર્શાવવા માટે થાય છે.

ઑન્ટેરિયોમાં ઉચ્ચ વેતનના કૌંસ માટે સરેરાશ કલાકદીઠ વેતન $ 28.39 છે, તેથી એકવાર ફેરફાર અમલમાં આવે તે પછી એમ્પ્લોયરને કલાક દીઠ ઓછામાં ઓછા $ 34.07 ચૂકવવા પડશે. સરકારી અધિકારીનો અંદાજ છે કે આ ફેરફાર LMIA ઉચ્ચ વેતન પ્રવાહ હેઠળના 34,000 જેટલા કામદારોને અસર કરશે. હાલની વર્ક પરમિટને અસર થશે નહીં, પરંતુ અધિકારીએ જણાવ્યું હતું કે આયોજિત ફેરફાર તેમના નવીકરણને અસર કરશે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડાના જાહેર ડેટા અનુસાર 2023માં 183,820 કામચલાઉ વિદેશી કામદારોની પરમિટો અસરકારક બની હતી. જે 2019માં 98,025 હતી. જે 88 ટકાનો વધારો હતો.

# ઓન્ટેરિયો પ્રાંતમાં કેટલીક બાઇક લેન ઉપર પ્રતિબંધ મૂકવા કવાયત

### નવા ઘરો અને વ્યવસાયોને વીજળી ગ્રીડ સાથે જોડવાનું સરળ બનાવવા વિચારણા

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં કેટલીક બાઈક લેન ઉપર પ્રાંતને વીટો પાવર આપવા, હાઈ-વેના બાંધકામ પ્રોજેક્ટ્સને વેગ આપવા અને નવા હાઈવે માટે પર્યાવરણીય મૂલ્યાંકન સરળ બનાવવાના પ્રયાસમાં સોમવારે વિધાનસભામાં પ્રથમ બિલ રજૂ થયું હતુ. જો કે, તે પ્રક્રિયા કેવી રીતે કાર્ય કરશે તે સ્પષ્ટ નથી. ઑન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે ગયા અઠવાડિયે બાઈકની કેટલીક લેન સાફ કરવાનું વચન આપ્યું હતું અને સરકારના ધ્યાનમાં ટોરોન્ટોના ઘણા ઉદાહરણો હોય તેમ જણાવ્યું હતુ. પરિવહન વિભાગના મંત્રી પ્રબમીત સરકારિયાએ જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિ ફરવા માટે બાઈકનો ઉપયોગ કરી શકતી નથી. આ આપણા કેટલાક મુખ્ય રસ્તાઓ છે, પછી ભલે તે બ્લૂર હોય કે યુનિવર્સિટી કે પછી યોંગ સ્ટ્રીટ. લોકોને કામ પર આવવા-જવાની જરૂર છે. વિધાનસભા સત્રના પહેલાં દિવસની શરૂઆતમાં એનર્જી મિનિસ્ટર સ્ટીફન લેસીએ જાહેરાત કરી હતી કે, તેઓ નવા ઘરો અને વ્યવસાયોને વીજળી ગ્રીડ સાથે જોડવાનું સરળ બનાવવા માટે કાયદો રજૂ કરશે. લેસીએ જણાવ્યું હતુ કે, વર્તમાન નિયમો હેઠળ પ્રક્રિયા ધીમી અને ખર્ચાળ છે, જે ઘર ખરીદનારાઓ માટે ખર્ચમાં વધારો કરે છે અને ઘરનું નિર્માણ અટકાવે છે. લેસીએ અત્યારે જણાવ્યું હતું કે, 200 ઘરોનો રહેણાંક વિકાસ ગ્રીડ સાથે જોડવા માટે જરૂરી નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની સંપૂર્ણ કિંમત ચૂકવશે, પરંતુ અપફ્રન્ટ મૂડી ખર્ચ ઘટાડવાના તેમના આયોજિત કાયદા હેઠળ પ્રોજેક્ટને ફક્ત ઘરો પર વીજળીના ભારણ માટે ચૂકવણી કરવી પડશે.

# વૌઘાન શહેરમાં હિંદુ સમુદાય દ્વારા દિવાળી ઈવેન્ટનું આયોજન કરાશે

**ઓન્ટેરિયો**

વૌઘાન, ઓન દ્વારા દિવાળી નિમિત્તે મેયર સ્ટીવન ડેલ ડુકા અને કાઉન્સિલના સભ્યોને ચોથી નવેમ્બર 2024ના સોમવારના રોજ સાંજે 6 વાગ્યાથી ઉજવણીના કાર્યક્રમ માટે આમંત્રણ પાઠવાયું છે. સાંજે 8 p.m. સુધી વોન સિટી હોલ ખાતે ચાલનારા આ કાર્યક્રમની તૈયારી શરૃ કરી દેવાઈ છે. સિટી ઓફ વોનની બીજી વાર્ષિક દિવાળી ઈવેન્ટ માટે મેયર ડેલ ડુકા તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. કાર્યક્રમમાં પરંપરાગત સંગીત અને નૃત્ય પરફોર્મન્સ રજૂ કરાશે. જે બાદ કોમ્પ્લીમેન્ટરી રિફ્રેશમેન્ટ્સ હશે. પરદેશમાં વસતા ભારતીયો માટે દિવાળી એ હિન્દુઓ, જૈનો, શીખો અને બૌદ્ધો માટે એક અર્થપૂર્ણ સમય છે. આ ઉજવણી અનેક ભારતીય મૂળના પરિવારોને એકસાથે લાવે છે. મેયર સ્ટીવન ડેલ ડુકાએ આ અંગે શૂભેચ્છા પાઠવતા જણાવ્યું હતુ કે, સારા ખોરાક અને કુટુંબ-મૈત્રીપૂર્ણ મનોરંજન સાથે પ્રકાશન આ તહેવારમાં સમુદાયને આવકારવા માટે હું આતુર છું. હું આશા રાખું છું કે, આ દિવાળી તમારા અને તમારા પ્રિયજનો માટે ખુશીઓ, સમૃદ્ધિ અને આનંદ લાવે.” ઉલ્લેખનીય છે કે, 344,412થી વધુ વસ્તી સાથે કેનેડાના સૌથી ઝડપથી વિકસતા શહેરો પૈકીનું એક વોગન શહેર છે. 1991માં સ્થાપિત વોનમાં કોનકોર્ડ, ક્લીનબર્ગ, મેપલ, થોર્નહિલ અને વુડબ્રિજના સમુદાય વસવાટ કરી રહ્યા છે. આ સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર મ્યુનિસિપાલિટી યોર્ક પ્રદેશ અને ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના મધ્યમાં સ્થિત છે.

# ઓપિનિયન પોલ ખોટા પડ્યા, લિબરલ્સને સુસાન હોલ્ટે બહુમતી અપાવી, બ્લેન હિગ્સે બેઠક ગુમાવી

**ન્યૂ બ્રુન્સવીક**

ન્યૂ બ્રુન્સવિકર્સે પરિવર્તન માટે સંકેત આપ્યો છે. સુસાન હોલ્ટે સોમવારે તેમની લિબરલ ટીમને ચૂંટણીમાં નક્કર બહુમતી અપાવી હતી, જેનાથી છ વર્ષના પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ શાસનનો અંત આવ્યો હતો. પ્રીમિયર બ્લેન હિગ્સ પણ પરિવર્તનની ભરતીમાં તેમની બેઠક ગુમાવી બેસે છે.

આખરી ટેલી લિબરલ્સ માટે 31, પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ્સ માટે 16 અને ગ્રીન્સ માટે બે બેઠકો છે, જેમાં ગ્રીન પાર્ટીના નેતા ડેવિડ કુન હોલ્ટે ન્યૂ બ્રુન્સવિક ઈતિહાસમાં પ્રીમિયરની નોકરી જીતનાર પ્રથમ મહિલા છે. પ્રીમિયર-નિયુક્તી પછી તેણીએ જણાવ્યું હતું કે, “અમે નીચલા લેવલ સુધી નાણાકીય જવાબદારીથી કામ કરીશું. અમે જરૂરી સેવાઓમાં રોકાણ કરીશું, જેમ કે હેલ્થકેર અને શિક્ષણ અને ઘરે કૉલ કરવા માટે પોસાય તેવી જગ્યાએ રોકાણ કરીશું.



ન્યુ બ્રુન્સવીકમાં છ વર્ષના પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ શાસનનો અંત આવ્યો, ડેવિડ કુન હોલ્ટે ન્યૂ બ્રુન્સવિકમાં આરોગ્ય અને શિક્ષણ માટે કામ કરવાનું વચન આપ્યું

જ્યારે મતદાન બંધ થયાની મિનિટોમાં પરિણામો આવવાનું શરૂ થયું, ત્યારે ઓપિનિયન પોલ્સ અનુસાર જે નજીકની રેસમાં દેખાતો હતો, તે ટૂંક સમયમાં સ્પષ્ટ થયો હતો. સવારે 9:15 વાગ્યા સુધીમાં, હિગ્સ હાર સ્વીકારવા માટે ક્વિસ્પેમસિસમાં તેમના મુખ્યમથક ખાતે પોડિયમ પર ગયા હતા. તેણે કહ્યું કે, તે જે રાતની અમને આશા હતી તે આ નથી. હિગ્સે કહ્યું કે તે પાર્ટીના નેતા તરીકે રહે તે અસંભવ છે. પીસીની ખોટમાં પાંચ કેબિનેટ પ્રધાનો હતા, ફ્રેડરિકટન નોર્થમાં જીલ ગ્રીન, મોન્કટન સાઉથમાં ગ્રેગ ટર્નર, રોથેસેમાં ટેડ ફ્લેમિંગ, મોન્કટન નોર્થવેસ્ટમાં અર્ની સ્ટીવ્સ અને મિરામીચી બે-નેગુઆકમાં રેજેન સેવોઈ. ફ્રેડરિકટનમાં કુનના ચૂંટણીના ભાષણમાં તેમણે લિબરલ પેટ ફિનિગન સામે કેવિન આર્સેનોની હારનો સ્વીકાર કર્યો હતો. તેમણે પક્ષનું નિર્માણ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે કહ્યું હતુ કે, અમે જાણીએ છીએ કે બ્લેન હિગ્સ હવે આ પ્રાંતના પ્રીમિયર નથી,

## Happy Diwali

# SRI RADHA KRISHNA TEMPLE

1960 ELLESMERE ROAD UNIT 9 SCARBOROUGH
ON M1H 2V9
Tel: 416-431-3311 email: srkt2000@gmail.com
www.sriradhakrishnatemple.ca

## TEMPLE PROGRAM

-: TEMPLE HOURS :-

• MONDAY TO SUNDAY 9 AM TO 1 PM • EVENING : 5 PM TO 8 PM




-: MONDAY :-

10 AM TO 11 AM : SHIV ARADHANAAARTI 11 AM
EVENING : 6.15 TO 7 PM : SHIV ARADHANA
7 PM TO 7.45 : GAYATRI & MAHAMRITUNJAYA HAVAN
8PM AARTI FOLLOWED BY PREETI BHOJAN



- : TUESDAY :-

10 AM TO 11 AM : HANUMAN CHALISA,
AMRITVANI PAATHAARTI 11 AM
EVENING : 6 PM TO 7 PM : AMRITVANI PATH/ HANUMAN
CHALISA AARTI 7 PM




-: WEDNESDAY TO SATURDAY :-

10 AM AMRITVANI PATH AARTI 11 AM
EVENING : 6 PM AMRITVANI PAATH HANUMAN CHALISA 7 PM AARTI

-: SUNDAY :-

6 PM TO 7 PM BHAJAN RAMAYAN PAATH AARTI FOLLOWED
BY PREETI BHOJAN.

1 ST SATURDAY OF THE MONTH
GAYATRI HAVAN BY GAYATRI PARIVAR OF CANADA
3 PM TO 6 PM GAYATRI HAVAN AARTI FOLLOWED BY PREETIBHOJAN

2ND SATURDAY OF THE MONTH
6 PM TO 8 PM : SRI SUNDERKAND PAATH 8 PM AARTI
FOLLOWED BY PREETI BHOJAN



## પુષ્પા 2ની નવી રિલીઝ ડેટની જાહેરાત

અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા 2 : ધ રૂલ’ની નવી રિલીઝ ડેટ સામે આવી ગઈ છે. અલ્લુ અર્જુને ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને નવી રિલીઝ ડેટનો ખુલાસો કર્યો છે. ફિલ્મની રિલીઝ ડેટ બદલીને નિર્માતાઓએ જંગી કમાણી કરવાની યોજના ઘડી છે. ફિલ્મ 6 ડિસેમ્બર એટલે કે શુક્રવારે રિલીઝ થઈ હોત તો તેને વીકએન્ડ પહેલાનો એક દિવસ જ મળ્યો હોત. જો કે હવે આ ફિલ્મ શુક્રવારને બદલે 5 ડિસેમ્બરે, ગુરુવારે રિલીઝ થશે. જેના કારણે વીકેન્ડ સુનામીના 2 દિવસ પહેલા જ બમ્પર કમાણી શરૂ થઈ ગઈ હશે.



## ગજની ટૂ ફિલ્મનું હિંદી અને તમિલનું શૂટિંગ સમાંતર થશે



મુંબઈ : આમિર ખાન ‘ગજની ટૂ’માં કામ કરી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હવે નવું અપડેટ એ છે કે આ ફિલ્મ હિંદી અને તમિલમાં એકસાથે જ બનવાની છે. હિંદીમાં આમિર ખાન મુખ્ય ભૂમિકા ભજવશે જ્યારે તમિલમાં સૂર્યાનો મેઈન રોલ હશે. કોઈ ફિલ્મ એકબીજાની રીમેક ન લાગે અને એક ભાષાના દર્શકો અન્ય ભાષાનું ડબ વર્ઝન જોઈ લે પછી સરખામણી કરે કે ફિલ્મ બાબતે નવીનતા ન રહે તેવું ટાળવા માટે આ નિર્ણય લેવાયો છે. આમિર ખાન અને સૂર્યા બંને આ શરતે જ આ ફિલ્મ માટે સંમત થયાનું કહેવાય છે. ‘દ્રશ્યમ’ ફિલ્મના કિસ્સામાં દરેક ફ્રેન્ચાઈઝી મલયાલમમાં પહેલાં બને છે અને હિંદીમાં બાદમાં રજૂ થાય છે. અનેક ચાહકો અગાઉથી જ મલયાલમ વર્ઝન જોઈ ચૂક્યા હોય છે આથી હિંદી વર્ઝન માટે તેમને ઉત્કંઠા રહેતી નથી . હાલ બોલીવૂડ અને સાઉથની અનેક ફિલ્મો એકસાથે અનેક ભાષામાં બને છે.

## ‘લગ્ન લાંબા સમય સુધી ટકતા નથી...’ નિમરત કૌરે અભિષેક બચ્ચનને શું કહ્યું?



હાલમાં નિમરત કૌર કોઈને કોઈ કારણોસર ચર્ચામાં છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે નિમરત કૌરના કારણે અભિષેક અને ઐશ્વર્યા રાયના લગ્ન જીવનમાં અણબનાવ શરૂ થયા છે. આ બધા વચ્ચે લગ્નને લઈને નિમરતનું એક જૂનું નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. ‘દસવી’ના પ્રમોશન માટે મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં અભિષેક બચ્ચને કહ્યું હતું કે તેના લગ્નને તાજેતરમાં 15 વર્ષ પૂરા થયા છે અને આ બોલ્યા પછી અભિષેક અને એન્કરે કહ્યું ‘ટચવુડ’. આ સાંભળીને નિમરત એવી કોમેન્ટ કરે છે કે અભિષેક પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. નિમરત કૌરે કહ્યું કે ‘લગ્ન લાંબો સમય ટકતા નથી,’ તે કહે છે અને હસે છે. જુનિયર બચ્ચન તેને ‘થેન્ક યુ’ કહે છે અને બંને હસવા લાગે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિષેક બચ્ચને નિમરત કૌરની સામે તેની પત્ની ઐશ્વર્યાના વખાણ કર્યા હતા. અભિષેકે કહ્યું હતું કે, ‘મારી પત્ની આ મામલે એક્સ્ટ્રા ઓર્ડિનરી છે. તેનો હંમેશા મારા માટે સપોર્ટ રહ્યો છે. હું ખૂબ નસીબદાર રહ્યો છું, મારો આખો પરિવાર નસીબદાર રહ્યો છે. ઐશ્વર્યા જેવી લાઈફ પાર્ટનર મેળવવાની સૌથી સારી વાત એ છે કે તે એક જ બિઝનેસમાંથી છે. તે સમજી ગઈ છે, તે આ કામ મારા કરતા થોડા વહેલા કરી રહી છે.



## પ્રિયંકા ચોપડા હિન્દી ડાયલોગ્સ મિસ કરે છે

બોલિવૂડની ગ્લેમર ગર્લ પ્રિયંકા ચોપડા તાજેતરમાં ભારતની મુલાકાતે આવી હતી. અહીં પ્રિયંકાએ પોતાના ફેમિલીની સાથે સમય પસાર કર્યો હતો અને ઘણા પ્રસંગોમાં ભાગ લીધો હતો. પ્રિયંકા હવે હોલિવૂડમાં ફિલ્મો અને સિરીઝમાં નજરે આવી રહી છે. લાંબા સમયથી પ્રિયંકા ચોપડા બોલિવૂડની ફિલ્મો નથી કરી. જેથી તાજેતરમાં તેને જણાવ્યું કે, હિન્દી ડાયલોગ્સને ખૂબ યાદ કરે છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો કે, હવે તે ક્યારે હિંદી ફિલ્મોમાં નજર આવી શકે છે. પ્રિયંકા ચોપડા બોલિવૂડ અને હોલિવૂડના કામ કરવાની રીત અંગે પણ ખુલીને વાત કરી હતી. પ્રિયંકા ચોપડાએ કહ્યું હતું કે ‘દરેક દેશ અલગ છે અને તેમની પોતાની સાંસ્કૃતિક રીતો અને વસ્તુઓ છે. બોલિવૂડ અને હોલિવૂડમાં મોટો તફાવત એ છે કે હોલિવૂડમાં ઘણી બધી પેપરવર્ક છે. 100 ઈ-મેઈલ જે શૂટ પહેલા તમારી પાસે આવશે. આ ખૂબ જ ખાસ છે. હોલિવૂડમાં ઘણી બધી યોજનાઓ સાથે વસ્તુઓ થાય છે. બોલિવૂડમાં હવે ઘણું વધારે ‘જુગાડ’ છે. અમે થોડા રોમેન્ટિક છીએ. અમારી પાસે બહુ ‘જુગાડ’ છે અને અમે કામ કરાવીએ છીએ. અમે તેના વિશે થોડા રોમેન્ટિક છીએ જેમ કે ‘તે થશે, અમે તે કરીશું’, તેથી તે વસ્તુઓ કરવાની ખૂબ જ અલગ રીત છે. પ્રિયંકા ચોપડાએ કહ્યું કે ‘અમેરિકા આવ્યા પછી તે હિન્દી ડાયલોગ્સ મિસ કરે છે. અહીં સંવાદો અંગ્રેજીમાં છે. જ્યારે મને ડબ કરવાની તક મળે છે ત્યારે તે ખૂબ સરસ લાગે છે. હું હિન્દી ફિલ્મ કરવા તૈયાર છું. મને સારી સ્ક્રિપ્ટ મળતાં જ હું કામ કરવા માંગીશ.


DIWALI SPECIAL SALE FROM THIS WEEKEND

FROM OCTOBER 25, FRIDAY TO NOVEMBER 3 SUNDAY.

સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

KINTWEAR UK FASHIONWEAR

U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ



ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૨૫ ઓક્ટોબર થી ૩ નવેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે

- All new shipment of ladies cardigan in many colors and styles.
- Selected Cardigan Deals 4 for 100, 3 for 110
- Many other cardigan available in different prices.

CARDIGAN PRICES STARTS FROM 20 DOLLARS AND UP

Visit The Store This Weekend .

સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514


HAPPY
Diwali
May the
Divine Light of Diwali
Spread into your Life Peace,
Prosperity, Happiness
and Good Health
EYECONE
OPTICAL
EYE GLASSES • CONTACT LENSES • SUN GLASSES
416-299-1472
5633 Finch Ave. East, Unit # 1,
Scarborough, ON M1B 5K9
416-299-1533
6055 Steeles Ave. E., Suite C-101
(Yellow Building) Toronto, ON M1X 0A7


Happy Diwali
May the beauty of Diwali fill
your world And your heart
and may the love that is Always
yours, bring you endless joy.
Paresh Peshva
Broker
416-302-4531
$AVE MAX
Achievers Realty
REALTOR
MLS
MULTIPLE LISTING SERVICE

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner

**Motel For Sale : Coming up**
16 Room – Near London
21 Room – in Muskoka Area
17 Room – Sault Ste Marie

**78 Room Hotel Ramada by Wyndham – Near Kingston - $6.99 Million**
Sold Conditional

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, library, gift shop, party room, execellent seasonal business from the tour buses

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down Payment Are Ready to CLOSE the Deal ASAP

**35 Room Motel - $3.5 Million**
Hwy 11, Northern Ontario

**11 Room Motel - $749,000**
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, Easy One Man Operation
2 Hrs from North Bay

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

**Motel Jobs Avaiable**
Housekeeping and all general work,
Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100



# SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

- SPOUSAL SPONSORSHIP/FAMILY SPONSORSHIP
- H & C BASED PR APPLICATION SPECIALIST
- WORK PERMIT/STUDY PERMIT/VISITOR/ SUPERVISA
- DO YOU KNOW YOU CAN BE ELIGIBLE FOR FOREIGN GRADUATE ENTREPRENEUR STREAM WITH 50K INVESTMENT

**15+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST**



**AMI MEHTA**
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

**CONTACT TODAY TO KNOW MORE**

**OCI પાસપોર્ટ બનાવી આપવામાં આવશે તથા તત્કાલ પાસપોર્ટ રિન્યુ કરી આપવામાં આવશે.**

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911


Let's celebrate
the festival in the true
sense by spreading joy and
light up the world of others.
Have a happy, safe and blessed
Diwali!
સ્વદેશ પરિવાર
Manoj Gandhi
Editor & Publisher
Ramesh Vyash
Director & Publisher
Nilesh Tailor
Director - Marketing
Paresh Peshwa
Director - Marketing



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, હોમાત્મક લઘુરુદ્ર, ગણેશયોગ, ચાંડાલયોગ, મૂળ નક્ષત્ર, આશ્લેષા, જેષ્ઠા, નક્ષત્રોની શાંતિ અને દરેક પ્રકારના હવન તથા પૂજા વિધી કરાવનાર, જન્માક્ષર જોવડાવવા તથા નવા બનાવવા માટે મળો

# શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી

**આણંદ (બોરસદ) ગુજરાતવાળા (ઈટોબીકોક - ટોરોન્ટો)**

## કેનેડા ટોરંટોનાં સમય મૂજબ શાસ્ત્રોક્ત અને સચોટ મૂહૂર્ત



## ધનવંતરી ત્રયોદશી (ધનતેરસ) તા. ૨૯-૧૦-૨૦૨૪ મંગળવાર

કાર્તિક કૃષ્ણ પક્ષ ધનવંતરી ત્રયોદશી (૧૩) (તેરસ) તા.૨૮-૨૯-૧૦-૨૦૨૪ ને સોમવારે શાસ્ત્રોક્ત પ્રમાણે કૃષ્ણ પક્ષ-૧૩ (તેરસ) મધ્ય રાત્રીએ ૧૨-૦૨ પ્રારંભ થઈને તા.૨૯-૩૦-૧૦-૨૦૨૪ ને મધ્યરાત્રી ૨-૪૬ A.M. સુધી રહેશે. ત્યાર પછી (રૂપ ચૌદસ) (કાળી ચૌદશ) પ્રારંભ થઈ જશે.

### ધનવંતરી પૂજા - લક્ષ્મી પૂજા, ધનદાયક્ષીણી પૂજા ૨૯-૧૦-૨૦૨૪ (મંગળવાર) મૂહૂર્ત

લાભ : 10-44 A.M. to 12-02 P.M.
અમૃત : 12-02 P.M. to 13-19 P.M.
શુભ : 14-36 P.M. to 15-34 P.M.
લાભ : 18-54 P.M. to 20-37 P.M.
શુભ : 22-19 P.M. to 00-02 A.M.
અમૃત : 00-02 A..M. to 1-45 A.M.

### સ્થિર લગન મૂહૂર્ત

| | |
|---|---|
| સ્થિર વૃશ્ચિક લગ્ન | : 08-27 A.M. to 10-55 A.M. |
| અભિજીત વિજયકાળ મૂહૂર્ત | : 12-40 P.M. to 01-22 P.M |
| પ્રદોશ કાળ | : 17-11 P.M. to 18-59 P.M. |
| સ્થિર વૃષભ લગ્ન | : 17-53 P.M. to 19-39 P.M. |
| સ્થિર સિંહ લગ્ન | : 00-33 A.M. to 03-10 A.M. |

## રૂપ ચૌદસ (કાળી ચૌદસ) તા. ૩૦-૧૦-૨૦૨૪ (બુધવાર)

તા. ૩૦-૧૦-૨૦૨૪ બુધવાર શાસ્ત્રોક્ત પ્રમાણે કેનેડા ટોરેન્ટો ટાઈમ અનુસાર કાર્તિક કૃષ્ણપક્ષ રૂપ ચૌદસ (કાળી ચૌદસ) તા.૨૯-૩૦-૧૦-૨૦૨૪ ને મધ્યરાત્રીએ ૨-૪૬ A.M. મીનીટથી પ્રારંભ થઈને તા. ૩૧-૧૦-૨૦૨૪ ગુરૂવારની પ્રાતઃ કાળ સવારે ૫-૨૪ A.M. મીનીટ સુધી રહેશે. ત્યારબાદ અમવસ્યા એટલે કે દિપાવલી પ્રારંભ થઈ જશે.

### રૂપ ચૌદસ (કાલી ચૌદસ ૧૪) તા. ૩૦-૧૦-૨૦૨૪ (બુધવાર) (હનુમાન સાધના ભૈરવ સાધના કાલીતંત્ર વિદ્યા મૂહૂર્ત)

લાભ : 06-53 A.M. to 08-10 A.M.
અમૃત : 08-10 A.M. to 09-27 A.M.
શુભ : 10-44 A.M. to 12-01 P.M.
લાભ : 15-51 P.M. to 17-10 P.M.
શુભ : 18-53 P.M. to 20-36 P.M.
અમૃત : 20-36 P.M. to 22-19 P.M.
લાભ : 03-28 A.M. to 05-11 A.M.

### સ્થિર લગ્ન મૂહૂર્ત

| | |
|---|---|
| સ્થિર વૃશ્ચિક લગ્ન | : 08-23 A.M. to 10-51 A.M. |
| અભિજીત/કાળ વિજયકાળ | : 11-40 A.M. to 12-21 P.M |
| પ્રદોશ કાળ | : 17-10 P.M. to 18-58 P.M. |
| વૃષભ સ્થિર લગ્ન | : 17-49 P.M. to 19-35 íP.M. |
| સ્થિર સિંહ લગ્ન | : 00-30 A.M. to 03-67 A.M. |

## દિપાવલી લક્ષ્મીપૂજા/કુબેરપુજા

## તા. ૩૧-૧૦-૨૦૨૪ (ગુરૂવાર)

તા.૩૧-૧૦-૨૦૨૪ ને કાર્તિક કૃષ્ણ પક્ષ અમાવસ્યા (દિપાવલી) ગુરૂવારે પ્રાતઃકાળ સવારે ૫-૨૪ A.M. પ્રારંભ થઈને બીજે દિવસે કાર્તિક કૃષ્ણ પક્ષ (અમાવસ્યા) શુક્રવારે પ્રાતઃ સવારે ૭-૪૮ A.M. સુધી દિપાવલી રહેશે. ત્યારબાદ પતિપ્રદા (એકમ) પ્રારંભ થશે.

શુભ : 06-45 A.M. to 08-11 A.M
લાભ : 12-01 P.M. to 13-18 P.M.
અમૃત : 13.18 P.M. to 14-35 P.M.
શુભ : 15-52 P.M. to17-08 P.M.
અમૃત : 17-08 .P.M. to 18-52 P.M
લાભ : 00-02 A.M. to 01-46 A.M
શુભ: 03-29 A.M. to 05-12 A.M.

### સ્થિર લગ્ન મુહૂર્ત

| | | | |
|---|---|---|---|
| સ્થિર વૃશ્ચિક લગ્ન | : 08-19 A.M. to 10-47 A.M. | પ્રદોષ કાળ મૂહૂર્ત | : 17-08 P.M. to 18-58 P.M. |
| અભિજીત વિજયકાળ મૂહૂર્ત | : 11-34 A.M. to 12-14 P.M. | સ્થિર વૃષભ લગ્ન | : 17-46 P.M. to 19-31 P.M. |
| સ્થિર કુંભ લગ્ન | : 14-14 P.M. to 15-22 P.M. | સ્થિર સિંહ લગ્ન | : 00-26 A.M. to 03-03 A.M. |

**મોબાઈલ : 647-770-5984 ETOBICOKE**

**E-mail : trivedi_ss@yahoo.com**


Happy Diwali & Prosperous New Year
Saathi4U.COM
Matrimonial Platform
Discover Your Perfect Match!
Most Trusted Online & Offline Matrimony
Personalized Matchmaking
Compatibility Assessments
FREE Astrology & Kundli Matching
100% Verified Profile
Contact Us
+1 (437) 328-0272
+91-99791-75911
(Canada, India, USA)
499-Main street south, Brampton